# પ્રજ્ઞા

## (પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન)

## નૂતન શૈક્ષણિક અભિગમ

### પ્રજ્ઞા ગીત

બનીએ પ્રજ્ઞાવાન
આપણે બનીએ પ્રજ્ઞાવાન
પ્રજ્ઞા દ્વારા આપણા સૌનું
વિકસતું રહે જ્ઞાન.... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

હમીમળીને શીખીએ સૌએ
અસહાય ના કોઈ...
સૌ સંગાથે વધીએ આગળ
એ જ ખરું અનુષ્ઠાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

સોનુ-ચાંદી-રૂપિયા-સત્તા
અઢળક હોય ભલે ને...
જેની પાસે શિક્ષણ સાચું
એ જ ખરાં ધનવાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

જીવન સાર્થક બનતું એનું
ધ્યેય છે જેની પાસે...
દ્રઢ નિશ્ચયથી વધતાં આગળ
એ જ ખરાં બળવાન... (૨)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

- પ્રકાશ પરમાર

આ સાહિત્ય સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે. જેના સ્પેશિફિકેશન નીચે મુજબ છે.

સાઈઝ : 8.5 x 11, ટુ સેન્ટરપીન
ટાઈટલ : 210 GSM BALLARPUR ART PAPER
ઈનરપેજ : 80 GSM ANDHRA MAPLITHO

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# પ્રજ્ઞા






# પ્રારંભિક તજજ્ઞ તાલીમ




શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન
સેક્ટર-૧૭, ગાંધીનગર

**પ્રેરણા**

**શ્રી મુકેશ કુમાર (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, એસએસએ અને
કમિશનર ઓફ સ્કૂલ, પ્રાથમિક શિક્ષણ અને
મધ્યાહ્ન ભોજન - ગુજરાત

**શ્રી એ.એમ. શર્મા (GAS)**
એડિ. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સર્વ શિક્ષા અભિયાન, ગુજરાત

**માર્ગદર્શન**

**દિનેશભાઈ દેસાઈ**
કન્વીનર,
ક્વોલિટી એન્હાન્સમેન્ટ સેલ,
સર્વ શિક્ષા અભિયાન, ગુજરાત

**હરેશભાઈ ચૌધરી**
અભ્યાસક્રમ કો-ઓર્ડિનેટર,
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

**ડો. સંજયભાઈ ત્રિવેદી**
રિસર્ચ એસોસિયેટ,
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

**સંકલન**

**પિયુષભાઈ સુથાર**
પેડાગોજી કો-ઓર્ડિનેટર,
ક્યૂઈસેલ, એસએસએ

**પ્રકાશચંદ્ર સુથાર**
પેડાગોજી કો-ઓર્ડિનેટર,
ક્યૂઈસેલ, એસએસએ

**લેખન**

**પ્રજ્ઞા સ્ટેટ કોરટીમ-ગુજરાત**

| | | |
|---|---|---|
| ડો. ભીખુભાઈ વેગડા | કેતનભાઈ વ્યાસ | નટવરસિંહ પરમાર |
| મહેન્દ્રભાઈ મકવાણા | પરેશભાઈ દલસાણીયા | રાધાબેન યાદવ |
| નીતાબેન ઉપાધ્યાય | રણછોડજી જાડેજા | અશોકભાઈ પરમાર |
| નરેશભાઈ જોષી | રેવાભાઈ પ્રજાપતિ | નિલેશભાઈ નાથાણી |
| દિલીપભાઈ નાચી | હિતેશભાઈ નાયક | હર્ષવર્ધનસિંહ જાડેજા |
| અલ્કેશભાઈ છાયા | ધર્મેશભાઈ રામાનુજ | સુચિતભાઈ પ્રજાપતિ |
| ભાવેશભાઈ પંડ્યા | રાકેશભાઈ પટેલ | નિલેશભાઈ પંડ્યા |
| હરજીભાઈ પ્રજાપતિ | વૈદહીબેન સોની | સંજયભાઈ પટેલ |
| જયેશભાઈ પટેલ | પ્રણવભાઈ સુથાર | મેહૂલભાઈ સુથાર |


# પ્રજ્ઞા તાલીમ - DVD

## અનુક્રમ


### ભાગ-૧ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)

૧. સમૂહકાર્ય... ગુજરાતી કાવ્યગાન
૨. સમૂહકાર્ય... ગુજરાતી વાર્તાકથન
૩. સમૂહકાર્ય... ગુજરાતી શ્રુતલેખન
૪. સમૂહકાર્ય... ગુજરાતી શ્રુતલેખન-અનુકાર્ય
૫. સમૂહકાર્ય... ગુજરાતી-ગીત અભિનય/સીડીનો ઉપયોગ
૬. સમૂહકાર્ય... ગુજરાતી-રમત
૭. સમૂહકાર્ય... ગણિત-મૌખિક (સરવાળા, ગુણાકાર) લેખન, ચકાસણી અને અનુકાર્ય
૮. ટીએલએમ બોક્સમાં ટીએલએમ
૯. ભૌતિક વ્યવસ્થાપન... રેકમાં ટ્રે
૧૦. ભૌતિક વ્યવસ્થાપન... ટ્રે ઉપર સ્ટીકર
૧૧. ભૌતિક વ્યવસ્થાપન... ટ્રેમાં કાર્ડ ગોઠવણી (સમયાંતરે)
૧૨. ભૌતિક વ્યવસ્થાપન... પોર્ટફોલિયો-પ્રોફાઈલ ગોઠવણ
૧૩. ભૌતિક વ્યવસ્થાપન... ટીએલએમ
૧૪. ભૌતિક વ્યવસ્થાપન... સ્વાધ્યાયપોથી ગોઠવણી
૧૫. શિક્ષકનું જૂથ-૧ અને જૂથ-૨ના કાર્યનું નિયમન
૧૬. શિક્ષક દ્વારા જૂથ-૬માં નિયમન અને મૂલ્યાંકન
૧૭. મૂલ્યાંકન પછી બાળકનું પ્લેસમેન્ટ
૧૮. વિદ્યાર્થીએ કરેલ કાર્યની ચકાસણી આધારે જે તે સંકલ્પના/મુદ્દાનું મૂલ્યાંકન
૧૯. સહપાઠી શિક્ષણકાર્યનું નિદર્શન
૨૦. સાથી મદદનું નિદર્શન
૨૧. પોર્ટફોલિયો અને સીસીઈ
૨૨. વાલી અને બાળક સાથે પોર્ટફોલિયો શેરીંગ
૨૩. પ્રોજેક્ટ/અવલોકન, મુલાકાત સંદર્ભનું બાળકનું કાર્ય
૨૪. શિક્ષકની વ્યક્તિગત નોંધપોથી અને તેમાં થતી પ્રાસંગિક નોંધ
૨૫. સત્ર દરમિયાન અધવચ્ચેથી જતાં બાળકને આપવાની થતી વહીવટી માહિતી
૨૬. રિસેશ પછીના બીજા વિષયમાં કાર્ય કેવી રીતે શરૂ કરવું
૨૭. શિક્ષક જૂથ-૧... બાળકનું વ્યક્તિગત શિક્ષણ
૨૮. શિક્ષક જૂથ-૧... બાળકને ટીએલએમ દ્વારા શિક્ષણ
૨૯. શિક્ષક જૂથ-૧... વેઈટિંગમાં રહેતા બાળકનું સ્વઅધ્યયન કાર્ય
૩૦. શિક્ષક જૂથ-૧... પીઅર લર્નિંગ
૩૧. શિક્ષક જૂથ-૧... શિક્ષકનું સ્લેટ વર્ક
૩૨. શિક્ષક જૂથ-૧... બાળકનું કાર્ડનું કાર્ય પૂર્ણ થયે બીજા ગ્રુપમાં બાળકનું જવું
૩૩. શિક્ષક જૂથ-૧... શિક્ષકના કાર્ય દરમિયાન બીજા અન્ય જૂથમાંથી બાળક આવે ત્યારે
૩૪. શિક્ષક જૂથ-૧... શિક્ષક આવૃત્તિ ઉપયોગ
૩૫. બાળકનું સ્વાધ્યાયપોથીમાંનું કાર્ય
૩૬. શિક્ષક દ્વારા સ્વાધ્યાયપોથી ચકાસણી અને અનુકાર્ય
૩૭. સ્વાધ્યાયપોથી... મોટિવેશન સિમ્બોલ
૩૮. અર્લીરીડરનો ઉપયોગ
૩૯. સપ્તરંગી પ્રવૃત્તિઓનું નિદર્શન (પ્રતિનિધિ રૂપ)
૪૦. સપ્તરંગી ડિસ્પ્લે વર્ક
૪૧. લોકલ રિસોર્સનો ઉપયોગ
૪૨. પૂરક વાચન સામગ્રી પરિચય
૪૩. પૂરક વાચક સામગ્રી ઉપયોગ
૪૪. પ્રારંભિક જૂથ વિભાજન

### ભાગ-૨ બાળ મનોવિજ્ઞાન ૧ થી ૩૭ ક્લિપ્સ

### ભાગ-૩ નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિઓ

### ભાગ-૪ પ્રજ્ઞાગીત : ધોરણ ૧ થી ૪

**ધોરણ-૧ ગુજરાતી**
૧. હું તો સૂઈ ગઈ'તી
૨. ચુન્નુભાઈની નાવ ચાલી
૩. ગરણી રે બાઈ
૪. વહાણ દરિયે
૫. કલબલ કરતા કાબર
૬. નહાય નદીમાં
૭. ટપાલી કેવો જાદુગર
૮. ઉપરણું મજાનું
૯. ભરતપુરનો ભત્રીજો
૧૦. રણમાં તો છે ઢગલો
**ધોરણ-૨ ગુજરાતી**
૧૧. ચકીબેન ચકીબેન
૧૨. આવો મેઘરાજા
૧૩. ભલે અમે બાળક
૧૪. દાદાજી તો દાદાજી
૧૫. એક ઝરણું
૧૬. ચોખ્ખું ઘરનું આંગણું
૧૭. ચપટી વગાડતાં આવડી
૧૮. અચ્ચર આવે
૧૯. ગણ્યા ગણાય નહિ
૨૦. પરોઢિયે પંખી જાગીને
૨૧. ચાંદલા ચમકીને
૨૨. ટમી ગઈ સ્કૂલે
૨૩. ઊગીને પૂર્વમાં
**ધોરણ-૩ ગુજરાતી**
૨૪. પોપટ પાંજરામાં
૨૫. ખાખી બાવો
૨૬. કરો રમકડાં
૨૭. ડુગડુગિયાવાળી
૨૮. સિંહની પરોણાગત
૨૯. ઉખાણાં
**ધોરણ-૪ ગુજરાતી**
૩૦. દરિયાને તીર
૩૧. નાનો-મોટો
૩૨. દુનિયાની અજાયબીઓ
૩૩. ઊંટ કહે
૩૪. ફાગણિયો
**ધોરણ-૧ પર્યાવરણ**
૩૫. ચકીબેન ચકીબેન
૩૬. નાનું નાનું સસલું
૩૭. આવ રે ! વરસાદ
૩૮. એક એક ચિન્ટુનું
૩૯. નાની મારી આંખ
૪૦. ચોખ્ખું ઘરનું આંગણું
૪૧. વાંદરાભાઈએ કર્યો
૪૨. આ અમારી ગાડી
૪૩. શાકવાળી આવી
૪૪. તનમનિયો
૪૫. ઉખાણાં
૪૬. બા વિના મને
૪૭. ચોરી કરવા
૪૮. હળ ચલાવે
૪૯. રૂપિયો પાછી દે
**ધોરણ-૨ પર્યાવરણ**
૫૦. એ એક બિલાડી
૫૧. આ દાતરડું
૫૨. આવો પારેવાં
૫૩. કીડી કરતાં
૫૪. ચાલો જોવા મેળો
૫૫. આપણું આ ગુજરાત
૫૬. હાલો ખેતરીએ
૫૭. વડદાદાની લાંબી
૫૮. ઊગીને પૂર્વમાં
૫૯. આ અમારો દેશ છે
૬૦. રાષ્ટ્રગીત
૬૧. ઉખાણાં
**ધોરણ-૩ પર્યાવરણ**
૬૨. ઝંડાગીત
૬૩. ધરતીને હું
૬૪. ઊંટ કહે
૬૫. ઝાડભાઈ
**ધોરણ-૪ પર્યાવરણ**
૬૬. નકશાની સામે
૬૭. એક વરસની ત્રણ
**ધોરણ-૧ ગણિત**
૬૮. મારું નાક છે એક
૬૯. એક મારી ઢીંગલી
૭૦. એક કબૂતર ચણવા
૭૧. પાંચ-પાંચ ચકલીઓ
૭૨. રવિ પછી તો
૭૩. નાની નિશાળે
૭૪. સસલીબેને સેવ
**ધોરણ-૨ ગણિત**
૭૫. એક મજાનો માળો
૭૬. કારતકમાં દેવદિવાળી

### ભાગ-૫ પ્રજ્ઞા તાલીમ DVD

### ભાગ-૬ પ્રજ્ઞા સાહિત્ય (પ્રજ્ઞા વર્ગમાં ઉપયોગમાં લેવાતા તમામ પ્રિન્ટીંગ સાહિત્યની સોફ્ટ કોપી)

૧. ધોરણ ૧ અને ૨
૨. ધોરણ ૩ અને ૪
} અભ્યાસ કાર્ડ, સ્વ અધ્યયન પોથી, શિક્ષક આવૃત્તિ, લેડર, છાબડી, સ્ટીકર, વિદ્યાર્થી પ્રગતી માપન રજીસ્ટર, વાચન માળા, અર્લીરીડર, સચિત્ર બાળપોથી
૩. તાલીમ સાહિત્ય (શિક્ષક અને તજજ્ઞ મોડ્યુલ)

# પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં સમયાંતરે વિશિષ્ટ અને વિવિધ શૈક્ષણિક પ્રયોગો થઈ રહેલ છે. પ્રજ્ઞા અભિગમ પણ સાતત્યપૂર્ણ શૃંખલા પૈકીનો જ એક અભિગમ છે.

ગુજરાત રાજ્યમાં જૂન-૨૦૧૦થી પ્રજ્ઞા અભિગમનો અમલ થયેલ. જૂન-૨૦૧૪માં ફેઝ-૫ અંતર્ગત અભિગમનો વ્યાપ વિસ્તાર થનાર છે.

પ્રજ્ઞા અભિગમમાં શીખવા-શીખવવાની વિશિષ્ટ પદ્ધતિને કારણે તેના Learning outcomes સારા મળી રહ્યા છે. પ્રજ્ઞા અભિગમના વ્યાપ વિસ્તારની દૃષ્ટિએ તેમાં શિક્ષણકાર્ય કરતાં શિક્ષકોની વિશેષ પ્રકારની સમજ વિકસાવવી અત્યંત જરૂરી બને છે.

આ તાલીમ માર્ગદર્શિકા અંતર્ગત પ્રજ્ઞા અભિગમ અંતર્ગત અધ્યાપનકાર્ય કરતાં શિક્ષકો માટે વર્ગવ્યવહારના અને વર્ગ પ્રબંધનના વિષયો મૂકવામાં આવ્યા છે. તાલીમના વિવિધ આયામો જેવાં કે ચર્ચા, નિદર્શન, લેખન, એક્સપોઝર, જૂથકાર્ય વગેરેને વિવિધ વિષયોમાં આમેજ કરવામાં આવ્યા છે.

તાલીમ દરમિયાન પૂરતાં અવકાશ સાથે તાલીમ માર્ગદર્શિકાના વિષયોની જાણકારી મળશે ત્યારે આશા છે, આગામી વર્ષે પ્રજ્ઞાવર્ગમાં વધુ સજ્જતા સાથે શિક્ષણ કરી શકીશું.

**મુકેશ કુમાર (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર-એસએસએ અને
કમિશનર ઑફ સ્કૂલ, પ્રાથમિક શિક્ષણ અને
મધ્યાહ્ન ભોજન યોજના-ગુજરાત

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | પ્રજ્ઞા અભિગમ | ૩ |
| ૨. | વિદ્યાર્થી કેવી રીતે શીખે છે ? | ૬ |
| ૩. | બાળ મનોવિજ્ઞાન | ૧૦ |
| ૪. | વિદ્યાર્થીકેન્દ્રી અભિગમ | ૧૪ |
| ૫. | શિક્ષક અને વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા | ૧૯ |
| ૬. | જૂથકાર્ય | ૨૧ |
| ૭. | સહપાઠી શિક્ષણ | ૨૪ |
| ૮. | સ્થાનિક સંસાધન અને સામગ્રી | ૨૫ |
| ૯. | પ્રજ્ઞા સાહિત્ય પરિચય અને ગોઠવણ | ૨૭ |
| ૧૦. | પ્રારંભિક જૂથ વિભાજન | ૩૮ |
| ૧૧. | પ્રજ્ઞાવર્ગમાં એક બાળકનું વ્યક્તિગત શિક્ષણ | ૪૨ |
| ૧૨. | મૂલ્યાંકન-અનુકાર્ય અને ઉપચારાત્મક કાર્ય | ૪૪ |
| ૧૩. | લેડર રચના | ૪૭ |
| ૧૪. | માઈલસ્ટોન પરિચય<br>● ગુજરાતી ● હિન્દી<br>● ગણિત ● અંગ્રેજી<br>● પર્યાવરણ | ૫૪-૭૯ |
| ૧૫. | સપ્તરંગી પ્રવૃત્તિઓ : સર્વાંગીણ વિકાસની પ્રવૃત્તિઓ | ૮૦ |
| ૧૬. | પોર્ટફોલિયો-પ્રોફાઈલ | ૮૩ |
| ૧૭. | વિદ્યાર્થી કાર્યનું પ્રદર્શન (ડિસ્પ્લે) | ૮૭ |
| ૧૮. | ભૂમિકા, શિક્ષક, આચાર્ય CRC-CO, BRP પ્રજ્ઞા BRC-CO | ૯૦ |
| ૧૯. | કોમ્યુનિટી મોબિલાઈઝેશન | ૯૩ |
| ૨૦. | ● FAQS | ૯૪ |




**આ સિમ્બોલ DVD ના ઉપયોગ માટેનો છે. જ્યાં-જ્યાં તેનો નિર્દેશ થયેલ હોય ત્યાં તે ભાગ દર્શાવવો.**

# પ્રજ્ઞા અભિગમ

વર્ગખંડમાં કાર્યરત્ શિક્ષક ઉત્તમ શિક્ષણકાર્ય માટે કટિબદ્ધ હોય છે. તેઓના શિક્ષણ દરમ્યાનના અનુભવોને આધારે વર્ગમાં બહેતર સ્થિતિ માટે તેઓનું ચિંતન સતત ચાલતું હોય છે.

અહીં હાલના ધો.૧ અને ૨ના વર્ગમાં થઈ રહેલી બાબતોની સાપેક્ષમાં ધોરણ-૧ અને ૨માં શું હોવું જોઈએ તે અંગેની ચર્ચા તાલીમ દરમિયાન યોજવાની છે.

પ્રશ્નોનું વાંચન થાય- તેના ઉત્તરો નોંધાય, તે ઉપરાંત પ્રશ્નને સમજાવવા પેટા પ્રશ્નો દ્વારા વર્ગખંડમાં દ્વિપક્ષીય ચર્ચા અને બ્રેઇન સ્ટોર્મિંગ થાય તેવી અપેક્ષા છે.

- શિક્ષક તાલીમ મૉડ્યુલ પ્રકરણ-૧ પ્રજ્ઞા અભિગમની પ્રસ્તાવના વિશે ટૂંકમાં ચર્ચા કરો. ત્યારબાદ પ્રશ્નોની ચર્ચા કરવી.

**પ્રશ્ન-૧ દરેક બાળકને શીખવવા માટે પૂરતો સમય આપી શકાય છે ?**

- પેટા પ્રશ્નો (૧) 'શીખવવામાં માટે પૂરતો સમય' એટલે શું ?
  (૨) વર્ગ શિક્ષક દરેક બાળક માટે આ સમય કેમ ફાળવી શકતા નથી ?
- ચર્ચાને અંતે - દરેક બાળકને શીખવવા માટે પૂરતો સમય અપાવવો જોઈએ.

**પ્રશ્ન-૨ વર્ગમાં ગેરહાજર રહેતા બાળક માટે પૂરક શિક્ષણની વ્યવસ્થા છે ?**

- પેટા પ્રશ્નો (૧) બાળક કયા-કયા કારણોસર ગેરહાજર રહે છે ?
  (૨) બાળકની ગેરહાજરી દરમિયાન વર્ગખંડમાં શિક્ષણકાર્ય આગળ વધતું હોય છે કે નહીં ?
  (૩) પૂરક શિક્ષણની જરૂરિયાત શા માટે ?
  - દા.ત. વર્ગમાં સંખ્યાજ્ઞાનના શિક્ષણ વખતે બાળક ગેરહાજર રહ્યો. વર્ગમાં તે પછી સરવાળાનું પ્રકરણ પણ શરૂ થયું. ત્યારે બાળક માટે પૂરક શિક્ષણની જરૂરિયાત ઊભી થાય છે.
- ચર્ચાને અંતે - વર્ગમાં ગેરહાજર રહેતા બાળક માટે પૂરક શિક્ષણની વ્યવસ્થા જરૂરી છે.

**પ્રશ્ન-૩ શિક્ષકની મદદ વગર વર્ગમાં જૂથ-પ્રવૃત્તિ કરાવી શકાય ?**

- પેટા પ્રશ્નો (૧) હાલમાં જૂથ-પ્રવૃત્તિમાં શિક્ષકની મદદ કેમ જરૂરી છે ?
- ચર્ચાને અંતે - શિક્ષકની મદદ વગર વર્ગમાં જૂથ-પ્રવૃત્તિ થઈ શકવી જોઈએ.

**પ્રશ્ન-૪ રસ-રૂચિ મુજબની પ્રવૃત્તિ માટે બાળકની વ્યક્તિગત પસંદગીને અવકાશ છે ?**

- પેટા પ્રશ્નો (૧) હાલમાં કેવી-કેવી પ્રવૃત્તિઓ વર્ગમાં થઈ રહેલ છે ?
  (૨) બાળકની રસ-રૂચિ જાણી શકાઈ છે ?
  (૩) પ્રવૃત્તિની પસંદગી હાલમાં કોણ કરે છે ?
- ચર્ચાને અંતે - રસરૂચિ મુજબની પ્રવૃત્તિ માટે બાળકની વ્યક્તિગત પસંદગીને અવકાશ મળવો જોઈએ.

**પ્રશ્ન-૫ શૈ. સાધનોનો દરેક બાળક વ્યક્તિગત રીતે જરૂરિયાતના સમયે ઉપયોગ કરી શકે છે ?**

- પેટા પ્રશ્નો (૧) હાલમાં શૈ.સાધનોનો ઉપયોગ શિક્ષક અને બાળક પૈકી કોણ વધુ કરી રહ્યું છે ?
  (૨) શૈ.સાધનોના વ્યક્તિગત ઉપયોગની કેમ જરૂરિયાત છે ?
  (૩) જરૂરિયાતના સમય ઉપયોગ એટલે શું ?
- ચર્ચાને અંતે - શૈ. સાધનોનો દરેક બાળક વ્યક્તિગત રીતે જરૂરિયાતના સમયે ઉપયોગ કરી શકતો હોવો જોઈએ.

**પ્રશ્ન-૬ વર્ગમાં શીખવેલ વિષયવસ્તુ એક જ સમયે દરેક બાળક શીખી જાય છે ?**

- પેટા પ્રશ્નો(૧) દરેક બાળક એક જ સમયે શીખવેલું વિષયવસ્તુ કેમ શીખી શકતો નહીં હોય ?
- ચર્ચાને અંતે - વર્ગમાં શીખવેલ વિષયવસ્તુ એ જ સમયે દરેક બાળક શીખી જ જાય તે સંભવ ન પણ હોય. તે શીખે તેમ કરવું જોઈએ.

**પ્રશ્ન-૭ હાલની વર્ગ શિક્ષણ પદ્ધતિમાં રોજે-રોજ દરેક બાળકનું મૂલ્યાંકન કરી શકાય છે ?**

- પેટા પ્રશ્નો(૧) રોજે-રોજ મૂલ્યાંકન કરવું એટલે શું ?
  (૨) રોજે-રોજ (સતત) મૂલ્યાંકન શા માટે જરૂરી છે ?
- ચર્ચાને અંતે - બાળકનું સતત મૂલ્યાંકન થવું જોઈએ.

**પ્રશ્ન-૮ એક જ પદ્ધતિએ શીખવવાથી દરેક બાળકને આવડી જાય છે ?**

- પેટા પ્રશ્નો(૧) દરેક બાળક માટે જુદી-જુદી પદ્ધતિનો ઉપયોગ થવાની વર્ગમાં કેટલી શક્યતાઓ ?
  (૨) જુદી-જુદી પદ્ધતિઓના ઉપયોગની શા માટે જરૂરિયાત છે ?
  (૩) એક જ પદ્ધતિ શીખવવાથી દરેક બાળકને કેમ ન આવડે ?
- ચર્ચાને અંતે - બાળક માટે એકથી વધુ પદ્ધતિઓ પ્રયોજાવી જોઈએ.

**પ્રશ્ન-૯ વર્ગમાં વિશેષ જરૂરિયાતવાળા બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન અપાય છે ?**

- પેટા પ્રશ્નો(૧) વર્ગમાં કેવી-કેવી ભિન્નતા ધરાવતા બાળકો હોય છે ?
  (૨) વિશેષ જરૂરિયાતવાળા બાળકો કોને-કોને ગણશો ?
  (૩) વિશેષ જરૂરિયાતવાળા બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન એટલે શું ?
- ચર્ચાને અંતે - વર્ગમાં વિશેષ જરૂરિયાતવાળા બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન અપાવું જોઈએ.

**પ્રશ્ન-૧૦ વર્ગમાં રોજેરોજ દરેક બાળકની સિદ્ધિને પ્રોત્સાહિત કરવાની તક છે ?**

- પેટા પ્રશ્નો(૧) બાળકને રોજેરોજ કઈ-કઈ બાબતોમાં પ્રોત્સાહિત કરવાની જરૂર હોય છે.
  (૨) બાળકની સિદ્ધિ એટલે શું ?
- ચર્ચાને અંતે - વર્ગમાં રોજે રોજ દરેક બાળકની સિદ્ધિને પ્રોત્સાહિત કરવી જોઈએ.

**પ્રશ્ન-૧૧ ઝડપી શીખી જનાર બાળક અન્ય બાળકને તેનાં શૈક્ષણિક કાર્યમાં મદદ કરે છે ?**

- પેટા પ્રશ્નો (૧) ઝડપી શીખી જનાર બાળક કોને ગણશો ?
  (૨) તે બાળકની અન્ય બાળકને મદદ એટલે શું ?
  (૩) હાલમાં તેવી મદદ થતી જોવા મળે છે ?
- ચર્ચાને અંતે - ઝડપી શીખી જનાર બાળક અન્ય બાળકને તેનાં શૈક્ષણિક કાર્યમાં મદદ કરે તેમ થવું જોઈએ.

**પ્રશ્ન-૧૨ બહુવિધ પ્રતિભા ધરાવતા બાળકને સ્વતંત્ર રીતે વિકસવાની તક છે ?**

- પેટા પ્રશ્નો (૧) વર્ગમાં કેવી-કેવી પ્રતિભા ધરાવતા બાળકો જોવા મળે છે ?
  (૨) સ્વતંત્ર રીતે વિકસવાની તક પૂરી પાડવી એટલે શું ?
- ચર્ચાને અંતે - વર્ગમાં બહુવિધ પ્રતિભા ધરાવતા બાળકને સ્વતંત્ર રીતે વિકસવાની તક અપાવી જોઈએ.

**પ્રશ્ન-૧૩ દરેક બાળક પોતે હાલમાં કયા તબક્કે છે તે જાતે સમજી શકે છે ?**

- પેટાપ્રશ્ન (૧) બાળકને પોતે કયા તબક્કે છે તે જણાવવાની શા માટે જરૂરિયાત છે ?
  (૨) બાળક પોતાના હાલના તબક્કાની જાણકારી હોવી શા માટે જરૂરી છે ?
- ચર્ચાને અંતે - દરેક બાળક પોતે હાલમાં કયા તબક્કે છે તે સમજી શકે તે જરૂરી છે.

**પ્રશ્ન-૧૪ બાળકમાં રહી જતી કચાશની પૂર્તતા કરવાનો અવકાશ છે ?**

- પેટા પ્રશ્નો (૧) બાળકમાં શીખવવાના તબક્કે કઈ-કઈ કચાશ રહી જવા સંભવ છે ?
  (૨) બાળકમાં રહી જતી કચાશની પૂર્તતા કરવાની શા માટે જરૂરિયાત છે ?
- ચર્ચાને અંતે - વર્ગ શિક્ષણ દરમિયાન બાળકોમાં કચાશ રહેવા સંભવ છે. બાળકોની રહી જતી કચાશની પૂર્તતા કરવાનો વર્ગમાં અવકાશ મળવો જરૂરી છે.

**પ્રશ્ન-૧૫ બાળકને દફતરના ભારમાંથી મુક્ત કરાવી શકાય છે ?**

- પેટા પ્રશ્નો (૧) દફતરમાં ભૌતિક ઉપરાંત કેવો-કેવો શૈક્ષણિક ભાર હોવો સંભવ છે. ?
  (૨) બંને પ્રકારના ભારમાંથી શા માટે મુક્તિ જરૂરી છે ?
- ચર્ચાને અંતે - બાળકને શૈક્ષણિક અને ભૌતિક બંને પ્રકારના ભારમાંથી મુક્ત કરાવવો જરૂરી છે.

**પ્રશ્ન-૧૬ કા.પા.ની મદદ વગર શિક્ષણકાર્ય શક્ય છે ?**

- પેટા પ્રશ્નો (૧) કાળા પાટિયાની વર્ગમાં ક્યારે-ક્યારે જરૂરિયાત રહે છે ?
  (૨) બાળકોને વ્યક્તિગત શિક્ષણકાર્ય કરાવવાનું થાય તો કાળા પાટિયાની વર્ગમાં કેટલી જરૂરિયાત રહે ?
- ચર્ચાને અંતે - કા.પા.ની મદદ વગર પણ શિક્ષણકાર્ય શક્ય છે.

સમગ્ર ચર્ચાને અંતે, શિક્ષક મૉડ્યુલમાં મુકાયેલ - ‘‘તમારા વર્ગમાં તમે કેવા બદલાવ ઈચ્છો છો ?’’ - તે અંગે નોંધ કરાવવી.

# વિદ્યાર્થી કેવી રીતે શીખે છે ?

વિદ્યાર્થી શિક્ષક દ્વારા શીખવાતી વિવિધ પદ્ધતિ-પ્રયુક્તિઓ ઉપરાંત વર્ગખંડમાં અન્ય બાબતોથી પણ સતત શીખતો રહે છે અહીં વિદ્યાર્થી કેવી રીતે શીખે છે ? તે અંગે મુકાયેલ બાબતોની પ્રવૃત્તિ તાલીમાર્થીઓને કરાવવાની રહેશે. તાલીમાર્થીઓ પ્રવૃત્તિને અંતે વિદ્યાર્થી કઈ રીતે શીખે છે - તે બાબતના નિષ્કર્ષ ઉપર આવે અને તે જાણે તે જરૂરી છે.

- વિદ્યાર્થી કેવી રીતે શીખે છે ? - તે અંગે શિક્ષક મૉડ્યુલમાં મુકાયેલ પ્રસ્તાવનાની ટૂંકમાં ચર્ચા યોજો.

**પ્રવૃત્તિ - ૧    શાળામાં આવતાં પહેલાં બાળક શું-શું શીખીને આવે છે ?**

**પ્રવૃત્તિ રીત :** બ્લેક બોર્ડમાં ઘડો  દોરો, તાલીમાર્થીઓ પાસેથી બાળક શું-શું શીખીને આવે છે તેના ઉત્તર મેળવો. દરેક ઉત્તર માટે ઘડામાં એક-એક ★ દોરતાં જાઓ.

દા.ત. બાળક પરિવારના સભ્યોને ઓળખે છે.  તાલીમાર્થીઓના ઉત્તરોને આધારે ઘડો ભરાઈ જશે. જેના આધારે નક્કી થશે કે - બાળક કોરી સ્લેટ કે ઘડો નથી. શાળામાં આવતાં પહેલાં એ ઘણી બધી બાબતો શીખીને આવે છે. તાલીમાર્થી મૉડ્યુલમાં ચર્ચાને અંતે નોંધ કરાવવી.

**પ્રવૃત્તિ-૨  પંચેન્દ્રિયો દ્વારા**

(૧) હિમેશ રેશમિયા, મુકેશ કે કિશોરકુમાર પૈકી તમને યાદ હોય તેમના કોઈપણ એકગીતની એક પંક્તિ બોલો.

- આ ગીત પંક્તિ તમને કેવી રીતે યાદ છે ?

→ ગીત પંક્તિઓ સાંભળવાથી યાદ રહી જાય છે. (કોઈ તાલીમાર્થી વાંચીને, જોઈને યાદ રહી તેમ ઉત્તર આપે તો તેમનો જવાબ સ્વીકારવો)

(૨) તમે જોયેલા કોઈ અકસ્માત વિશે પાંચ-સાત વાક્યો બોલો.

- આ અકસ્માત વિશે તમને કેમ યાદ છે ?

→ કારણ જોયેલી વસ્તુ યાદ રહી જાય છે.

(૩) તમને સુંઘાડવામાં આવતી વસ્તુઓ ઓળખો.

- તાલીમાર્થી માત્ર સૂંઘીને કહી શકે તેવી રીતે વરીયાળી, ડમરો, જીરૂ, રાઈ, મીઠો લીમડો તેમને જુદી-જુદી કોથળીમાં મૂકીને આપો.
- પ્રશ્ન. આ વસ્તુ પૈકી તમને કઈ-કઈ વસ્તુની સુગંધ યાદ છે ?

→ નાક દ્વારા પણ વસ્તુને ઓળખી શકાય છે.

(૪) તાલીમાર્થીઓ પૈકી ત્રણ તાલીમાર્થીઓને આંખે પાટા બાંધો. તે પૈકી એક ફટકડી, બીજાને મીઠું ત્રીજાને ખાંડ આપી ચાખવા કહો.

(૫) શિયાળામાં સ્વેટર અને ઉનાળામાં પંખાની જરૂરિયાત કયા સંવેદી અંગ દ્વારા અનુભવી શકાય ?

→ ચામડી દ્વારા.

- **પ્રવૃત્તિ-૨ના અંતે...**

આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એમ પંચેન્દ્રિયો દ્વારા પણ વિવિધ વસ્તુ ઓળખી શકાય છે.

## પ્રવૃત્તિ-૩ સસલા અને કાચબાની વાર્તા.

- સસલા અને કાચબાએ સ્પર્ધા યોજી. મંદિરના પગથિયા પાસે વહેલા કોણ પહોંચે તે નક્કી કરવાનું હતું. - સ્પર્ધા શરૂ થતાં સસલાએ દોડવાનું શરૂ કર્યું. કાચબો ધીમે ધીમે ચાલ્યો - કાચબાને ધીમે-ધીમે ચાલતો જોઈ સસલાએ આરામ કરવાનું વિચાર્યું. આરામ કરતાં કરતાં સસલો સુઈ ગયો કાચબો લક્ષ્ય સુધી પહોંચી ગયો- વિજય બન્યો.
- કાચબાની જીતથી સસલો બેચેન હતો. બીજી વાર સ્પર્ધા ગોઠવી. - સસલાએ ન હારવાનું નક્કી કર્યું - કાચબાને જીતનો આત્મવિશ્વાસ હતો - સ્પર્ધા શરૂ થઈ- સસલાએ ઝડપથી દોડી લક્ષ્ય સુધી પહોંચી સ્પર્ધા જીતી લીધી.
- સસલાને હરાવવા કાચબાએ ત્રીજી વખત સ્પર્ધા યોજી - કાચબાએ પોતે જીતી શકે તેવો રસ્તો નક્કી કર્યો - સ્પર્ધા શરૂ થઈ - સસલો ઝડપથી દોડ્યો પણ વચ્ચે નદી આવતા તે ઊભો રહી ગયો - કાચબો ધીમે ધીમે પહોંચ્યો - નદી આવી તરીને પેલે પાર થઈ લક્ષ્ય મેળવ્યું - ત્રીજીવાર કાચબાની જીત થઈ.
- બે વખત કાચબો, એક વખત સસલો જીત્યો - બંનેએ નક્કી કર્યું - હવે કોઈ સ્પર્ધા નહીં - જ્યાં દોડવાનું આવશે ત્યાં સસલાની પીઠ પર કાચબો બેસશે- જ્યાં તરવાનું આવશે ત્યાં કાચબાની પીઠ પર સસલો બેસશે- બંને એકબીજાની શક્તિનો ઉપયોગ કરીને સ્પર્ધામાં જીતશે. કોઈ જ હારશે નહીં.



The moral of the story?

*Fast and consistent will always beat the slow and steady.* If you have two people in your organization, one slow, methodical and reliable, and the other fast and still reliable at what he does, the fast and reliable chap will consistently climb the organizational ladder faster than the slow, methodical chap.

*It's good to be slow and steady; but it's better to be fast and reliable.*

But the story doesn't end here …













The moral of the story?

*First identify your core competency and then change the playing field to suit your core competency.*

In an organization, if you are a good speaker, make sure you create opportunities to give presentations that enable the senior management to notice you.

If your strength is analysis, make sure you do some sort of research, make a report and send it upstairs.

*Working to your strengths will not only get you noticed, but will also create opportunities for growth and advancement.*

The story still hasn't ended …
















The moral of the story?

*It's good to be individually brilliant and to have strong core competencies; but unless you're able to work in a team and harness each other's core competencies, you'll always perform below par because there will always be situations at which you'll do poorly and someone else does well.*

*Teamwork is mainly about situational leadership, letting the person with the relevant core competency for a situation take leadership.*

There are more lessons to be learnt from this story.

Note that neither the hare nor the tortoise gave up after failures. The hare decided to work harder and put in more effort after his failure. The tortoise changed his strategy because he was already working as hard as he could.

*In life, when faced with failure, sometimes it is appropriate to work harder and put in more effort. Sometimes it is appropriate to change strategy and try something different. And sometimes it is appropriate to do both.*

The hare and the tortoise also learnt another vital lesson. *When we stop competing against a rival and instead start competing against the situation, we perform far better.*

To sum up, the story of the hare and tortoise teaches us many things:

- *Never give up when faced with failure*
- *Fast and consistent will always beat slow and steady*
- *Work to your competencies*
- *Compete against the situation, not against a rival.*
- *Pooling resources and working as a team will always beat individual performers*

***Let's go and build stronger teams!***

## પ્રવૃત્તિ-૪ વર્તુળનો પરિધ સૂત્ર અને સાધન વડે શોધવો.

ગણિતમાં સૂત્ર દ્વારા અને સાધન (TLM) દ્વારા દાખલ ગણી શકાય છે. સૂત્રથી ગોખણપટ્ટીનો અવકાશ રહે છે. સાધન વડે પ્રેક્ટિકલ કરવાથી સંકલ્પના યાદ રહી જાય છે. આ ઉદ્દેશ્ય સાથે વર્તુળના પરિધને સૂત્ર અને સાધન વડે શોધવવો.

- વર્તુળના પરિધને સૂત્ર વડે શોધવો. (અહીં 7 સેમીની ત્રિજ્યા ધરાવતું વર્તુળ લેવું)

વર્તુળો પરિધ $= 2\pi r$

$= 2 \times \frac{22}{7} \times \frac{7}{1}$ = 44 સેમી

- વર્તુળના પરિધને સાધન વડે શોધવો

(સાધનો-થર્મોકોલ અથવા પુઠ્ઠુ, ટાંકણીઓ, દોરી)



- થર્મોકોલ અથવા પૂંઠા પર ૭ સેમી ત્રિજ્યા ધરાવતું વર્તુળ દોરો.
- વર્તુળની બહારની ધાર પર ખૂબ જ નજીક-નજીકના અંતરે ટાંકણીઓ લગાડો.
- કોઈપણ એક ટાંકણીથી દોરી બાંધી આખા વર્તુળ ફરતે દોરી લંબાવો.
- જે ટાંકણીથી દોરી શરૂ કરી હતી તે જ ટાંકણી પર દોરીના બીજા છેડાને ભરાવો.
- હવે વર્તુળ ફરતે રોકાયેલ દોરીને ફૂટપટ્ટી વડે માપો.
- દોરીની લંબાઈ ૪૪ સેમી થશે.

- **પ્રવૃત્તિને અંતે....**

વિદ્યાર્થી સાધન-સામગ્રીની મદદ વડે પણ શીખે છે.

- **સમાપન -**

વિદ્યાર્થી અનુભવ દ્વારા, અનુકરણથી, સહપાઠી દ્વારા, ઇન્દ્રિયો દ્વારા, સાધન-સામગ્રી દ્વારા, હરીફાઈ દ્વારા - વગેરે બાબતોથી શીખે છે.

# બાળમનોવિજ્ઞાન

વર્ગખંડમાં કાર્યરત શિક્ષક બાળમાનસને ઓળખે તે અત્યંત જરૂરી છે. 'તારે જમીં પર' ફિલ્મમાં બાળમનોવિજ્ઞાનને ધ્યાને રાખી અદ્ભુત ફિલ્માંકન થયું છે. ફિલ્મની કેટલીક બાબતો નિહાળી બાળ મનોવિજ્ઞાન શું છે ? તેને સમજવાની શા માટે જરૂરિયાત છે તે જાણી શકાશે.

ફિલ્મના નાના-નાના ભાગો થકી ચર્ચા યોજી શિક્ષક વર્ગખંડમાં બાળ મનોવિજ્ઞાનને સમજી શિક્ષણકાર્ય / વર્ગવ્યવહાર કરે તે અપેક્ષા છે. ચર્ચા દરમ્યાન ફિલ્મના સ્લોટ / વિષયવસ્તુ કે પ્રશ્નને આધારે ચર્ચા કરવી તેનો ફિલ્મ આધારિત જવાબ મળે તે અપેક્ષા નથી પરંતુ તેમાં રહેલ બાળમનોવિજ્ઞાન કયાં છે તે નોંધાવો.

| ક્લીપ ક્રમ | ફિલ્મ સ્લોટ/વિષયવસ્તુ/પ્રશ્ન (ભાગ-૨) | બાળમનોવિજ્ઞાન |
|---|---|---|
| ૧. | - રસ્તામાંથી મળેલ વસ્તુને કેમ નીરખે છે ?<br>- પોતાની કાપડની કોથળીમાં કેમ મૂકી દે છે ? | - બાળકોને નવી વસ્તુ જોવાની સંગ્રહ કરવાની ટેવ હોય છે. |
| ૨. | - પોતાના ઘરે પહોંચતા મમ્મીએ હાથ-પગ ધોવાનું કહ્યું, છતાં તે ફ્રીજ ઉપરના માછલીપોટ પાસે કેમ દોડી જાય છે ? | - ગમતી બાબત હંમેશા પહેલા કરે છે. |
| ૩. | - મા પૂછે છે, એક્ઝામ પેપર મળવાના હતા, તેણે કેમ જવાબ ના આપ્યો ? | - પોતાની ન ગમતી બાબતોમાં બાળક હંમેશા રસ લેતાં નથી. |
| ૪. | - કૂતરાના ભસવાનો અવાજ આવતાં જ એ બહાર કેમ જાય છે ? | - જેમાં વધુ આત્મિયતા લાગે ત્યાં બાળકનો વધુ જોક હોય છે. |
| ૫. | - ક્રિકેટ રમતી વખતે બૉલ બીજા તરફ નંખાઈ જતાં મિત્ર અપશબ્દો બોલે છે. તે કેમ ઝઘડી પડે છે ? | - ઘરમાં અને બહાર બધા તેની જોડે અસામાન્ય વર્તન કરે છે ત્યારે તે આવું વર્તન કરે છે. |
| ૬. | - ફૂલ-છોડના કૂંડા કેમ તોડી નાંખે છે ? | - પોતાની સાથેના અન્યાયનો પ્રતિકાર કરી તે ગુસ્સો વ્યક્ત કરતાં હોય છે. |
| ૭. | - પતંગ જોઈને રડવું કેમ બંધ થયું ? | - ગમતી વસ્તુ મળતાં તે તુરંત આઘાતમાંથી બહાર નીકળી શકે છે. |
| ૮. | - ઝઘડામાં પિતા પોતાનો જ વાંક કાઢે છે ત્યારે તે ઘરમાં મિત્ર જોડે ફરી વાર કેમ ઝઘડે છે ? | - બાળકને પોતાને સમજ્યા વગર તેને જ ગુનેગાર કોઈ બનાવે તો તે લઘુમતીભાવ અનુભવે છે. તેનો પ્રતિચાર તેઓ આપે છે. |
| ૯. | - તેના પપ્પા બેગ લઈને જાય છે ત્યારે તેઓને જવાનું કારણ કેમ પુછે છે ? | - આગળની ઘટના (ઝઘડાની)ની અસર ચાલુ છે કે પતી ગઈ છે તે તે તપાસે છે. |

| | | |
|---|---|---|
| ૧૦. | - માતા-પિતાની લાઈફ સ્ટાઈલ ધમાલભરી બની છે. ઈશાનની લાઈફ સ્ટાઈલમાં કેમ બદલાવ નથી આવ્યો ? | - બાળસહજ પ્રક્રિયા છે. હજુ બાળપણ વીતી રહ્યું છે ત્યારે મસ્તી, આરામ, જવાબદારી ન હોવી એ સ્વાભાવિક છે. |
| ૧૧. | - શાળાના પ્રાર્થના સંમેલનમાં બાળકો આંખો ખોલીને કેમ જોયા કરે છે ? | - બાળકોનું મન ચંચળ હોય છે. એકાગ્રતાની અપેક્ષા રાખવી વધુ પડતી છે. |
| ૧૨. | - બૂટ-પૉલિસ નથી કર્યાં ત્યારે શિક્ષક લાઈનમાંથી બહાર કાઢે છે. ઈશાન કેમ ધીમે-ધીમે ચાલે છે ? | - બાળકને કોઈ ગુનેગાર સાબિત કરે છે ત્યારે તે અપરાધી ભાવ અનુભવે છે. |
| ૧૩. | - વર્ગખંડમાં શિક્ષિકા પેરેગ્રાફમાં જોવાની સૂચના આપે છે. તેનું ધ્યાન ત્યાં હોવાને બદલે ખાબોચિયામાં કેમ ધ્યાન આપે છે ? | - બાળકને બે વિકલ્પો પસંદ કરવાના હોય ત્યારે તે પોતાને ગમતો હોય તેવો જ વિકલ્પ પસંદ કરે છે. |
| ૧૪. | - વાંચનમાં ભૂલો પડતાં ઈશાનને વર્ગ બહાર કાઢવામાં આવે છે. શિક્ષક આમ કેમ કરે છે ? | - નાની-મોટી સજાથી બાળકોને ડરાવી શકાય છે. એવા મોટેરાઓના ખ્યાલ હોય છે. |
| ૧૫. | - ઈશાને મેથ્સનું લેસન અને ટેસ્ટપેપર પર સહી કરાવી નથી. તે શા માટે વર્ગ છોડીને ભાગી શકાય છે ? | - સમૂહમાં અપરાધી સાબિત થવું, બધાની હાંસીનું કારણ બનવું બાળકોને પસંદ હોતું નથી. |
| ૧૬. | વર્ગ બહારના દૃશ્યો...<br>- પાલખ પર ચડતો માણસ<br>- બરફનો ગોલો બનાવતો માણસ<br>- JCB મશીન<br>- ઊંચેથી પાણી પીતો માણસ<br>- દરિયાના મોજાં... વગેરે તે રસપૂર્વક કેમ જોવે છે ? | - બાળકના પરિચિત વિશ્વમાં કોઈપણ નવી બાબત આવે તો તે રસપૂર્વક તે જોવે છે. |
| ૧૭. | - ઘરે આંગળી વડે રંગોનું મિશ્રણ બનાવી રંગ પૂરે છે. બરફના ગોલા અને આંગળી વડે રંગોનું મિશ્રણ એ બંને બાબતમાં શું અનુસંધાન છે ? | - પસંદ પડેલ બાબતનું બાળક અનુકરણ કરી તુરંત તેને વ્યક્ત કરે છે. એક ઘટનાનું બીજી બાબત સાથે અનુસંધાન સાધી શકે છે. |
| ૧૮. | - હોમવર્ક કરાવતી વખતે માતાએ વાપરેલા શબ્દોની શું અસર થાય ? | - બાળક દુઃખી થાય છે. બાળકને તેના સ્તરે જઈ કોઈ સમજીના શકે, શીખવી ના શકે ત્યારે તે લઘુતાગ્રંથી અનુભવે છે. |
| ૧૯. | - રાત્રે સૂતી વખતે શાળામાંથી ભાગી જવાની ઘટના ભાઈને કેમ કહી દે છે ? | - બાળકો નિર્દોષ હોય છે. |
| ૨૦. | - એબસન્ટનોટ બનાવતી વખતે શું કામ બિમાર હોવાનું શિક્ષક આગળ નાટક કરે છે ? | - એક ભૂલને છુપાવવા બીજી વખત પણ તેવું પુનરાવર્તન તે કરતાં હોય છે. |
| ૨૧. | - પોતાની ખોટી ચિઠ્ઠી પકડાતા તે પિતા સામે નજર કેમ મિલાવી શકતો નથી. | - પોતે ગુનો કર્યો છે, તે જાણે છે. ગુનાનું પ્રાયશ્ચિત કરવાની આ એક રીત છે. |

| | | |
|---|---|---|
| ૨૨. | - ચિઠ્ઠી કોણે લખી-તે શા માટે પિતાને કહેતો નથી ? | - પોતે ગુનો કર્યો છે તેની સજા બીજાને ન મળવી જોઈએ તેવી બાળકોને દૃઢ સમજ હોય છે. |
| ૨૩. | - શિક્ષિકા પ્રશ્નપત્ર બતાવતી વખતે કહે છે-''કોણ કહેશે કે તું રોહન અવસ્થીનો ભાઈ છે ?'' ત્યારે તે કેમ દુઃખી થાય છે ? | - એક બાળકને બીજા બાળક સાથેની તુલના દ્વારા તેને નીચો બતાવવો, ઠોઠ સાબિત કરવો તે જરાય પસંદ હોતું નથી. |
| ૨૪. | - માતા, ઈશાન દ્વારા દોરાયેલ ચિત્રની ડાયરી બે-ત્રણ વખત જોવે છે. ઈશાને આ ડાયરી દ્વારા શું સંદેશ આપ્યો ? | - બચપણમાં બાળકને પરિવારની હૂંફ, પ્રેમની સવિશેષ જરૂર હોય છે. સતત ઉપેક્ષાને કારણે બાળક પરિવારમાંથી એટલે જ બહાર જતું રહે છે. |
| ૨૫. | - રાજન દામોદર નામના મિત્રએ પૂછ્યું, ''તું વર્ષની વચ્ચેથી કેમ આવ્યો '' ત્યારે ઈશાને કેમ જવાબ ના આપ્યો ? | - બાળકો પોતાની ઉપેક્ષા થાય ત્યારે તે બાબતને શબ્દોથી વ્યક્ત કરી શકતા નથી. |
| ૨૬. | - વિજ્ઞાન, વ્યાયામ અને અંગ્રેજી શિક્ષકનું શિક્ષણકાર્ય કેમ યોગ્ય નહોતું ? | - બધા બાળકો પોતાની ગતિએ અને સમજ પ્રમાણે શીખતાં હોય છે. |
| ૨૭. | - પુસ્તકો ડસ્ટબીનમાં અને દફતર દીવાલની બહાર ફેંકવાનું દૃશ્ય ઈશાનના મનમાં કેમ સ્ફૂરે છે ? | - શાળા અને વર્ગખંડનો માહોલ તેના સ્વભાવને અનુરૂપ ન હોય ત્યારે બાળક નકારાત્મક વિચારો કરે છે. |
| ૨૮. | - નકુમ સરે ઈશાનનો કાગળ કોરો જોયો. ''કોઈ બાત નહીં, જલદી ભી ક્યા હૈ ?'' આ વાક્યની શું અસર થઈ હશે ? | - પ્રથમ જ વખત બાળકનો આત્મવિશ્વાસ બહાર આવ્યો. જ્યારે કોઈ તેની લાગણી સમજે છે ત્યારે તેનામાં આત્મવિશ્વાસ પેદા થાય છે. |
| ૨૯. | - વર્ગની બહાર ઊભા પગે સજા ભોગવતો ઈશાન, નકુમ સરને કેમ જવાબ નથી આપતો અને દીવાલમાં મોં સંતાડે છે ? | - બાળકો એકના દ્વારા થયેલ ગેરવર્તનનું પુનરાવર્તન અન્ય દ્વારા પણ થશે તેવા ખ્યાલમાં રહે છે. વળી પોતે ગુનેગાર છે તેવો ખ્યાલ અન્યને પણ આવી જશે તે બાબત તેઓને ડરાવે છે. |
| ૩૦. | - ઈશાનના ઘરે નકુમ સર અને તેના માતા-પિતાની ચર્ચામાં શિક્ષક દ્વારા બાળમનોવિજ્ઞાન ક્યાં-ક્યાં પ્રગટ થાય છે ? | - બાળક ચંચળ હોય છે.<br>- તેને હૂંફની જરૂર હોય છે.<br>- તેને તેની પસંદ- નાપસંદની બાબતો કરવા દેવી જોઈએ.<br>- બાળક-બાળક વચ્ચે તુલના ન કરવી.<br>- બાળકને સાંભળવો-સમજવો જરૂરી હોય છે. |
| ૩૧. | - નકુમસર વાર્તામાં આઈન્સ્ટાઇન, ફેડરર, રાઈટબંધુ, લિયોનાર્ડ-ધ-વિન્ચી, અભિષેકના ઉદાહરણોથી ઈશાન | - વિવિધ રચનાત્મક ઉદાહરણોથી બાળકો આત્મવિશ્વાસ વધે છે. 'હું |

| | | |
|---|---|---|
| | ઉપર શું અસર થઈ ? | પણ આ કરી શકીશ' તેવી ભાવના જાગે છે.<br>- પોતે વિશિષ્ટ નથી પણ અન્યોની જેમ જ સામાન્ય છે તેમ માને છે. |
| ૩૨. | - પગથિયાં પરની રમત દ્વારા શિક્ષકે શીખવવાનો જુદો પ્રયાસ કેમ કર્યો ? | - બાળકને એક પદ્ધતિથી ન આવડે તો તેને પસંદ હોય તેવી પદ્ધતિ-પ્રયુક્તિનો ઉપયોગ થવો જોઈએ. |
| ૩૩. | - 'સોલોમન આઈલૅન્ડ'ની વાર્તા દ્વારા નકુમસરે પિતાને શું સંદેશ આપ્યો ? | - બાળકોને ધિક્કારવા ન જોઈએ.<br>સતત ધૃણા અને ધિક્કાર તેના જીવનને નષ્ટ કરે છે. |
| ૩૪. | - શિક્ષકે ચિત્ર સ્પર્ધા શા માટે યોજી ? | - અનેક વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં બાળકોને તેમના રસ-રુચિવાળી પ્રવૃત્તિમાં આગળ વધવાની તક મળવી જોઈએ.<br>- પોતે પણ એક ક્ષેત્રમાં હોંશિયાર છે તે સાબિત કરવાની તક મળવી જરૂરી છે. |
| ૩૫. | - ચિત્ર સ્પર્ધામાં શિક્ષકોને જોડીને નકુમસર શું સાબિત કરવા માંગે છે ? | - વર્ગ બહાર પણ બાળકને પોતાની પ્રતિભા વ્યક્ત કરવાની તક હોય છે.<br>- કેટલીક બાબતોમાં બાળકો મોટેરાંઓ કરતાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં હોય છે. |
| ૩૬. | - પોતાનો નંબર બીજો હોવા છતાં નુકમસર કેમ ખુશ છે ? | - બાળકો મોટરાં કરતાં બળવત્તર સાબિત થાય તો બાળકો અત્યંત મોટીવેટ થાય છે.<br>- પ્રત્યેક બાળકને પ્રોત્સાહન ગમે છે. |
| ૩૭. | - વિદાય વખતે પિતા કરતાં પણ નકુમસરથી જુદાં પડવાનું ઈશાનને કેમ દુઃખ છે ? | - બાળકને જે વ્યક્તિ લગાવ, પ્રેમ, હૂંફ આપે, તેની લાગણીને સમજે તે વ્યક્તિથી તે અલગ થઈ શકતો નથી. |

# વિદ્યાર્થીકેન્દ્રી અભિગમ

વર્ગના કેન્દ્રમાં વિદ્યાર્થી હોય તે જરૂરી છે. તાલીમાર્થી શિક્ષકોને વિવિધ પ્રવૃત્તિઓ અને ચર્ચા દ્વારા વિદ્યાર્થીકેન્દ્રી અભિગમ એટલે શું ? – તે બાબત સ્પષ્ટ થાય, તે આ વિષયનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

**પ્રવૃત્તિ - ૧ બ્લેકબોર્ડ પરનું લખાણ અને બાળકની બેઠક**

બ્લેકબોર્ડ પર નીચે દર્શાવ્યા અનુસાર એક વાક્ય લખો. એક કે બે તાલીમાર્થીઓને બ્લેકબોર્ડ પર લખેલી બાબત દર્શાવેલ અંતરે ડાબે-જમણે બેસાડીને વંચાવો.




બ્લેકબોર્ડ પર લખેલ બાબત વાંચવાના અનુભવો પૂછીને તેમના મૉડ્યુલમાં નોંધાવો.

**પ્રવૃત્તિ - ૨ સાધન પસંદગી**

- બે તાલીમાર્થી પસંદ કરો.
- તેમની પાસે દોરી અને તારમાં મણકાં પરોવડાવો.



- પ્રવૃત્તિને અંતે નક્કી કરાવો કે –
  - દોરીમાં ક્યા મણકા પરોવવા સરળ પડે છે ?
  - ક્યા મણકા દોરીમાં પરોવવા મુશ્કેલ પડે છે ?
  - ક્યા મણકા તારમાં પરોવવા સરળ પડે છે ?
  - તાર અને દોરા પૈકી મણકા પરોવવા કઈ વસ્તુ વધુ ઉપયોગી અને સરળ રહે છે ?

- **ચર્ચાને અંતે....**

વિદ્યાર્થી માટે સાધન પસંદ કરવાનું હોય ત્યારે તેની વયકક્ષાને અનુરૂપ, પ્રમાણમાં મોટું હોવું જરૂરી છે.

## પ્રવૃત્તિ - ૩ ફોન્ટ પસંદગી

અહીં જુદા-જુદા પ્રકારના ફોન્ટ, સાઈઝ અને લીટી વચ્ચેનું અંતર સાથે ચાર પેરેગ્રાફ મૂકેલ છે. તાલીમાર્થીઓ પાસે ચર્ચા કરાવી નક્કી કરો કે બાળકો માટે ક્યુ લખાણ યોગ્ય છે ?

### પેરેગ્રાફ (૧)

લીટી વચ્ચેનું અંતર ૧ પોઈન્ટ

| લખાણ | સાઈઝ |
|---|---|
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૪ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૮ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૦ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૨ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૪ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૬ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૮ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨૦ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨૨ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨૪ |

### પેરેગ્રાફ (૨)

લીટી વચ્ચેનું અંતર ૨ પોઈન્ટ

| લખાણ | સાઈઝ |
|---|---|
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૪ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૮ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૦ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૨ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૪ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૬ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૧૮ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨૦ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨૨ |
| ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે. | ૨૪ |

- નીચે આપેલ ત્રણ ચિત્રો પૈકી વિદ્યાર્થી માટે કયુ ચિત્ર વધુ અસરકારક બની શકે ?



## પ્રવૃત્તિ - ૫ વાંચન સામગ્રીની પસંદગી

એક લાંબા કાગળના પટ્ટા પર નીચેનું વાક્ય લખી તૈયાર રાખો. પ્રવૃત્તિ વખતે વર્ગમાં લાંબા પટ્ટાના એક-એક છેડાને બે વ્યક્તિ પાસે પકડાવો. ત્રીજી વ્યક્તિને પટ્ટાની નજીક બોલાવી વાક્યનું વાંચન કરાવો.

વાક્ય - ગળો, ગરમાળો, અરડૂસી, લીમડો વગેરેને આયુર્વેદમાં વનસ્પતિ તરીકે સ્વીકારીને વર્ષો સુધી ગિરી કંદરાઓમાં રહેતાં આપણા ઋષિમુનિઓના પ્રયોગો અવલોકનો, પૃથક્કરણો અને તારણોના અંતે શ્રેષ્ઠ જડીબુટ્ટીઓ તરીકે ઉપયોગમાં લીધી છે.

| ગળો, ગરમાળો .............................................................. જડીબુટ્ટીમાં તરીકે ઉપયોગમાં લીધી છે. |
|---|

હવે કાગળની નાની-નાની પટ્ટી પર તૈયાર કરેલા ત્રણ વાક્યો વંચાવો.

| | | |
|---|---|---|
| વાક્યો | - | ગળો, ગરમાળો, અરડૂસી, લીમડો વગેરે વનસ્પતિઓ છે. |
| વાક્ય | - | ઋષિમુનિઓએ પ્રયોગો, અવલોકન, પૃથક્કરણ અને તારણ શોધ્યા. |
| વાક્ય | - | અંતે શ્રેષ્ઠ જડીબુટ્ટીઓ તરીકે ઉપયોગમાં લીધી. |

## પ્રવૃત્તિ - ૬ સાહિત્ય નિર્માણ

અહીં શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવેલા ફ્લૅશ કાર્ડના નમૂના આપેલ છે. તે પૈકી ક્યુ ફ્લૅશકાર્ડ ઉત્તમ છે તે ચર્ચા દ્વારા નક્કી કરાવો.



## પ્રવૃત્તિ - ૭ લેખન સામગ્રી પસંદગી

જુદા જુદા પ્રકારની નાની-મોટી પૅન્સિલ, જુદા-જુદા પ્રકારની નાની-મોટી બોલપેન, સ્કેચપેન લઈને ગ્લોસી પેપર, સાદો સફેદ કાગળ, જીલેટીન પેપર, ટ્રેસિંગ પેપર, ધૂંટેલો કાગળ, પૂઁઠુ વગેરે પર થોડું-થોડું લખાણ કરાવો.

તેને આધારે તાલીમાર્થી મૉડ્યુલમાંનો કોઠો પૂર્ણ કરાવી લેખન સામગ્રી કેવી પસંદ કરવી જોઈએ તે નોંધાવો.

## પ્રવૃત્તિ - ૮ વર્ગનું એક ચિત્ર તાલીમાર્થી મૉડ્યુલમાં આપેલ છે વર્ગની બાબતો વિદ્યાર્થી કેન્દ્રી લાગતી હોય ત્યાં ★ કરાવો.

- ચિત્રમાં નીચે મુજબ વિગતો છે.
  - (૧) ખૂબ ઊંચે લગાડેલ TLM
  - (૨) વર્ગમાં બાળકોને બેસવા શેતરંજી
  - (૩) વર્ગમાં મધ્યાહ્ન ભોજનના વાસણો
  - (૪) બ્લેકબોર્ડની બાજુમાં ૩ મોટા કબાટ
  - (૫) શિક્ષકની ખુરશી તેની પાસે ૩ ટેબલ
  - (૬) પંખાના ખુલ્લા વાયર
  - (૭) વર્ગમાં જ પીવાના પાણીની ટાંકી-નળ
  - (૮) વર્ગમાં એક જ બારી

તાલીમાર્થીઓની પ્રવૃત્તિ પછી વર્ગમાં કઈ-કઈ બાબતો વિદ્યાર્થીકેન્દ્રી છે તે નોંધાવો.

# શિક્ષક અને વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા

વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વર્ગ વ્યવહાર ચાલતો હોય છે. સામાન્ય રીતે વર્ગખંડમાં હરોળમાં બાળકો બેઠેલ હોય છે, શિક્ષકનું સ્થાન કાળા પાટિયાની આસપાસ હોય છે.

વિદ્યાર્થી સાથે બેસીને શિક્ષણકાર્ય કરાવવું વધુ અસરકારક હોય છે, તે ઉપરાંત વિવિધ પરિસ્થિતિ પ્રમાણે વિદ્યાર્થીઓને વિવિધ આકારમાં બેસાડવા જરૂરી હોય છે,

**પ્રશ્ન-૧ માં વર્ગના ૪ ચિત્રો મૂકાયેલ છે, જેમાં,**

- વર્ગ-૧માં શિક્ષક ટેબલ પાસે છે, વિદ્યાર્થી હરોળમાં બેઠેલ છે.
- વર્ગ-૨માં શિક્ષક ટેબલ પાસે છે, વિદ્યાર્થીઓ બે વર્તુળમાં બેઠેલા છે.
- વર્ગ-૩માં શિક્ષક નીચે બેઠેલા છે, વિદ્યાર્થીઓ બે વર્તુળમાં બેઠેલા છે.
- વર્ગ-૪માં શિક્ષક અમુક બાળકો સાથેનીચે બેઠેલા છે, વિદ્યાર્થીઓ નાના-નાના જૂથમાં બેસેલા છે.
- ઉપરોક્ત બાબતોને આધારે વિવિધ પરિસ્થિતિઓમાં કયા વર્ગની અસરકારકતા વધુ હોય તેની ચર્ચા યોજવી. (દા.ત. મૂલ્યાંકન માટે હરોળ, જૂથકાર્ય માટે વર્તુળ બેઠક વ્યવસ્થા ઉત્તમ રહે છે.)

**પ્રશ્ન-૨ ચિત્રમાં દેખાતા વર્ગ-૧થી ૩ દરમિયાન મોટેભાગે સમૂહ પ્રવૃત્તિઓ થતી હોય ત્યારે તેવું દશ્ય દેખાય છે. જ્યારે વર્ગ-૪માં બાળકોને નાના-નાના જૂથમાં કે વ્યક્તિગત શિક્ષણકાર્ય વખતે તેવું દશ્ય દેખાય છે.**

**પ્રશ્ન-૩ બે શિક્ષકો પૈકી સ્લેટમાં કાર્ય કરાવતાં શિક્ષકનું કાર્ય અસરકારક બની શકે, કારણ અક્ષર સુધારણામાં તમામ બાળકોના લેખન વખતે વ્યક્તિગત રીતે શિક્ષકનું માર્ગદર્શન મળવું જરૂરી બને છે.**

**પ્રશ્ન-૪ માં મૂકાયેલા કોઠા દ્વારા અધ્યાપન ક્રમમાં મૂકાયેલ બાબતોમાં લાગુ પડતું હોય ત્યાં શિક્ષકની વ્યક્તિગત મદદ, વિદ્યાર્થી દ્વારા વ્યક્તિગત કાર્ય, નાના જૂથમાં શિક્ષણકાર્ય, સમૂહમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ થઈ શકે તે નોંધાવો. તેને અધારે નક્કી થશે કે વર્ગમાં શિક્ષકની વ્યક્તિગત મદદ વધુ વખત જરૂરી હોય છે.**

**પ્રશ્ન-૫ વિદ્યાર્થી સાથે બેસીને શિક્ષણકાર્ય કરાવવાના ફાયદા શું છે ?**

- વિદ્યાર્થીને વ્યક્તિગત શિક્ષણ આપી શકાય.
- વિદ્યાર્થીની ભૂલ સુધારણા કરી શકાય છે.
- દરેક વિદ્યાર્થીની પ્રગતિનું ધ્યાન રહે છે.
- વિદ્યાર્થી શિક્ષક સાથે આત્મિયતા સાથે પોતાની સમસ્યા, શક્તિ દર્શાવી શકે છે.

વિદ્યાર્થીઓ સાથે બેસીને શિક્ષણકાર્ય કરાવતા વર્ગખંડો











**પ્રવૃત્તિ** **૮થી ૧૦ તાલીમાર્થીઓના એક જૂથને પ્રવૃત્તિ કરાવો.**

(૧) જૂથને વર્તુળમાં બેસાડો કોઈ એક સભ્યને કોઈ એક ફોટો/ચિત્ર આપો. દરેક જણ તે ચિત્ર ઉપર બે-બે વાક્ય બોલશે.

(૨) જૂથને 'C' આકારમાં બેસાડો. કોઈએક સભ્યને બીજું ચિત્ર આપો. દરેક જણ તેચિત્ર ઉપર બે-બે વાક્ય બોલશે.

(૩) જૂથને એક જ હરોળમાં બેસાડો. કોઈએક સભ્યને ત્રીજુ ચિત્ર આપો. દરેક જણ તે ચિત્ર ઉપર બે-બે વાક્ય બોલશે.

- **ચર્ચાને અંતે**

  – જૂથ પ્રવૃત્તિમાં વર્તુળ કે અર્ધવર્તુળ બેઠક ઉત્તમ રહે છે.

# જૂથકાર્ય

વર્ગખંડમાં શિક્ષક દ્વારા વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે જૂથકાર્યની તકો અપાવી જોઈએ.

**સૂચના :** તાલીમાર્થીઓની કુલ સંખ્યાના પાંચ-સાત જૂથ બનાવો.

**પ્રવૃત્તિ-૧ જૂથમાં બેસેલા તમામ તાલીમાંર્થીઓને વર્તમાનપત્રનો એક-એક કાગળ આપો. તેમાંથી તેઓને વ્યક્તિગત રીતે કોઈપણ એક કૃતિ(કાગળકામ) નમૂનો તૈયાર કરાવો.**

**પ્રવૃત્તિ-૨ દરેક જૂથને નીચેના વિષયપર ચર્ચા કરી અહેવાલ લેખન કરાવો.**

**વિષય (સૂચિત) :** ‘‘રમતા રમતા ભણીએ કાર્યક્રમનો પ્રજ્ઞા સાથે અનુબંધ’’

**પ્રવૃતિ-૩ જૂથના દરેક સભ્યને એક કાગળ આપો. એ દરેક જૂથમાં જૂથની સંખ્યાના પ્રમાણમાં નીચે દર્શાવ્યા અનુસાર (એ સિવાય સ્થાનિક સ્તરે નક્કી કરેલા) વિષયોની એક એક ચિઠ્ઠી લખી તાલીમાર્થીઓને આપો.**

દરેક જણ પાસે પોતાના વિષય પર લખવાનું સૂચવો. જરૂર જણાય તો તે વિષય ઉપર જૂથના કોઈપણ સભ્યની મદદ લઈ શકાય તેમ કહેવું.

વિષયો :
- ગણિતના પાંચ કોયડાઓ લખો.
- કાગળમાં સુંદર કુદરતી દૃશ્ય બનાવો.
- સર્વશિક્ષા અભિયાન અંતર્ગત શાળાકક્ષાએ ચાલતી-પ્રવૃત્તિઓની નોંધ લખો.
- તમારી શાળામાં VEC ની બેઠક યોજવાની થાય છે- તે માટેનો એજન્ડા તૈયાર કરો.
- ‘‘પાણી’’ ‘‘પૃથ્વી’’ ‘‘સૂર્ય’’ અને ‘‘આકશ’’ ના વધુમાં વધુ પર્યાવવાચી શબ્દ લખો.
- તમને આપેલ કાગળમાંથી કાગળકામ કરી એક સુંદર કૃતિ બનાવો.

**પ્રવૃતિને અંતે... નીચે મુજબ પ્રશ્નોતરી કરી તાલીમાર્થી મોડ્યુલમાં લેખન કરાવો.**

(૧) પ્રવૃત્તિ-૧ માં તમે શું કામ કર્યુ ?

- પ્રવૃત્તિ-૧ માં જૂથમા બેસીને વ્યક્તિગત રીતે એક કૃતિ તૈયાર કરી,

(૨) પ્રવૃત્તિ-૧ માં કરેલ કામગીરીને જૂથકાર્ય કહી શકાય ?

- ના, પ્રવૃત્તિ-૧માં જૂથમાં બેઠક છે તેમ લાગે છે, પરંતુ કરવામાં આવેલ કાર્ય વ્યક્તિગત રીતે થાય છે. તેથી તેને જૂથકાર્ય કહી શકાય નહીં.

(૩) પ્રવૃતિ-૨ માં તમે શું કામ કર્યુ ?

- પ્રવૃત્તિ-૨ માં આખા જૂથે આપેલ વિષય પર ચર્ચા કરી. ચર્ચા દ્વારા વિષયપર અહેવાલ તૈયાર કરવામાં આવ્યો.

(૪) પ્રવૃત્તિ-૨માં થયેલ કાર્યને જૂથકાર્ય કહેવાય ? હા, તો શા માટે ?

- હા, પ્રવૃત્તિ-૨માં થયેલ કાર્યને જૂથકાર્ય કહેવાય. કારણ પ્રવૃત્તિ-૨માં એક જ વિષયપર સમગ્ર જૂથે પોતાનો મત વ્યક્ત કર્યો. અહેવાલ લેખનમાં વધુમાં વધુ inputs ઉમેરી શકાય તે માટે પ્રયાસ કર્યો.

(૫) પ્રવૃત્તિ-૧ અને ૨ માં શું તફાવત છે ?

- પ્રવૃત્તિ-૧ એ વ્યક્તિગતકાર્ય છે. પ્રવૃત્તિ-૨માં જૂથકાર્ય થાય છે.

(૬) પ્રવૃત્તિ-૩માં શું કાર્ય કર્યું ?

- પ્રવૃત્તિ ૩ માં જૂથમાં બેસી મળેલ ચિઠ્ઠી ઉપરના વિષય પર વ્યક્તિગત રીતે લેખનકાર્ય કર્યું. લેખનકાર્ય દરમ્યાન જરૂરીયાતના સંદર્ભમાં સાથીની મદદ લીધી.

(૭) પ્રવૃત્તિ-૨ અને ૩ માં શું તફાવત છે ? કેવી રીતે ?

- પ્રવૃત્તિ-૨ જૂથકાર્ય છે. પ્રવૃત્તિ-૩ માં વ્યક્તિગત કાર્ય કરવાનું થાય છે, પરંતુ તે સહપાઠી શિક્ષણ છે.

(૮) પ્રવૃત્તિ-૩ માં ખાસ શું વિશેષતા દેખાય છે ?

- પ્રવૃત્તિ-૩ માં જૂથમાં બેસીને વ્યક્તિગતકાર્ય કરવાનું થાય છે. પરંતુ જરૂર જણાય ત્યારે સાથીની મદદ લેવાની છે. તેથી તે સહપાઠી શિક્ષણ છે.

★ પ્રશ્નોતરી જૂથકાર્યની બાબત ઉપર સવિશેષ ધ્યાન દોરવું.

★ જૂથકાર્ય માટેના સાત ચિત્રો મૂકેલ છે. દરેક ચિત્ર નીચે આપેલ પ્રશ્નમાં જૂથકાર્ય અગત્યનું છે તે તરફ નિર્દેશ કરવો.





















ભાગ-૧ : ૩૦

## જૂથકાર્ય એટલે...

જયારે કોઈ જૂથ કોઈ એક જ ચોક્કસ મુદ્દા ઉપર પરસ્પર ચર્ચા કરી, પ્રવૃત્તિ કરી પૃથક્કરણ કે અન્ય કોઈ કામગીરી કરી આ મુદ્દા વિશે તારણો કાઢે છે કે શીખે છે. તે જૂથકાર્ય છે.

- જૂથકાર્યમાં ટીમના દરેક સભ્યનું એક જ લક્ષ્ય/હેતુ હોય છે.
- જૂથકાર્યમાં સફળતા-નિષ્ફળતા ટીમના સામૂહિક પ્રયાસની ફળશ્રુતિ હોય છે.
- જૂથકાર્યમાં સભ્યોની સંખ્યા જરૂરિયાત મુજબની હોય છે, જેમાં દરેકને શક્તિ અનુસાર કાર્ય સોંપણી કરવી જોઈએ.
- નિયત થયેલ સમય મર્યાદામાં જૂથના દરેક સભ્યએ કાર્ય કરવું જોઈએ.

# સહપાઠી શિક્ષણ

વર્ગખંડમાં શીખવા-શીખવવાની પ્રક્રિયા દરમ્યાન એક વિદ્યાર્થી બીજાને અને બીજો-પહેલાંને અરસપરસ મદદ કરે તે પ્રક્રિયાને સહપાઠી શિક્ષણ કહે છે.

પ્રજ્ઞાવર્ગમાં સહપાઠી શિક્ષણ માટેની ભરપૂર લોકો રહેલી હોવાથી આ વિષય ઉપર વધુ સ્પષ્ટીકરણ કરવું જરૂરી બનશે.

(૧) જૂથકાર્યના વિષય દરમ્યાન કરેલી પ્રવૃત્તિ-૩ (ચિઠ્ઠીમાં આપેલ વિષય ઉપર લખેલ બાબત) માં મુખ્ય શું વિશેષતા હતી ?
- પ્રવૃત્તિ-૩ સહપાઠી શિક્ષણનું ઉદાહરણ છે. જેમાં સામેલ વિષય પર લેખનકાર્ય કરવાનું હતું, પરંતુ જરૂર જણાય તો સાથીની મદદ લેવાની હતી.

(૨) પ્રવૃત્તિ-૩માં તમારી શું ભૂમિકા હતી ?
- પ્રવૃત્તિ-૩માં વિષય પર લેખનકાર્ય કરવાનું હતું. જરૂર જણાય તો અન્યની મદદ લેવાની હતી. અન્યને મદદની જરૂર હોય તો મદદ કરવાની હતી.

(૩) પ્રવૃત્તિ-૩માં જૂથના અન્ય સભ્યોની શું ભૂમિકા હતી ?
- પ્રવૃતિ-૩માં જૂથના અન્ય સભ્યોએ પણ પોતાની મળેલ વિષય પર લેખન કરવાનું હતું. જરૂર જણાય તો અરસપરસ મદદ લેવાની-આપવાની હતી.

(૪) જૂથકાર્ય વખતે અન્ય સભ્યને મદદ કરી હોય અથવા જરૂરિયાત ક્યારે ઊભી થઈ ?
- જૂથકાર્ય વખતે આપેલ વિષયને આનુસાંગિક બાબતમાં વધુ જાણકારી અથવા સમજ માટે અન્યની મદદની જરૂર ઊભી થઈ.

(૪) જો અન્યને મદદની જરૂર હોય ત્યારે અથવા તમારે મદદની જરૂર હતી ત્યારે મદદથી શું ફાયદો થયો ?
- તે મદદથી વિષય ઉપરનું લેખન વધુ સ્પષ્ટ થઈ શક્યું.
- એકબીજાને કયા-કયા વિષયમાં વધુ જાણકારી છે તે જાણી શકાયું.

(૬) વર્ગખંડમાં સહપાઠી શિક્ષણની તકો શિક્ષક કેવી રીતે પૂરી પાડી શકે ?
- વર્ગમાં જુદી-જુદી શિખવાની ક્ષમતા ધરાવતાં બાળકોનો વર્ગમાં શૈક્ષણિક ઉપયોગ લઈ શકાય.
- બાળકોને વ્યક્તિગત શિક્ષણકાર્ય થતું હોય ત્યારે અન્ય બાળકોને અરસપરસ શૈક્ષણિક કાર્યમાં આગળ વધારી શકાય.

(૭) ગણિત ધોરણ-૨માં સરવાળાના પ્રકરણમાં સહપાઠી શિક્ષણ કેવી રીતે કરાવી શકાય ?
- કોઈપણ એક બે વિદ્યાર્થીને સરવાળાની સંકલ્પના સ્પષ્ટ કરતાં ઉદાહરણ શીખવો.
- તે વિદ્યાર્થીઓને અન્ય વિદ્યાર્થીઓ સાથે સરવાળાના ઉદાહરણ શીખવવા-તપાસવા સોંપવા આપવા.
- સરખી અધ્યયન ક્ષમતામાં શિક્ષણકાર્ય કરતાં વિદ્યાર્થીઓને એક સરખું કામ સોંપીને સહપાઠી શિક્ષણ કરાવી શકાય.

(૮) સહપાઠી શિક્ષણના ફાયદા.
- વિદ્યાર્થી વચ્ચે સમાન કે અસમાન સ્તરે શીખવાની ક્ષમતા ઝડપી બને છે.
- શીખવામાં આગળ જતાં બાળકોની વર્ગમાં મદદ લઈ શકાય છે. ભાગ-૧ : ૧૯
- સહપાઠી શિક્ષણને કારણે નાના-નાના જૂથોમાં શિક્ષણકાર્ય કરાવવામાં સરળતા રહે છે.
- સહપાઠી શિક્ષણ દ્વારા 'બાળકને બધું જ શીખવી દેવાનું નથી, તેને શીખતો કરવાનો છે' તે બાબત સાર્થક બને છે.
- વર્ગખંડમાં માત્ર શિક્ષકકેન્દ્રી પ્રક્રિયાને બદલે વિદ્યાર્થી-વિદ્યાર્થી કેન્દ્રી પ્રક્રિયા થઈ શકે છે.
- વિદ્યાર્થીની પ્રતિભાને સહપાઠી શિક્ષણ દ્વારા પ્રતિપોષણ મળે છે.

# સ્થાનિક સંસાધન અને સામગ્રી

વર્ગખંડમાં શિક્ષણકાર્ય દરમ્યાન શીખવવાની વિવિધ સામગ્રી કે સંસાધનનો ઉપયોગ કરવો જરૂરી બનતો હોય છે. ક્યારેક પાઠ્યપુસ્તકોની ટર્મિનોલોજીને કારણે અત્યંત આદર્શ સ્થિતિમાં સાધન સામગ્રી દર્શાવેલ હોય છે. જેના અભાવમાં ક્યારેક વિદ્યાર્થીઓને શીખવવાની-પ્રક્રિયા અટકી જાય છે. વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરાવતી વખતે શિક્ષક દ્વારા સ્થાનિક સામગ્રી કે સંસાધનનો ઉપયોગ કરવામાં આવે તો તે બાબત ખૂબ જ અસરકારક બનતી હોય છે. અને વિદ્યાર્થી સહજ રીતે ઉપયોગમાં લઈ શકે છે.

આ વિષય દ્વારા તે બાબત સ્પષ્ટ કરવી.

- તાલીમાર્થી મોડ્યુલમાં સ્થાનિક સામગ્રી કે ઉદાહરણ ન હોય તેવી ચાર બાબતો મૂકી છે અહીં તેઓને કઈ કઈ સ્થાનિક સામગ્રી-સંસાધન કે ઉદાહરણ વાપરી શકાય તે વિશે ચર્ચા દ્વારા સમજાવો.

| ક્રમ | દર્શાવેલ બાબત | સ્થાનિક સામગ્રી-સંસાધન કે ઉદાહરણ |
|---|---|---|
| ૧. | એક પીઝાના ૮ પાઉન્ડ હોય તો આવા ૧૫ પીઝા કુલ કેટલા પાઉન્ડ થાય ? | એક રોટલાના ૮ રૂપિયા હોય તો આવા ૧૫ રોટલાના કુલ કેટલા રૂપિયા થાય ? |
| ૨. | મણકા ઘોડી  |  |
| ૩. | પ્રકાશ સીધી લીટીમાં ગતિ કરે છે.  |  |
| ૪. | વાર્તા-એક ગામમાં એક ભાઈને એક યાક હતું. તે તેનો ઉપયોગ ભાર ખેંચવામાં કરતાં હતા.  | એક ગામમાં એક ભાઈને એક ગધેડું હતું. તે તેનો ઉપયોગ ભાર ખેંચવામાં કરતા હતા.  |

**પ્રશ્ન-૧ આપેલ ચાર ઉદાહરણોમાં સ્થાનિક ઉદાહરણ અથવા સામગ્રી વાપરવાથી શું ફાયદો થાય ?**

- સ્થાનિક ઉદાહરણ સામગ્રી-સરળતાથી મળી શકે છે.
- ખર્ચ ઘટે છે.

- દર્શાવેલ સામગ્રી બાળકદીઠ ન પણ હોઈ શકે, જ્યારે સ્થાનિક સામગ્રી હાથવગી હોવાથી દરેક બાળકને આપી શકાય છે.

- NCF-2005 સ્થાનિક સામગ્રીના ઉપયોગનો નિર્દેશ છે. જેનાથી બાળકોને પોતાની સંસ્કૃતિ, બોલી, પહેરવેશ સંદર્ભ પરિચય હોવાથી શીખવાની ગતિમાં વધારો થાય છે

**પ્રશ્ન-૨ નીચે આપેલ બાબતો માટે કઈ-કઈ સ્થાનિક સામગ્રી ઉપયોગમાં લેશો ?** ભાગ-૧ : ૪૧

| ક્રમ | વસ્તુ | સ્થાનિક સામગ્રી |
|---|---|---|
| ૧ | મણકા | લીંબોળી, કચૂકા, સરૂનાં બીયાં |
| ૨ | મીણબતી | દીવો |
| ૩ | બીકર | ગ્લાસ |
| ૪ | ચૂનાનો પાવડર | ઈંટનો ભૂકો અથવા રાખ |
| ૫ | ડિક્શનેરી બનાવટ (તૈયાર શબ્દો) | વર્તમાનપત્ર |
| ૬ | વાર્તાની CD | વાર્તાનું પુસ્તક, વાર્તા કહી શકે તેવી વ્યક્તિ |
| ૭ | સ્ટેથોસ્કોપ | પાતળા વેહવાળી નળી |
| ૮ | પ્રોટીન આપતા પદાર્થો જેવાકે ઈંડુ, કાજુ | સીંગદાણા, દૂધ |
| ૯ | ટ્રેસીંગ પેપર | સફેદ કાગળને તેલવાળો કરવો. |
| ૧૦ | કાર્ડશીટ કાપવા માટે કાતર | પાતળા દોરા વડે કાર્ડશીટ કાપી શકાય. |

**પ્રવૃત્તિ-૧ વર્ગની કુલ સંખ્યાના ચારથી પાંચ જૂથ બનાવો. દરેકને ગુજરાતી વર્તમાનપત્રનું એક-એક પાનું આપો. દરેક જૂથને નીચે મુજબ ટાસ્ક આપો.**

જૂથ-૧ વર્તમાનપત્રમાંથી સરખા મૂળાક્ષરવાળા પાંચ-પાંચ શબ્દ શોધી શબ્દકોશ બનાવો.

જૂથ-૨ ધોરણ-૧ અને ૨ માટે વર્તમાનપત્રને આધારે સરવાળાની રકમો બનાવો

જૂથ-૩ વર્તમાનપત્રમાંથી ગામ કે શહેરના નામ શોધી નકશામાં તે સ્થળો દર્શાવો.

જૂથ-૪ વર્તમાનપત્રમાંથી પાંચ-સાત ફોટા લઈને તેના વિશે જાણતા હોય તેવી બાબતો ઉપર પાંચ-પાંચ વાક્ય લખો.

જૂથ-૫ કોઈપણ પાંચ અંગ્રેજી શબ્દો શોધી તેને આધારે તેને આધારે અંગ્રેજી વાક્યો લખો.

**પ્રવૃત્તિ-૨ રહીમભાઈ ટ્રક ડ્રાઈવર રામપુર ગામમાં રહે છે. રામપુર શાળાના મેરીબહેન તેઓના વર્ગખંડમાં નીચેના વિષયો શીખવવા માટે રહીમભાઈની શું મદદ લઈ શકે ?**

- ગણિતમાં અંતર, વેપાર, વિવિધ વસ્તુના ભાવ, માપન વગેરે બાબતો.
- વિજ્ઞાનમાં મુસાફરી દરમ્યાન કયા-કયા વિજ્ઞાનના સાધનો ઉપયોગમાં આવે છે.
- ભૂગોળમાં ઉદ્યોગો, નકશા પરિચય, હવામાન, ભૂપૃષ્ઠ
- અંગ્રેજીમાં વિવધ બીલ, વિવિધ વસ્તુના બ્રોશર, વાતચીત વગેરે.
- ગુજરાતીમાં પ્રવાસવર્ણન, પ્રવાસમાં ધ્યાને રાખવાની બાબતો વગેરે માટે તેઓની મદદ લઈ શકાય.

# પ્રજ્ઞા સાહિત્ય પરિચય - ગોઠવણ

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત દરેક શાળાને નીચે મુજબ પ્રજ્ઞા સાહિત્ય આપવામાં આવે છે. જેનો ટૂકમાં પરિચય અને ગોઠવણ કેવી રીતે કરવી તે અંગેની સમજ નીચે મુજબ આપવી.

## (૧) અભ્યાસકાર્ડ












- ધોરણ- ૧ થી ૫માં શીખવા માટે અભ્યાસકાર્ડ આપેલ છે.
- દરેક વિષયના કાર્ડને કલર કોડથી અલગ દર્શાવવામાં આવેલ છે. જેમાં ગુજરાતી માટે પીળો, ગણિત માટે વાદળી, પર્યાવરણ માટે લીલો, હિન્દી માટે ગુલાબી અને અંગ્રેજી માટે કેસરી રંગ નિયત કરાયેલ છે.

  (પ્રજ્ઞા વર્ગના તમામ સાહિત્યને વિષય આધારિત કલર કોડથી ઉપર મુજબ અલગ કરવામાં આવેલ છે.)




- દરેક વિષય માટે કાર્ડનો એક જ સેટ યુનિટદીઠ આપવામાં આવે છે.
- કાર્ડને સિમ્બોલ અનુસાર ટ્રેમાં મૂકવામાં આવે છે.

ભાગ-૧ : ૧૧

## (૨) લેડર












- લેડર એટલે નિસરણી. અહીં શીખવાના અભ્યાસકાર્ડને એક ચોક્કસ ક્રમમાં ગોઠવવામાં આવેલ છે.
- લેડરમાં અમુક સિમ્બોલ પછી માઈલસ્ટોનનો સિમ્બોલ મૂકવામાં આવેલ છે.
- ધોરણ-૧-૨ અને ૩-૪ માં ગુજરાતી, ગણિત અને પર્યાવરણ શા માટે એક-એક લેડર આપવામાં આવેલ છે.
- ધોરણ-૫ માં ભાષાઓ (ગુજરાતી હિન્દી અને અંગ્રેજી) માટે એક અને શાસ્ત્રો (ગણિત અને પર્યાવરણ) માટે એક લેડર તૈયાર કરવામાં આવેલ છે.
- લેડરને રેકની બાજુમાં વિદ્યાર્થી સરળતાથી જોઈ શકે તેટલી ઊંચાઇએ લગાડવાની રહે છે.
- યુનિટ શરૂ થયે લેડરચાર્ટ એક જ વખત આપવામાં આવે છે




- દરેક યુનિટ ધો ૧ થી ૪ માં છાબડીનો એક સેટ (ગુજરાતી-૬, ગણિત-૬-પર્યાવરણ-૬) આપવામાં આવે છે.
- છાબડીએ જૂથમાં બેસવા માટેની ઓળખ છે. કાર્ડમાં આપેલ સિમ્બોલને જોઈને છાબડીમાં બેસી પોતાનું કાર્ય કરવાનું રહે છે.
- છાબડી ક્લૉકવાઈઝ અથવા એન્ટી ક્લૉકવાઈઝ વર્ગની દિવાલ પર વિદ્યાર્થી સરળતાથી જોઈ શકે તેમ લગાડવાની રહે છે.
- ધોરણ ૫ માં ભાષા (હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી) તથા શાસ્ત્રો (ગણિત અને પર્યાવરણ) માટે સમાન છાબડી તૈયાર કરવામાં આવેલ છે. જેમાં યુનિટદીઠ એક સેટ (ભાષા-૬ નંગ, શાસ્ત્ર-૬ નંગ) આપવામાં આવે છે.
- યુનિટ શરૂ થયે છાબડી એક જ વાર આપવામાં આવે છે.





## (૪) વર્કબુક (સ્વઅધ્યયનપોથી)

- પ્રજ્ઞાવર્ગમાં વિદ્યાર્થીદીઠ દરેક વિષયની વર્કબુક આપવામાં આવે છે.
- અભ્યાસકાર્ડ પૈકી જે કાર્ડમાં (પેન્સિલ) નું સિમ્બોલ આવે તે કાર્ડ માટે વિદ્યાર્થીએ વર્કબુકનો ઉપયોગ કરવાનો રહે છે.
- વર્કબુક વર્ગખંડમાં જ ઉપયોગમાં લેવાની રહેશે.
- વર્ગમાં બે ટૂકડી હોવાથી બંને ટૂકડીનો બાળકોની વર્કબુક અલગ-અલગ રાખવી.
- વર્કબુક રેકની ઉપર અથવા વિદ્યાર્થી સરળતાથી લઈ શકે ત્યાં મૂકવી.

ભાગ-૧ : ૧૪






## (૫) સચિત્ર બાળપોથી

- સચિત્ર બાળપોથી ધોરણ-૧ અને ૨ માટેના ગુજરાતી વિષય માટે આપવામાં આવે છે.
- યુનિટદીઠ ૩ નંગ આપવામાં આવે છે.
- તે એક જ વાર આપવામાં આવે છે.

ભાગ-૧ : ૪૨, ૪૩




## (૬) અર્લીરીડર

- ગુજરાતી વિષય માટે ધોરણ-૧ અને ૨ માં કુલ-૧૯ પુસ્તીકાઓનો એક સેટ આપવામાં આવેલ છે.
- જેમાં ભાષાના વિકાસ ક્રમને માટે તેને અનુરૂપ વાંચન કરાવવાના ઉદ્દેશ્યથી તેની રચના થયેલ છે.
- તે યુનિટશરૂ થયે એક જ વાર આપવામાં આવે છે.

ભાગ-૧ : ૩૮






## (૭) બારાક્ષરી કાર્ડ સેટ

- ગુજરાતી વિષયમાં ધોરણ-૧ અને ૨માં ઉપયોગમાં લઈ શકાય તે હેતુ બારાક્ષરી કાર્ડના ૩ સેટ યુનિટ દીઠ આપવામાં આવેલ છે.
- યુનિટ શરૂ થયે એક જ વાર આપવામાં આવે છે.




## (૮) પ્રગતિમાપન રજીસ્ટર

- વર્ગમાં વિદ્યાર્થીની અભ્યાસકાર્ડ આધારિત પ્રગતિની નોંધ કરવા માટે પ્રગતિમાપન રજીસ્ટર વિષયદીઠ અને ધોરણ દીઠ આપવામાં આવેલ છે.
- પ્રગતિમાપન રજીસ્ટરમાં હાજરીપત્રકમાં દર્શાવ્યાનુસાર ટુકડી-૧ અને ટુકડી-૨ ના વિદ્યાર્થીઓના નામ લખવાના રહે છે.
- પ્રગતિમાપન રજીસ્ટર શિક્ષકે જે-તે ટુકડીના શિક્ષણકાર્ય વખતે પોતાની પાસે જ રાખવા જોઈએ. જેથી તેની નિયમિત નોંધ થઈ શકે.






## (૯) શિક્ષક આવૃત્તિ

- શિક્ષકને પ્રત્યેકને વિષયના દરેક અભ્યાસકાર્ડ, તે અંગેની પદ્ધતિ-પ્રયુક્તિ માટે માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષક આવૃત્તિ આપવામાં આવેલ છે.








- ધોરણ-૧ અને ૨ માં તથા ધોરણ-૩ અને ૪ માં ગુજરાતી પર્યાવરણ અને ગણિતની શિક્ષક આવૃત્તિ તૈયાર કરવામાં આવેલ છે.

ભાગ-૧ : ૩૪

- ધોરણ-૫માં ભાષા (ગુજરાતી, હિન્દી અંગ્રેજી) અને સપ્તરંગી માટે એક તથા શાસ્ત્રો (પર્યાવરણ અને ગણિત) માટે એક, એમ કુલ-૨ શિક્ષક આવૃત્તિઓ તૈયાર કરવામાં આવેલ છે.
- શિક્ષક આવૃત્તિ શિક્ષકે શિક્ષણકાર્ય દરમ્યાન સતત ઉપયોગમાં લેવાની હોવાથી પોતાની પાસે જ રાખવી જોઈએ.

## (૧૦) રેઈન-બો મોડ્યૂલ



- બાળકોની આંતરિક શક્તિના વિકાસ માટે અને તેઓની બહુવિધ પ્રતિભાને વિકસાવવા માટે રેઈનબો મોડ્યૂલ તૈયાર કરવામાં આવેલ છે.
- રેઈનબો મોડ્યૂલમાં કુલ-૭ વિભાગમાં ૩૫૦ જેટલી પ્રવૃત્તિઓ મૂકાયેલ છે.
- યુનિટદીઠ ૧ નંગ રેઈનબો મોડ્યૂલ આપવામાં આવે છે.

## (૧૧) રેઈનબો રજીસ્ટર

- રેઈનબો મોડ્યૂલને આધારે શિક્ષકે કરાવેલ પ્રવૃત્તિઓની નોંધ માટે રેઈનબો રજીસ્ટર તૈયાર કરવામાં આવેલ છે.
- રેઈનબો રજીસ્ટરમં એક જ પ્રવૃત્તિ માટે તારીખ નોંધવાના ૫ ખાનાં આપવામાં આવેલ છે.
- રેઈનબો રજીસ્ટરમાં કોઈ જ વિદ્યાર્થીનું નામ લખવાનું નથી.
- દરેક પ્રવૃત્તિના પાંચ-પાંચ ઉદાહરણ પછી વધુ ૪-૪ લીટીઓ કોરી આપવામાં આવેલ છે. શિક્ષકે સ્થાનિક કક્ષાએ પોતાની જાતે તે જ પ્રવૃત્તિને અનુરૂપ નવી પ્રવૃત્તિ કરાવી હોય તો તે નોંધવાની રહેશે.
- તે પ્રતિવર્ષ આપવામાં આવે છે.






૧ જાતે કરીએ

| ત્તિ | પેટા પ્રવૃત્તિ | તારીખ | તારીખ | તારીખ | તારીખ | તારીખ |
|---|---|---|---|---|---|---|
| કામ | ચાંદલા ચોંટાડવા. | | | | | |
| | આકાર ચોંટાડવા. | | | | | |
| | અંક / મૂળાક્ષરમાં રેતી ચોંટાડવી. | | | | | |
| | આકૃતિમાં અનાજના દાણા ચોંટાડવા. | | | | | |
| | આકૃતિમાં રંગીન કાગળ ચોંટાડવા. | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| કામ | માટીનો ગોળો બનાવવો. | | | | | |
| | માટીના મણકા બનાવવા. | | | | | |
| | માટીનો રોટલો બનાવવો. | | | | | |
| | માટીનાં ગાંઠીયા બનાવવા. | | | | | |
| | માટીની જલેબી બનાવવી. | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| કામ | કાગળનું ગડીકામ કરવું. | | | | | |
| | કાગળના ટુકડા કરવાં. | | | | | |
| | કાગળની ભૂંગળી બનાવવી. | | | | | |
| | કાગળમાંથી આકાર કાપવા. | | | | | |
| | કાગળમાંથી ધજા પતાકા બનાવવા. | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| કામ | અંગૂઠાની છાપ પાડવી. | | | | | |
| | શાકભાજીની છાપ પાડવી. | | | | | |
| | આંગળાની છાપ પાડવી. | | | | | |
| | દોરાની છાપ પાડવી. | | | | | |
| | વિવિધ વસ્તુની છાપ પાડવી. | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| કામ | રમકડાં સંગ્રહ કરવો. | | | | | |
| | કાપડના ટુકડાનો સંગ્રહ કરવો. | | | | | |
| | ફળ, શાકભાજી, પ્રાણીઓનાં ચિત્રોનો સંગ્રહ કરવો. | | | | | |

## (૧૨) સ્ટીકર ચાર્ટ

ભાગ-૧ : ૧૦

- અભ્યાસકાર્ડ મૂકવા માટે આપવામાં આવેલ ટ્રે ઉપર લગાડવાના સિમ્બોલ માટે સ્ટીકર ચાર્ટ આપવામાં આવે છે.



- યુનિટ શરૂ થયે તે એક જ વાર આપવામાં આવે છે.

## (૧૩) જાતે શીખીએ




- પર્યાવરણ વિષયમાં ધોરણ-૩, ૪, અને ૫ માટે જાતે શીખીએ (હોમવર્ક બુક) આપવામાં આવેલ છે.
- વર્ગના દરેક વિદ્યાર્થીદીઠ તે અપાય છે.
- પર્યાવરણ વિષયના હોમવર્ક અને પ્રોજેક્ટ વર્કનો તેમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- તે વિદ્યાર્થીની પાસે રહે છે.
- પ્રતિ વર્ષ તે આપવામાં આવે છે.

## (૧૪) પાકું કરીએ




- ગણિત વિષયમાં ધોરણ-૩,૪ અને ૫ માટે પાકું કરીએ (હોમવર્ક બુક) આપવામાં આવેલ છે.
- વર્ગના દરેક વિદ્યાર્થીદીઠ તે અપાય છે.
- ગણિત વિષયના હોમવર્કના તેમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- જે વિદ્યાર્થીની પાસે રહે છે.
- પ્રતિવર્ષે તે આપવામાં આવે છે.

## (૧૫) વાચનમાળા




- ગુજરાતી વિષયમાં ધોરણ-૩,૪ અને ૫ માટે વાચનમાળા આપવામાં આવેલ છે.
- વર્ગના દરેક વિદ્યાર્થીદીઠ તે અપાય છે.
- ગુજરાતીના વર્ગ દરમ્યાનનું કાર્ય તથા ગૃહકાર્યનો તેમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- જે વિદ્યાર્થીની પાસે રહે છે.
- પ્રતિવર્ષે તે આપવામાં આવે છે.

## (૧૬) સોફ્ટબૉર્ડ



- ગુજરાતી-પર્યાવરણ અને ગણિત-રેઈન બો બંને વર્ગો માટે ધોરણ-૧ થી ૪ માં વાદળી રંગના પાંચ અને લીલા રંગના પાંચ સોફ્ટબોર્ડ આપવામાં આવેલ છે.
- ધોરણ-૫ માં વાદળીરંગના પાંચ સોફ્ટબોર્ડ આપવામાં આવેલ છે.
- વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિ/કાર્યોના ડિસ્પ્લે માટે સોફ્ટબોર્ડના ઉપયોગ કરવાનો રહે છે.
- યુનિટ શરૂ થયે એક જ વાર તે આપવામાં આવે છે
- સોફ્ટબોર્ડ વિદ્યાર્થીઓ સરળતાથી તેમના કાર્યો ડિસ્પ્લે કરી શકે તેટલી ઊંચાઈએ લગાડવા જોઈએ.

## (૧૭) વિદ્યાર્થી સ્લેટ



- ધોરણ ૧થી૫ માં વિદ્યાર્થીને વર્ગખંડમાં જ ઉપયોગમાં લઈ શકાય તે હેતું વિદ્યાર્થી સ્લેટ આપવામાં આવેલ છે.
- ધો ૧થી૪ માં યુનિટ શરૂ થયે પ્રત્યેક યુનિટ દીઠ-૨૦ વિદ્યાથી સ્લેટ આપવામાં આવેલ છે.
- ધોરણ-૫ માં યુનિટદીઠ-૧૦ સ્લેટ આપવામા આવેલ છે.
- વિદ્યાર્થી સ્લેટ યોગ્ય રીતે દિવાલ પર લગાડવી જોઈએ જેથી વિદ્યાર્થી સરળતાતી ઉપયોગમાં લઈ શકે.

## (૧૮) શિક્ષક સ્લેટ

ભાગ-૧ : ૩૧



- ધોરણ ૧થીપ માં જૂથ-૧ માં શિક્ષણકાર્ય કરાવતી વખતે ઉપયોગમાં લઈ શકાય તે હેતું શિક્ષક સ્લેટ આપવમાં આવેલ છે.
- ધોરણ ૧થીજ માં યુનિટદીઠ ૨-૨ અને ધોરણ-૫ માં યુનિટદીઠ-૧ સ્લેટ આપવામાં આવેલ છે.

## (૧૯) રેક



- ધો-૧થીપ માં અભ્યાસકાર્ડ ગોઠવવા માટે રેક આપવામાં આવનાર છે.
- દરેક વિષયના રેક ઉપર સિમ્બોલ આધારિત કાર્ડ ગોઠવી શકાય તે માટે સ્ટીકર લગાડવાના રહે છે.
- રેક ઉપર વિદ્યાર્થી વર્કબુક, લેખન સામગ્રી TLM મૂકી શકાય.

# પ્રારંભિક જૂથ વિભાજન

પ્રજ્ઞાવર્ગમાં વર્ગશિક્ષણમાં (ધો.૫ સિવાયના બાળકો) બે ધોરણના વિદ્યાર્થીઓ એક જ વર્ગમાં હોય છે. આ વિદ્યાર્થીઓનું ટૂકડી વિભાજન કરવું, તેને આધારે હાજરી પત્રક તૈયાર કરવું, તથા તમામ વિદ્યાર્થીઓ પૈકી એક-એક કરતાં સમગ્ર વર્ગને વ્યક્તિગત શિક્ષણ આપી છ છાબડીમાં વિભાજીત કરવાનો થાય છે. આ કાર્યને વિગતસર સમજાવવું જરૂરી છે. જે શિક્ષકોના વર્ગમાં પ્રારંભિક જૂથ વિભાજન યોગ્ય રીતે થાય છે તેમને તે પછીના દિવસોમાં શૈક્ષણિક કાર્ય કરાવવું સરળ રહે છે.

પ્રારંભિક જૂથ વિભાજન જરૂર જણાય તો એકથી વધુ વખત કરાવી તાલીમાર્થીઓનો આ કાર્ય માટે આત્મવિશ્વાસ કેળવાય તે જરૂરી બનશે.

### પ્રવૃત્તિ-૧ પ્રજ્ઞાવર્ગનું હાજરી પત્રક અને ટુકડી વિભાજન

- તાલીમાર્થીઓ સમક્ષ બે ધોરણના હાજરીપત્રકને આધારે પ્રજ્ઞા અભિગમમાં ટૂકડી-૧ એ ટૂકડી-૨ માટેનું હાજરીપત્રક તૈયાર કરાવવું.

| ધોરણ-૧ | | | |
|---|---|---|---|
| ૧. | રમેશ પટેલ | | |
| ૨. | આરીફ કુરેશી | | |
| ૩. | પન્ના આહિર | | |
| ૪. | પીન્કી શાહ | | |
| ૫. | પરેશ પ્રજાપતિ | | |
| ૬. | મયંક નંદવાણિયા | | |
| ૭. | મયૂર શાહ | | |
| ૮. | આલ્બર્ટ ડીસોઝા | | |
| ૯. | પ્રિયંકા પટેલ | | |
| ૧૦. | મોનાલી દોશી | | |
| ૧૧. | આશીષ ઠાકોર | | |
| ૧૨. | વૈભવ ઠુંમર | | |
| ૧૩. | ચંદન સતાણી | | |
| ૧૪. | મુમતાઝ મનસુરી | | |

→

| પ્રજ્ઞા અભિગમ ધોરણ-૧ | | | | |
|---|---|---|---|---|
| ટુકડી-૧ | ૧. | રમેશ પટેલ | | |
| | ૨. | પરેશ પ્રજાપતિ | | |
| | ૩. | મયૂર શાહ | | |
| | ૪. | આશીષ ઠાકોર | | |
| | ૫. | ચેતન સતાણી | | |
| | ૬. | પન્ના આહિર | | |
| | ૭. | પ્રિયંકા પટેલ | | |
| ટુકડી-૨ | ૧. | આરીફ કુરેશી | | |
| | ૨. | મયંક નંદવાણીયા | | |
| | ૩. | આલ્બર્ટ ડીસોઝા | | |
| | ૪. | વૈભવ ઠુંમર | | |
| | ૫. | પીન્કી શાહ | | |
| | ૬. | મોનાલી દોશી | | |
| | ૭. | મુમતાઝ મનસુરી | | |

| ધોરણ-૨ | | | |
|---|---|---|---|
| ૧. | સાગર પંડ્યા | | |
| ૨. | રઝિયા મનસુરી | | |
| ૩. | પ્રિયા મેકવાન | | |
| ૪. | સોહમ દોશી | | |
| ૫. | આકાશ શાહ | | |
| ૬. | કેયૂર શાહ | | |
| ૭. | મોનાલી પટેલ | | |
| ૮. | કુંતલ દેસાઈ | | |
| ૯. | વિષ્ણુ લિમ્બાચિયા | | |
| ૧૦. | સ્નેહલ ભાવસાર | | |
| ૧૧. | સ્મિત રાજપૂત | | |
| ૧૨. | અર્વા ચોવટિયા | | |
| ૧૩. | ખુશ્બુ પઠાણ | | |
| ૧૪. | રીઝવાન મેમણ | | |

→

| પ્રજ્ઞા અભિગમ ધોરણ-૨ | | | | |
|---|---|---|---|---|
| ટુકડી-૧ | ૧. | સાગર પંડ્યા | | |
| | ૨. | આકાશ શાહ | | |
| | ૩. | કુંતલ દેસાઈ | | |
| | ૪. | સ્નેહલ ભાવસાર | | |
| | ૫. | રઝીયા મનસુરી | | |
| | ૬. | રીઝવાના મેમણ | | |
| | ૭. | અર્વા ચોવટીયા | | |
| ટુકડી-૨ | ૧. | સોહમ દોશી | | |
| | ૨. | કેયુર પટેલ | | |
| | ૩. | વિષ્ણુ લિમ્બાચિયા | | |
| | ૪. | સ્મિત રાજપૂત | | |
| | ૫. | પ્રિયા મેકવાન | | |
| | ૬. | મોનાલી પટેલ | | |
| | ૭. | ખુશ્બુ પઠાણ | | |

- અહીં ધોરણ-૧ના જ હાજરી પત્રકમાં બે ટૂકડી બનાવાઈ છે. તેવી જ રીતે ધોરણ-૨ માં ના હાજરીપત્રક પણ બે ટૂકડી બનાવાઈ છે.
- ધોરણ-૧ના ૭ વિદ્યાર્થીઅને ધોરણ-૨ના ૭ વિદ્યાર્થી મળી ટૂકડી-૧ બનશે.

  જે સોમવારે A શિક્ષક પાસે સવારે ગુજરાતી, બપોર પછી પર્યાવરણ શીખશે.

  ઉપર મુજબ જ ટૂકડી-૨ બનશે. સોમવારે જ B શિક્ષક પાસે સવારે ગણિત અને બપોર પછી રેઈન-બો વિષય શીખશે.
- મંગળવારે બંને શિક્ષકો પોતાના વર્ગમાં યથાવત્ રહેશે. ટૂકડી-૧ અને ટૂકડી-૨ના બાળકો બદલાશે. જો એક જ શિક્ષક બંને ટૂકડી સંભાળશે તો, તેઓ પોતે દિવસ પ્રમાણે વિષય શીખવશે.
- ધોરણ-૩ અને ૪ માં ગણિતના શિક્ષક બુધવાર અને ગુરૂવાર Rainbow અંતર્ગત ધોરણ-૪ માટે હિન્દી વિષય શીખવશે.

- ધોરણ-૫ માં એક જ શિક્ષક વર્ગ કાર્ય કરશે. જેનું શિક્ષણકાર્ય નીચે મુજબ રહેશે.

| | અંદાજીત સમય | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|---|
| સવારથી બપોર | ૧૪૦ મિનિટ | ગણિત | ગુજરાતી | ગણિત | ગુજરાતી | ગણિત | ગુજરાતી |
| બપોર પછી | ૮૦+૬૦ મિનિટ | પર્યાવરણ રેઈનબો | અંગ્રેજી હિન્દી | પર્યાવરણ રેઈનબો | અંગ્રેજી હિન્દી | પર્યાવરણ રેઈનબો | પર્યાવરણ |

**પ્રશ્ન-૧,૨.૩ ની ચર્ચા**

**પ્રવૃતિ-૨ પ્રારંભિક જૂથ વિભાજનની clip બતાવવી**

*ભાગ-૧ : ૪૪*

- વર્ગની દિવાલો પર જુદા-જુદા રંગની છ ડમી છાબડી લગાડો.
- દા.ત ૧ લાલ, ૨ લીલો, ૩ વાદળી, ૪ પીળો, ૫ ગુલાબી, ૬ કાળો
- દરેક છાબડી (જૂથ) માં અગાઉથી જ બે-ત્રણ, બે-ત્રણ પ્રવૃત્તિઓ અને તે માટેની સાધન-સામગ્રી મૂકી રાખો. (તાલીમાંર્થીઓ પાસે વધુ પ્રવૃતિ યાદી બનાવી શકાય)
- દા.ત છાબડી-૨ માટે (૧) પાંદડામાંથી તોરણ બનાવવું.

  (૨) કાગળમાં દોરેલ ટપકાંથી વિવિધ આકૃતિ બનાવવી.

  (૩) કાગળમાં ટપકાં, મીડાં અને લાઈન દોરવી.

  છાબડી ૩ માટે (૧) છાપામાંથી ક,ખ,ગ, મૂળાક્ષરો શોધો.

  (૨) છાપામાંથી ગામના નામ શોધો.

  (૩) છાપાના કાગળમાંથી વિમાન, બંદૂક, કેમેરો જેવી કૃતિઓ બનાવો.

  છાબડી-૪ માટે (૧) છાપામાંથી ખેલાડીઓના ફોટા ચોંટાડો.

  (૨) કાંકરામાંથી મૂળાક્ષરો તૈયાર કરો.

  (૩) ચિત્રમાં રંગ પૂરો.

  છાબડી-૫ માટે (૧) કુદરતી દશ્ય દોરો.

  (૨) મણકાની માળા બનાવો.

  (૩) ટેનગ્રામમાંથી પક્ષીઓના આકાર બનાવો.

  છાબડી-૬ માટે (૧) કાગળ પર ચાંદલા ચોંટાડી દશ્ય તૈયાર કરો.

  (૨) આપેલ બીજનું વર્ગીકરણ કરો.

  (૩) દિવાસળીની સળીઓ ગોઠવી આકાર બનાવો.

છાબડી-૧માં શિક્ષકે કાર્ડ આધારિત શિક્ષણકાર્ય કરાવવાનું રહેશે.

**નીચેની સમજૂતી બાદ પ્રશ્ન-૪ અને ૫ ની ચર્ચા કરવી.**

- હવે વર્ગની સંખ્યા મુજબ ઉપર નક્કી કર્યા મુજબના કલરની નાના-નાની ચિઠ્ઠીઓ તૈયાર કરો. દરેક જૂથમાં સમાન સંખ્યા વહેંચાય તેટલી ચિઠ્ઠી તે કલરની તૈયાર કરવી. હવે દરેક તાલીમાર્થી (વિદ્યાર્થી) એક-એક ચિઠ્ઠી આપો.
- તમે એક-દો-તીન બોલી તમામને પોતાને મળેલ રંગની ચિઠ્ઠી જોઈ ડમી છાબડી (જૂથ) માં બેસી જવા કહો.
- તમામ તાલીમાર્થીઓ (વિદ્યાર્થી) પોતાના જૂથમાં વહેંચાઈ જશે.
- તમામ જૂથમાં અગાઉથી જ પ્રવૃત્તિઓ મૂકેલ હોવાથી તેઓને પ્રવૃત્તિ શરૂ કરવાનુ કહો.
- જૂથ-૧ માં આવેલ વિદ્યાર્થી પૈકી કોઈપણ એકને લેડર બતાવવી, પછી તેને આધારે કાર્ડ લઈ કાર્ડમાં દર્શાવેલ સિમ્બોલ આધારે જે-તે જૂથમાં (અહીં જૂથ ૧ માં) વિદ્યાર્થી બેસશે.
- શિક્ષક જૂથ-૧ માં તેને શિક્ષણકાર્ય શરૂ કરાવશે. જરૂર જણાય કાર્ડને આધારે શિક્ષક આવૃત્તિ જોશે. TLM ની જરૂર હોય તો લેશે.
- શિક્ષક જોડે રહેલ વિદ્યાર્થીનું કામ પૂરૂ થતાં તેને અન્ય છાબડીમાં મોકલવાનો થાય છે. જેમાં મોકલતાં પહેલાં નીચેનું કાર્ય કરાવો.
- લીધેલ કાર્ડ ટ્રેમાં મૂકાવવું.
- નવા કાર્ડ માટે લેડરમાં જોવું
- લેડરને આધારે ટ્રેમાંથી કાર્ડ લેવું.
- કાર્ડના સિમ્બોલને આધારે છાબડીમાં (TLM, વર્કબુક જરૂરી હોય તો) બેસવું
- હવે બીજા વિદ્યાર્થીને ઉપરના ક્રમે (લેડર જોવું, કાર્ડ લેવું, સિમ્બોલને આધારે છાબડીમાં બેસવું) ફરીથી જૂથ-૧માં શિક્ષણકાર્ય કરાવવું.
- છાબડી-૨,૩,૪,૫,૬ માંથી કોઈ વિદ્યાર્થી કામ પૂર્ણ કરીને આવે તો તેને અન્ય પ્રવૃત્તિમાં કે શિક્ષક પોતાની પાસે પણ બોલાવી શકે.
- આમ, એક્ટીવીટમાં રહેલ તમામ બાળકોને ધીમે-ધીમે લર્નીગ ટાઈમમાં જોડવાથી સમગ્ર વર્ગમાં થોડાક જ દિવસો/સમયમાં પ્રત્યેક વિદ્યાર્થી પ્રજ્ઞા અભિગમ આધારિક શિક્ષણ લેતું થશે.

**યાદ રહે...**

- પ્રારંભિક જૂથ વિભાજન પછી વર્ગના તમામ વિદ્યાર્થીઓને અભ્યાસકાર્ડ આધારિત કાર્યમાં જોડવાની પ્રક્રિયા અત્યંત ધીરજ અને સમય માંગતી પ્રવૃત્તિ છે. આ કામ એક દિવસનું કે થોડા કલાકનું નથી....

# પ્રજ્ઞાવર્ગમાં એક બાળકનું વ્યક્તિગત શિક્ષણ

પરંપરાગત વર્ગમાં સામૂહિક શિક્ષણકાર્ય થાય છે. જયારે પ્રજ્ઞાવર્ગમાં પ્રારંભિક જૂથ વિભાજન બાદ વ્યક્તિગત શિક્ષણ થાય છે. આ બાબત વર્ગખંડમાં કાર્યરત શિક્ષકોને સમજાવવા જરૂરી છે. વ્યક્તિગત શિક્ષણ પ્રજ્ઞા અભિગમનું હાર્દ છે.

- પ્રજ્ઞાવર્ગમાં એક બાળકનું વ્યક્તિગત શિક્ષણ કેવી રીતે કરવું જોઈએ તે નિદર્શનથી સમજીએ

(૧) તાલીમવર્ગમાં પ્રજ્ઞા સાહિત્ય લગાવવું. પ્રારંભિક જૂથ વિભાજન પછી કોઈ એક વર્ગનું ચિત્ર નીચે હોઈ શકે.

(૨) આ નિદર્શન માટે તાલીમાર્થીઓને વિદ્યાર્થી બનાવી પ્રજ્ઞાવર્ગ અનુસાર સમજ આપવી.




જેમાં જૂથ-૧ માં અમુક બાળકો શિક્ષક પાસે હશે જયારે બાકીના જૂથ ૨, ૩, ૪, ૫ અને ૬માં પ્રવૃત્તિમાં રોકાયેલ હશે.

**વર્ગના પ્રારંભિક સમયમાં આ રીતે કાર્ય થાય.** ભાગ-૧ : ૨૭

- જૂથ-૧માં (અહીં દર્શાવેલ) ૪ બાળકો પૈકી એકને શિક્ષણકાર્ય કરાવશે. તે બાળક માટે લર્નીગ ટાઈમ શરૂ થાય છે. બાકીના ત્રણ બાળકો વેઈટીંગ ટાઈમમાં જૂથ-૧ માં છે.
- જે બાળકનો લર્નીગ ટાઈમ શરૂ થયો છે, તેના માટે નીચે મુજબ કાર્ય કરો. (અહીં ગણિત ધોરણ-૧ના પહેલા માઈલસ્ટોનના ઉદાહરણને ધ્યાને લો.)

(૧) તે બાળકને પ્રથમ લેડર બતાવો. તેને લેડરમાં કયા સિમ્બોલથી શીખવાનું શરૂ થાય છે તે સિમ્બોલ બતાવો. (સુરખાબ-૧)

(૨) સિમ્બોલને આધારે રેકમાંની ટ્રેમાંથી (સુરખાબ) સિમ્બોલ આધારિત કાર્ડ લેતાં શીખવો.

(૩) કાર્ડ ઉપરના સિમ્બોલને આધારે તે સિમ્બોલ (સુરખાબ) ને આધારે તેને છાબડીનો પરિચય કરાવો. (સુરખાબનું સિમ્બોલ છાબડી-૧ માં આવેલું છે) તેથી બાળકે જૂથ-૧ માં બેસવાનું છે.

(૪) આ અભ્યાસકાર્ડ અંગેના જરૂરી માર્ગદર્શન માટે શિક્ષક આવૃત્તિમાં માઈલસ્ટોન-૧, સુરખાબ-૧ની સૂચના જુઓ.

(૫) જો કોઈ અભ્યાસકાર્ડમાં TLM ની જરૂરિયાત હોય તો TLM સાથે તે કાર્ડનું કામ કરો.

(૬) આ કાર્ડમાં સંખ્યાજ્ઞાનનું શ્રવણ અને કથન કરાવવા માટે વાર્તા આપવામાં આવેલ છે. આ વાર્તા તે બાળકને (વ્યક્તિગત) કહો. (જો અન્ય બાળકોને પણ વાર્તા, ગીતમાં જોડવા હોય તો જોડી શકાશે)

(૭) આ અભ્યાસકાર્ડમાં સમાવિષ્ટ વિષયવસ્તુ આધારિત કાર્ય પૂર્ણ થયું હોય તમે શિક્ષકને લાગે ત્યારે...

- કાર્ડને ટ્રેમાં મૂકાવો.
- અન્ય નવા કાર્ડ માટે લેડર જોવા કહો.
- લેડરને આધારે નવું કાર્ડ લેવા કહો.
- કાર્ડને આધારે સિમ્બોલ જોઈને કયા જૂથમાં બેસવું તે કહો.

(૮) જે બાળકનું કાર્ડ આધારિત કાર્ય પૂર્ણ થયું છે તે બાળકની પ્રગતિમાપન રજીસ્ટરમાં નોંધ કરો.

(૯) હવે જૂથ-૧માં વેઈટીંગમાં રહેલા બીજા બાળકને ઉપર મુજબ કાર્ય કરાવો.

- હવે ૩-૪ તાલીમાર્થીઓ પાસે ઉપરોક્ત નિદર્શનનું પુનરાવર્તન કરાવો.
- ગીતો, વાર્તા, જોડકણાં એકાદ-બે બાળકોને વ્યક્તિગત શીખવ્યા પછી તેને જે-તે વિષયના સમૂહકાર્ય દરમ્યાન શીખવવા. તે પછીના બાળકોને ગીતો, વાર્તા, જોડકણાંનું કાર્ડ આવે તો સમૂહકાર્ય વખતે તે કાર્ય પૂર્ણ થયેલ તેમ ગણવું.

● પ્રજ્ઞાવર્ગમાં વ્યક્તિગત શિક્ષણ હોય આવું જોવા મળે.

૧. સ્વ અધ્યયનપોથીમાં અમુક બાળકો જુદા જુદા મુદ્દા પર કાર્ય કરતા હોય.

૨. કોઈ એક બાળક શિક્ષક પાસે નવી સંકલ્પના શીખતો હોય.

૩. વર્ગનો માત્ર કોઈ એક જ બાળક કોઈ ચોક્કસ TLM લઈ કાર્ય કરતો હોય.

૪. વર્ગના અમુક બાળકો પોતાના જે તે માઈલસ્ટોનમાં મૂલ્યાંકન કાર્ડ પર કામ કરતા હોય.

# મૂલ્યાંકન-અનુકાર્ય અને ઉપચારાત્મક કાર્ય

પ્રજ્ઞા અભિગમમાં જૂથ-૬ માં વિદ્યાર્થીનું મૂલ્યાંકન થાય છે. શીખેલી બાબતોનું મૂલ્યાંકન યોગ્ય રીતે થાય, મૂલ્યાંકનમાં ધ્યાને આવેલી બાબતોનું અનુકાર્ય થાય અને જરૂરી ઉપચારાત્મક કાર્ય થાય તે શિક્ષક માટે અત્યંત જરૂરી છે.

શિક્ષકમિત્રો મૂલ્યાંકન, મૂલ્યાંકન પછીનું અનુકાર્ય અને ઉપચારાત્મક કાર્ય ત્રણેય બાબતો જાણે તે આ વિષયનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

**● પ્રવૃત્તિ-૧** **અહીં ગણિત ધોરણ-૩ના માઈલસ્ટોન નં-૨૪ નું ૯-શાહમૃગનું કાર્ડ એક વિદ્યાર્થીએ પૂર્ણ કરેલ છે. તે જૂઓ.**




- આ કાર્ડનું મૂલ્યાંકન કરો. તેને આધારે વિદ્યાર્થીને ઉપચારાત્મક કાર્ય કરો. અહીં વિદ્યાર્થીને એકમની સ્થાન કિંમતમાં નાની સંખ્યામાંથી મોટી સંખ્યા બાદ ન થાય તે સંકલ્પના સ્પષ્ટ નથી.

- આ કાર્ડને આધારે ઉપચારાત્મક કાર્ય કરો.
  - આ માઈલસ્ટોન બાદબાકીનો છે.
  - જેમાં એકમના સ્થાનમાં મૂકવામાં આવેલ પ્રથમ સંખ્યા નીચેની સંખ્યા કરતાં નાની હોવાથી દશકો લેવાનો રહે છે.
  - એકમના સ્થાનમાં દશકાની જરૂર હોવાથી દશકના સ્થાનેથી દશકો લેવાનો રહે છે.
  - દશકના સ્થાને જે સંખ્યા આપેલ છે તેમાંથી એક દશકો ઓછો થાય છે.

**દા.ત**

```
   ૩  ૧૦
   ૪  ૭
 − ૨  ૮
 -------
   ૧  ૯
```

- (૪૭ ના એકમનો અંક ૭, ૨૮ ના એકમના અંક ૮ કરતાં નાનો હોવાથી બાદ થતાં નથી)
- (૪૭ માં દશકનો અંક ૪ છે. જેની કિંમત ૪ દશકા છે. તેમાંથી એક દશકો એકમ પર લેતાં ૩ દશકા બાકી રહે છે.)
- એકમમાં ૭+૧૦= ૧૭ થાય છે. તેમાંથી ૮ બાદ કરતાં ૯ વધે છે.
- દશકના સ્થાનમાં ૩ દશકમાંથી ૨ દશક બાદ કરતાં ૧ દશક વધે છે.

- ઉપરોક્ત સમજૂતિ પછી ફરીથી માઈલસ્ટોન-૨૪ બતક-૬ અને કાબર-૪ ના કાર્ડનું કાર્ય ફરી કરાવો.






● ઉપચારાત્મક કાર્ય પછી માઈલસ્ટોન ૨૪નું ૯-શાહમૃગનું વર્કબુકનું કાર્ય અનુકાર્ય (ભૂલસુધારણા માટે આપો.)




## ● પ્રવૃત્તિ-૨ ગુજરાતી

માઈલસ્ટોન-૪૦, ધોરણ-૪ના કાર્ડ નં-૧૮ હાથીનું મૂલ્યાંકન, ઉપચારાત્મક કાર્ય અને અનુકાર્ય કરાવો.

## ● પ્રવૃત્તિને અંતે...

ભાગ-૧ : ૩૬

પ્રજ્ઞા અભિગમમાં છાબડી-૬માં વિદ્યાર્થીનું મૂલ્યાંકન થાય છે. વિદ્યાર્થીએ કરેલા કાર્યને શિક્ષકે ચકાસવું તથા તેને આધારે જરૂરી ઉપચારાત્મક કાર્ય કરવું. ઉપચારને અંતે જે-તે અભ્યાસકાર્ડનું અનુકાર્ય અવશ્ય કરાવવું.

ભાગ-૧ : ૩૭

# લેડર રચના

પ્રજ્ઞા અભિગમમાં  શીખવવાના સમગ્ર અભ્યાસક્રમને તાર્કિક ક્રમ અને અધ્યાપન ચક્રના ભાગરૂપે લેડરમાં મૂકવામાં આવેલ છે.

પ્રારંભિક દૃષ્ટિ લેડર એ જે-તે ધોરણ કે વિષય માટેનો વિવિધ સિમ્બોલ આધારિત ચાર્ટ દેખાય છે, પરંતુ તેમાં રહેલ અભ્યાસક્રમના તાર્કિક ક્રમને શીખવનારે જાણવો અને સમજવો જરૂરી છે.

આ માટે વિવિધ દ્વારા તાલીમાર્થીઓને લેડર રચના અંગેની સમજ આપવી. તાલીમાર્થીઓને આ પ્રવૃત્તિ પાંચ-સાતના જૂથમાં કરાવવી.

(૧) ધોરણ-૧થીજના ગુજરાતી, ગણિત કે પર્યાવરણ પૈકી કોઈ એક વિષયના એક એકમને પસંદ કરાવો.

- દા.ત ગણિત ધોરણ-૨, બે અંકના બે અંક સાથેના વદ્દીવાળા સરવાળા.
- હવે આ એકમ અંતર્ગત વિદ્યાર્થીને શું શીખવાનું છે નક્કી કરો.

    (૧.૧) સરવાળાની સંકલ્પના (પુનરાવર્તન)

    (૧.૨) એક અંકના એક અંક સાથે સરવાળો ૯ થી વધે નહીં તેવા સરવાળો (પુનરાવર્તન)

    (૧.૩) એક અંકના એક અંક સાથે સરવાળો ૧૦ થી વધે નહીં તેવા સરવાળા

    (૧.૪) બે અંકની સંખ્યા અને તેની સ્થાનકિંમતની સંકલ્પના

    (૧.૫) બે અંકની સંખ્યાના બે અંકની સંખ્યા સાથેના વદ્દી વગરના સરવાળા

    (૧.૬) દશકાની સંકલ્પના

    (૧.૭) બે અંકની બે સંખ્યાના વદ્દીવાળા સરવાળા.

- વિદ્યાર્થી ને શીખવવાની બાબતો પૈકી ૧.૧-સરવાળાની સંકલ્પના માટે નીચેને બાબતો વિચારો.

**પ્રશ્ન :૧.૧ સરવાળાની સંકલ્પના સ્પષ્ટીકરણનું કાર્ય શિક્ષક દ્વારા કે વિદ્યાર્થી દ્વારા પ્રથમ થવું જોઈએ ?**

- શિક્ષક દ્વારા

**પ્રશ્ન : સરવાળાની સંકલ્પના સ્પષ્ટ કરવા કઈ પદ્ધતિ-પ્રયુક્તિ, TLM ઉપયોગમાં લેશો ?**

- દા.ત મૂર્ત વસ્તુ

 અને  એટલે કેટલી ચોકલેટ ?

દા.ત. વાર્તા

એક માળામાં ચકલીના ૩ બચ્ચાં હતાં. બીજા ૨ નવા આવ્યા. તો ચકલીના માળામાં કુલ કેટલા બચ્ચા થયાં ?

- ઉમેરવું એટલે સરવાળો, સરવાળા માટે + નું નિશાન વપરાય છે.
- હવે તેને ગાણિતિક રૂપમાં સમજીએ ૩ + ૨ = ૫, આ ઉપરાંત રમત, શોધ, અવલોકનની પ્રવૃતિ પણ કરાવી શકાય.

**પ્રશ્ન : ૧.૧ સરવાળાની સંકલ્પના માટેનું એક કાર્ડ તૈયાર કરો.**

જેમાં શિક્ષકે સંકલ્પના સ્પષ્ટીકરણ કરેલ હોવાથી તેને કોઈ એક સિમ્બોલ આપો. કાર્ડને ૧ નંબર આપો.

**નોંધ :** તાલીમાર્થીઓએ તૈયાર કરેલા સંકલ્પના સ્પષ્ટ થતી હોય તેવા કાર્ડનું નિદર્શન કરવું.

**પ્રશ્ન : શિક્ષકે શીખવેલી બાબતને વિદ્યાર્થી, બીજા વિદ્યાર્થી પાસેથી શીખી શકે, તે માટે એક બીજુ કાર્ડ તૈયાર કરો. તેને ૨ નંબર આપો તેને કોઈ એક બીજો સિમ્બોલ આપો.**

પ્રશ્ન : સરવાળાની સંકલ્પના અને ઉદાહરણના આધારિત મહાવરા માટે વધુ એક કાર્ડ તૈયાર કરો. તેને ૩ નંબર આપો. અને કોઈ એક ત્રીજુ સિમ્બોલ આપો.

પ્રશ્ન : ઉપરોક્ત સંકલ્પનાને આધારે વિદ્યાર્થીને સ્વાધ્યાય આપી શકાય તેવું ચોથું કાર્ડ તૈયાર કરો. તેને ૪ નંબર આપો. તેને કોઈ એક ચોથો સિમ્બોલ આપો.

પ્રશ્ન : શીખવેલી બાબતના મૂલ્યાંકન માટે કોઈ પદ્ધતિ-પ્રયુક્તિ દ્વારા એક કાર્ડ તૈયાર કરો. જેને ૫ નંબર આપો. તેને કોઈ એક નવો સિમ્બોલ આપો.

**પ્રશ્ન : જો તમામ બાળકોને વ્યક્તિગત શિક્ષણકાર્ય કરાવવાનું હોય તો તમે તમામને એક જ જૂથમાં રાખીને શૈક્ષણિક કાર્ય કરાવો કે અલગ જૂથ બનાવો ?**

- અલગ જૂથો બનાવવા જોઈએ.

**પ્રશ્ન : કયા-કયા જૂથ બનાવવા જોઈએ ?**

- શિક્ષક દ્વારા શિખતું જૂથ
- વિદ્યાર્થી-વિદ્યાર્થી દ્વારા શિખતુ જૂથ
- મહાવરાનું જૂથ
- સ્વાધ્યાયનું જૂથ
- મૂલ્યાંકનનું જૂથ

એ જૂથ એટલે પ્રજ્ઞા વર્ગની છાબડી (ગ્રુપ ચાર્ટ) છે.

| પ્રજ્ઞા અભિગમની છ છાબડી | | |
|---|---|---|
| (૧) શિક્ષકસમર્થિત જૂથ | (૨) આંશિક શિક્ષક સમર્થિત જૂથ | (૩) સહપાઠી શિક્ષણ |
| (૪) આંશિક સહપાઠી જૂથ | (૫) સ્વઅધ્યયન જૂથ | (૬) મૂલ્યાંકન જૂથ |

**પ્રવૃતિ : આપેલ કોઠામાં તમે તૈયાર કરેલ કાર્ડને સિમ્બોલ પ્રમાણે ક્રમિક રીતે ગોઠવો.**




- તમે તૈયાર કરેલ બાબત એ ગણિતના અભ્યાસક્રમ પૈકીની સરવાળા માટેની સંકલ્પનાની લેડર છે. જેને સિમ્બોલથી દર્શાવેલ છે.
- શીખવવાના નાના-નાના ભાગોને આધારે તૈયાર થયેલ કાર્ડન સુવ્યવસ્થિત રીતે ક્રમબદ્ધ ગોઠવવાથી લેડર તૈયાર થાય છે. જે કોઈપણ વિષયનો જે-તે ધોરણનો અભ્યાસક્રમ દર્શાવે છે.
- અહીં ગણિત ધોરણ-૨માં બે અંકના બે અંક સાથેના વદીવાળા સરવાળાના વિષયવસ્તુ પૈકી કુલ ૭ પેટા હેતુ/મુદ્દા તૈયાર કરેલ હતા. તેમાંથી મુદ્દાનં-૧ સરવાળાની સંકલ્પનાના (૫) કાર્ડ તૈયાર કરી તેને લેડરમાં ગોઠવ્યા છે.

  જો સાતેય નક્કી કરેલા પેટા મુદ્દાના કાર્ડ તૈયાર કરવામાં આવે તો અંતે બે અંકના બે અંક સાથેના વદીવાળા સરવાળાનો માઈલસ્ટોન (પાઠ) તૈયાર થાય છે.

(૨) પર્યાવરણ, ધોરણ-૧ ના પહેલા માઈલસ્ટોન- 'શરીરનાં અંગો' વિશેના કાર્ડ અહીં મૂકાયેલ છે. તેને આધારે નીચેની વિગતો નોંધો (તજજ્ઞ એ વર્ગ સમક્ષ ૧-૧ કાર્ડ બતાવવું)

| કાર્ડ ક્રમ | અભ્યાસ કાર્ડ | અધ્યાપન ચક્રનો કયો ભાગ આવરી લે છે ? | શિક્ષક પ્રવૃત્તિ કે વિદ્યાર્થી પ્રવૃત્તિ | કયા જૂથમાં કાર્ય થવું જોઈએ ? | વપરાયેલ પદ્ધતિ/પ્રયુક્તિ | વપરાયેલ TLM |
|---|---|---|---|---|---|---|
| ૧. |  | સંકલ્પના સ્પષ્ટીકરણ | શિક્ષક પ્રવૃત્તિ | જૂથ- ૧ માં શિક્ષક દ્વારા શીખવુ જૂથ | ગીત | - |
| ૨. |  | સંકલ્પના સ્પષ્ટીકરણ | શિક્ષક પ્રવૃતિ | જૂથ-૧ | વાર્તા | - |
| ૩. |  | સંકલ્પના સ્પષ્ટીકરણ | વિદ્યાર્થી પ્રવૃત્તિ | જૂથ-૧ | ચર્ચા | શરીરના અંગોનું ચિત્ર |
| ૪. |  | મહાવરો | વિદ્યાર્થી પ્રવૃત્તિ | જૂથ-૨ વિદ્યાર્થી દ્વારા શીખતું જૂથ | લેખન પ્રવૃત્તિ | -વર્કબુક -પરિચિત વસ્તુઓ. |
| ૫. |  | મહાવરો | વિદ્યાર્થી- વિદ્યાર્થી | જૂથ-૩ વિદ્યાર્થી દ્વારા | રમત | - |

| કાર્ડ ક્રમ | અભ્યાસ કાર્ડ | અધ્યાપન ચક્રનો કયો ભાગ આવરી લે છે ? | શિક્ષક પ્રવૃત્તિ કે વિદ્યાર્થી પ્રવૃત્તિ | કયા જૂથમાં કાર્ય થવું જોઈએ ? | વપરાયેલ પદ્ધતિ/પ્રયુક્તિ | વપરાયેલ TLM |
|---|---|---|---|---|---|---|
| ૬ |  | મૂલ્યાંકન | વિદ્યાર્થી પ્રવૃત્તિ | મૂલ્યાંકન જૂથ | પઝલ | પઝલ |
| ૭ |  | દૃઢીકરણ | વિદ્યાર્થી-વિદ્યાર્થી પ્રવૃત્તિ | વિદ્યાર્થી દ્વારા શીખતું જૂથ | રમત | પાસો |
| ૮ |  | મહાવરો | વિદ્યાર્થી પ્રવૃત્તિ | વિદ્યાર્થી વિદ્યાર્થીના જૂથમાં | અભિનય | - |
| ૯ |  | સ્વઅધ્યયન | વિદ્યાર્થી પ્રવૃત્તિ | સ્વાધ્યાય જૂથ | ચિત્રકામ | - |
| ૧૦ |  | મૂલ્યાંકન | વિદ્યાર્થી પ્રવૃત્તિ | મૂલ્યાંકન જૂથ | પ્રશ્નોતરી | |

પર્યાવરણના ઉપરોક્ત એક માઈલસ્ટોનને આધારે નીચેની બાબતોની ચર્ચા કરો.

(૧) શીખવવાની તમામ બાબતો માત્ર શિક્ષકે શીખવવાની જરૂરિયાત નથી. વિદ્યાર્થીને વ્યક્તિગત અથવા જૂથમાં તેની તક આપવી જોઈએ.

(૨) શીખવવા માટે જુદી-જુદી પદ્ધતિ-પ્રયુક્તિઓ વાપરી શકાય છે.

(૩) જરૂર જણાય ત્યાં TLM ઉપયોગમાં આવે છે.

(૪) એકથી વધુ વખત મહાવરા, દૃઢીકરણ કે મૂલ્યાંકન કરી શકાય છે.

હવે પર્યાવરણ, ધોરણ-૧ના પહેલા માઈલસ્ટોનની લેડર જૂઓ.




આમ, આ પ્રકારે અધ્યાપનચક્ર, કાર્ડ રચના, માઈલસ્ટોન, છાબડી અને લેડર રચના તૈયાર થાય છે.

# ગુજરાતી માઈલસ્ટોન પરિચય

માઈલસ્ટોન નં-૯

**કાર્ડ નં-૧**



૯

**ચકીબેન ચકીબેન**

ચકીબેન, ચકીબેન,
મારી સાથે રમવા
આવશો કે નહીં ? (૨)

બેસવાને પાટલો
ખાવાને રોટલો
સુવાને ખાટલો
આપીશ તને (૨) ચકીબેન....

પહેરવા ને સાડી
મોર પીંછા વાળી
ઘમ્મરીયો ઘાઘરો
આપીશ તને (૨) ચકીબેન....

બા નહીં વઢશે
બાપુ નહીં બોલશે
નાનો તે ભાઈલો
ઊંઘી ગયો (૨) ચકીબેન.....



૯

**ભણતી દીકરી**

રણછોડપુરા નામે ગામ. ગામમાં જીવણભાઈ રહે. જીવણભાઈને એક દીકરી. એનું નામ કાનન. કાનનની માતાનું નામ નીતાબેન. કાનનને ભણવાનું બહુ મન. પણ જીવણભાઈ એને ભણવા ન મોકલે. કહે, 'છોકરીઓને તે કંઈ ભણાવાય !'

ગામની શાળામાં નવાં શિક્ષિકાબહેન આવ્યાં. એમનું નામ દિશાબેન. શાળામાં ઓછી છોકરીઓ ભણવા આવતી જોઈને એમને નવાઈ લાગી. દુઃખ પણ થયું. છોકરીઓ ન ભણે એ તે કેમ ચાલે ? મારે જરૂર કંઈક કરવું જોઈએ. દિશાબેન તો શાળાએથી છૂટીને રોજ ગામમાં જાય. નીતાબેનને મળે. કાનનને પાસે બોલાવે. એની સાથે વાતો કરે. એને વાર્તા કહે, ગીતો સંભળાવે. ગામની બીજી બહેનો પણ મળે. બહેન એમના ઘરે પણ જાય. નીતાબહેનને થયું, બહેન તો બહુ ભલાં છે. આપણી દીકરીને કેળવે એમ છે. એમણે જીવણભાઈને વાત સમજાવી. દીકરીને ભણાવીએ તો એ પણ દિશાબેનની જેમ હોશિયાર બને ! જીવણભાઈના ગળે વાત ઉતરી ગઈ. પછી તો જીવણભાઈ જાતે જ કાનનને નિશાળે મૂકવા જાય. સહુને કહે, દીકરી-દીકરો બેઉ સરખાં.

કાનનને ભણવા જતી જોઈને, બીજી છોકરીઓ પણ નિશાળમાં જવા લાગી. દિશાબેનની મહેનત ફળી.

કાર્ડમાં આપેલ બે બાળગીતો (૧) ચકીબેન... ચકીબેન (૨) આવો મેઘરાજા નું ભાવવાહી અને રસપૂર્ણ અભિનય સહ ગાન કરાવવું. **શ્રવણ કૌશલ્ય**

આ બંને બાળગીત જેટલા બાળકોને રસપૂર્ણ રીતે ગાતાં આવડે તેટલા બાળકોને તેના પછીનું કાર્ડ લેવા કહીશું C બંને બાળગીત પૂરેપુરા મોઢે આવડે તેવું જરૂરી નથી પરંતુ બાળકો આ ગીતને રસપૂર્ણ રીતે ગાતાં ને માણતાં થવા જોઈએ.

કાર્ડમાં આપેલ કન્યા કેળવણીને લગતી ''ભણતી દિકરી'' ની વાર્તા કહી સંભળાવવી વાર્તા સાંભળી બાળકોને ભણતરનું મહત્વ સમજાવવું. ત્યારબાદ બાળક વાર્તા સાંભળી બીજા બાળકને કહેશે. વાર્તા આવડ્યા બાદ પ્રગતિમાપનમાં ટીક કરી બાળકને લેડરમાં જોઈ આગળનું કાર્ડ લેવા કહીશું. **શ્રવણ કૌશલ્ય**

૮-હરણ - બાળક ધો-૧માં વાંચન શીખી ગયેલ છે. જેથી આ કાર્ડમાં આવતાં ચિત્ર જોઈ તેની પાછળ આપેલ શબ્દનું વાંચન કરશે જેમ કે જાસૂદ, ગલૂડિયાં બકરી, નગારું, વૈદ, સૈનિક ચકલી, ઝૂંપડી.

આ સમય દરમિયાન જે બીજા બાળકો તેમના જૂથ અને કાર્ડ પ્રમાણે કાર્ય કરે છે, તેમને જરૂરી માર્ગદર્શન પુરું પાડીશું. **વાંચન કૌશલ્ય**

૮- વાંદરોઃ- કાર્ડમાં લખેલ ક્રિયા પ્રમાણેનો અભિનય બાળક કરશે. જેમ કે પ્રાર્થના કરવી ચાર પગે ચાલવું. દોરડાં કૂદવાં, અદબ વાળવી. **અર્થગ્રહણ/ઉપયોજન**

આ ક્રિયા જેવી બીજી અન્ય ક્રિયાઓ પણ બાળક જાતે કરશે. જેનાથી બાળકની અવલોકન શક્તિ, અભિનય શક્તિનો વિકાસ થશે.




બાળકને ૯ વાંચતા વાંદરા પ્રમાણેની અર્લી રીડર બુક આપી વાંચવા કહેવું.

**વાંચન કૌશલ્ય**

કાર્ડમાં આપેલ ''સમજુ બકરી'' ની વાર્તા વાંચશે. અઘરા શબ્દોનો સ્વઅધ્યયન દ્વારા વધારે મહાવરો કરશે.




આ કાર્ડમાં પેન્સિલવાળો હાથ હોવાથી તે કાર્ડ સ્વઅધ્યયન પોથીમાં લખવાનું છે. બાળક સ્વઅધ્યયનપોથી લેશે જેમાં ચિત્ર જોઈ તેના શબ્દમાં જે મૂળાક્ષર ખૂટતો હશે તે બાળક લખશે.

**લેખન કૌશલ્ય**

બાળક લખેલા મૂળાક્ષર પ્રમાણે જોડણી સાચી લખે તેનું ધ્યાન રાખવું બાળકે આ કાર્ડ લખી લીધા બાદ શિક્ષકે ચકાસવું બાળકના લેખન પ્રમાણે તેને તેની સ્વઅધ્યનયન પોથીમાં પ્રતીક આપવું જેમ કે-સ્ટાર હસતો ચહેરો, રોતો ચહેરો.




કાર્ડમાં આપેલ શબ્દોનું વાંચન કરાવવું ત્યારબાદ તે શબ્દો સ્વઅધ્યનપોથીમાં સાચી જોડણી સાથે લખવા કહેવા.

**વાંચન/લેખન કૌશલ્ય**

બાળક શબ્દનું લેખન સુંદર અક્ષરે કરે તે માટે જરૂરી માર્ગદર્શન આપવું. કાર્ડ પૂર્ણ થયા બાદ પ્રગતિમાપનમાં ટીક કરી બાળકને આગળનું કાર્ડ લેવા કહેવું.




શબ્દ શતરંજમાંથી નમૂના પ્રમાણે શબ્દો શોધી તેના ફરતે □ કરી બાજુમાં આપેલી જગ્યામાં તે શબ્દોનું લેખન કરવા કહેવું.

**લેખન કૌશલ્ય**

બાળકે શોધેલ શબ્દો અર્થપૂર્ણ તથા જોડણી પ્રમાણે સાચા હોવા જોઈએ બાજુમાં આપેલ ખાનામાં પણ બાળક સુંદર અક્ષરે સાચી જોડણી સાથે લખે તેનું ધ્યાન રાખવું.





કાર્ડ પ્રમાણે બાળક સ્વઅધ્યયન પોથીમાં ચિત્ર સામે શબ્દ જોડશે, ચિત્ર જોઈ શબ્દ લખે, મૂળાક્ષર પરથી બીજા શબ્દ બનાવી લખશે. ત્યારબાદ આપેલ ચિત્રમાં રંગપૂરણી કરશે.

બાળકના લેખન બાદ તેની સ્વઅધ્યયનપોથી ચકાસી જરૂરી માર્ગદર્શન આપવું. આ કાર્ડ પુરું થયા પછી બાળકનો એક માઈલસ્ટોન સંપૂર્ણ રીતે પૂરો થશે. ત્યારબાદ તેને બીજા માઈલસ્ટોનમાં લઈ જવો.

★ ગુજરાતીના દરેક ધોરણમાં ૨-૨ માઈલસ્ટોનનું ઉપર મુજબ જૂથકાર્ય કરાવો.

# ગણિત માઈલસ્ટોન પરિચય

વર્ગખંડમાં ગણિત શિક્ષણ દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતાં વર્ગવ્યવહારમાં વિવિધ પદ્ધતિઓ, પ્રવિધિઓ તેમજ પ્રવૃત્તિઓ જોવા મળતી હોય છે. કોઈ ચોક્કસ એકમને શીખવવા માટે શિક્ષક ગણિત શિક્ષણથી આગમન-નિગમન પદ્ધતિનો કે અન્ય પદ્ધતિનો ઉપયોગ કરીને સંકલ્પનાનું સ્પષ્ટીકરણ કરે છે. એ સંકલ્પનાને દૃઢ કરાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કે પ્રવિધિઓનો ઉપયોગ કરે છે. આ દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થી બંનેની ભૂમિકા અલગ હોય છે. આ તમામ બાબત ગણિતના માઈલસ્ટોનમાં પ્રતિબિંબિત થાય છે જે પરત્વે શિક્ષકોનું ધ્યાન દોરવું. શિક્ષક મોડયુલના પ્રશ્નોની ચર્ચા કરતાં જઈ માઈલસ્ટોન રચનાની હાર્દરૂપ બાબત સ્પષ્ટ કરવી.





**પ્ર.૧ : વિદ્યાર્થી આ કાર્ડ લઈ કઈ છાબડીમાં બેસશે ?**

જવાબ : છાબડી-૩ (સહપાઠી જૂથ)

**પ્ર.૨ : આ કાર્ડ દ્વારા વિદ્યાર્થીમાં કયા ગાણિતિક કૌશલ્યનો વિકાસ થાય છે ?**

જવાબ : **કથન**

**પ્ર.૩ : આ કાર્ડને અનુરૂપ કયા-કયા TLM બનાવી શકાય ?**

જવાબ :- ૧૧થી૨૦ સંખ્યા ના સંખ્યાકાર્ડ બનાવવા.

- દિવાસળીના ખાલી બોક્ષનો ઉપયોગ કરી સીડી બનાવવી સંખ્યાને સીધા અને ઉલટા ક્રમમાં ગોઠવવા આપી શકાય.
- સંખ્યા બ્લોક બનાવી ગોઠવવી શકાય
- સંખ્યા સીડી બનાવી સંખ્યા કાર્ડ લટકાવી શકાય.



**પ્ર.૪ : આ કાર્ડ દ્વારા કયા વિષયવસ્તુનું મૂલ્યાંકન કરી શકાય ?**

જવાબ : ૧૧થી૨૦ સુધીની સંખ્યાઓનું સીધા અને ઉલટાક્રમમાં લખવાનું મૂલ્યાંકન કરી શકાય

**પ્ર.૫ : આ કાર્ડ અધ્યયનચક્રનો કયો ભાગ દર્શાવે છે ?**

જવાબ : **મૂલ્યાંકન**



**પ્ર.૬ : આ કાર્ડ શીખવવા માટે શિક્ષક તરીકે તમે કઈ તૈયારી કરશો ?**

જવાબ : સંખ્યાના ચિત્રો બનાવવાં.

- મૂર્ત વસ્તુના ચિત્રો એકઠા કરવા.
- મૂર્ત વસ્તુઓનો એકઠી કરવી.
- ૧૦ થી ૨૦ અંક કાર્ડ ના બે ત્રણ જૂથ બનાવવા



**પ્ર.૭ : આ કાર્ડ લઈને વિદ્યાર્થી ક્યાં બેસશે અને શું કરશે ?**

જવાબ : છાબડી-૫ માં અને સ્વાધ્યાયપુસ્તિકા લઈ કાર્ડ અનુરૂપ લેખન કાર્ય કરશે.

**પ્ર.૮ : આ કાર્ડ દ્વારા કયા ગાણિતિક કૌશલ્યનો વિકાસ થાય છે ?**



જવાબ : ગણન અને લેખન કૌશલ્યનો વિકાસ થાય છે.

**પ્ર.૯ : આ કાર્ડનું વિષયવસ્તુ શું છે ?**

જવાબ : મૂર્ત વસ્તુની મદદથી જવાબ ૧૮ થી વધે નહિ તેવા વદી વગરના સરવાળા



**પ્ર.૧૦ : આ કાર્ડ છાબડી નંબર-૩માં શા માટે મૂકવામાં આવેલ છે ?**

જવાબ : સાથી મિત્રની મદદથી ગણતરી મહાવરો કરાવવાના આશયથી છાબડી ઉપર કાર્ડ મૂકેલ છે.

- વિદ્યાર્થી વિદ્યાર્થી ની સામગ્રી વચ્ચેની આંતરક્રિયાના હેતુથી



**પ્ર.૧૧ : આ બે કાર્ડ વચ્ચેનો તફાવત શું છે ?**

જવાબ : કલકલિયો-૧ ચિત્રોની મદદથી ઉભા સરવાળા છે જ્યારે સમડી-૨માં ચિત્રોની - આડા સરવાળા છે.



- કલકલિયો ૧ સ્વાધ્યાય છાબડી-૫માં બેસીને વ્યક્તિગત કાર્ય કરવાનું છે. જ્યારે સમડી-૨ માં દૃઢિકરણ કરવા છાબડી-૪ માં જરૂણ જણાય તો સાથી ની મદદ લઈને કાર્ય કરવાનું છે.



**પ્ર.૧૨ : આ કાર્ડને અનુરૂપ TLM બોક્ષમાં કઈ સ્થાનિક સામગ્રી મૂકશો ?**

જવાબ : મણકા, લખોટી, માચીસબોક્ષ, બીંયા, ક્યૂકા, સ્ટ્રો, દિવાસળી બોટલના ઢાંકણ, પથ્થર, વગેરે



**પ્ર.૧૩ : આ કાર્ડ જેવું જ બીજું કાર્ડ તૈયાર કરો.**

જવાબ : શિક્ષકોએ બનાવેલ કાર્ડને જોયું બધાને બતાવવું અને ચર્ચા કરવી.



**પ્ર.૧૪ : આ કાર્ડનો હેતુ શો છે ?**

જવાબ : ૧થી૪ માઈલસ્ટોનના વિભાગીય મૂલ્યાંકન માટે છે.

૧થી૪ માઈલસ્ટોનનું નિદાન કરવું અને ઉપચારાત્મક કાર્યનો હેતુ રહેલો છે.

**પ્ર.૧૫ : આ કાર્ડનું વિષયવસ્તુ શું-શું છે ?**

જવાબ :
- ગણતરી કરી સંખ્યા લગાવવી
- નાની સંખ્યા પર ✓ કરાવવું
- મોટી સંખ્યા પર ✓ કરાવવું
- સરવાળો કરાવવો
- ખૂટતી સંખ્યા લખાવવી

**પ્ર.૧૬ : આ કાર્ડનો ઉપયોગ શું ?**

જવાબ : ૧થી૪ માઈલસ્ટોનનું વિભાગીય મૂલ્યાંકન કરવા.

| ક્રમ | અધ્યયન-અધ્યાપન ચક્રનો તબક્કો | ભૂમિકા | | અધ્યાપન | અધ્યયન પદ્ધતિ સામગ્રી | પ્રવૃત્તિ |
|---|---|---|---|---|---|---|
| | | શિક્ષક | વિદ્યાર્થી | | | |
| ૧. | સંકલ્પના પ્રવેશ | ✓ | ✓ | ચિત્રો, મૂર્તવસ્તુ, સંખ્યા કાર્ડ | આગમન-નિગમ | મૂર્તવસ્તુઓ, ગણતરી |
| ૨. | સંકલ્પના સ્પષ્ટીકરણ/સમજ | ✓ | ✓ | ચિત્રો, મૂર્તવસ્તુ, સંખ્યા કાર્ડ | નિદર્શન | મૂર્તવસ્તુઓની ગણતરી |
| ૩. | સંકલ્પનાનું દૃઢીકરણ | | ✓ | ચિત્રો, મૂર્તવસ્તુ, સંખ્યા કાર્ડ | આગમન નિગમ | મૂર્તવસ્તુઓની ગણતરી |
| ૪. | સ્વ. અધ્યયન | | ✓ | સ્વાધ્યાય પુસ્તિકા, મૂર્તવસ્તુ | | મૂર્તવસ્તુઓની ગણતરી |
| ૫. | ઉપયોજન | | ✓ | – | – | – |
| ૬. | આકલન/મૂલ્યાંકન/નિદાન/ઉપચાર | | ✓ | મૂર્તવસ્તુ | મૂલ્યાંકન પદ્ધતિ | મૂર્તવસ્તુની ગણતરી |

- સંખ્યાજ્ઞાન શીખવવાના સોપાનો નીચે મુજબના છે.

  (૧) શ્રવણ

  (૨) કથન

  (૩) ગણન

  (૪) સમજ

  (૫) ઓળખ- અંકમાં શબ્દમાં

  (૬) લેખન-અંકમાં શબ્દમાં

  (૭) ઉપયોજન

  (૮) મૂલ્યાંકન

ઉપરોક્ત દરેક સોપાન માટે શિક્ષકની કઈ-કઈ પવૃત્તિ હશે તથા વિદ્યાર્થીઓની કઈ-કઈ પ્રવૃત્તિઓ હશે તેની ચર્ચા કરવી. તથા મોડ્યુલમાં માઈલસ્ટોન-જના કાર્ડ અંગે નોંધ કરાવવી.

આ ઉપરાંત માઈલ્સ્ટોનમાં ઉપરોક્ત તમામ સોપાનો સમાવિષ્ટ છે. જે શિક્ષકને જાણ હોય કે ના હોય તો પણ તે આ ક્રમમાં શીખવે છે. વળી દરેક સંકલ્પના શીખવાના દરેક તબક્કે બાળકનું મૂલ્યાંકન કરવામાં આવે છે. તેમ જ બાળકની જરૂરિયાત અનુસાર ઉપચારાત્મક કાર્ય કર્યા બાદ આગળ વધવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. એક માઈલસ્ટોન એટલે કોઈ એક પાઠ/ એકમ/સંકલ્પના શીખવવા માટેની તમામ બાબતોનો સંપૂટ. આ બાબત પરત્ત્વે શિક્ષકમિત્રોનું ધ્યાન દોરવું.

ગણિતના દરેક ધોરણના ૨-૨ માઈલસ્ટોનનું જૂથકાર્ય યોજી નિદર્શન કરાવો.

# પર્યાવરણ-માઈલસ્ટોન પરિચય

→ પર્યાવરણ વિષય એ અવલોકન, સંવેદના અને અનુભૂતિના શિક્ષણ માટે છે. પર્યાવરણ એ પર્યાવરણના માધ્યમથી જ શિખવવામાં આવે તે અનિવાર્ય છે. વળી, પ્રજ્ઞા અભિગમ એ પ્રવૃતિલક્ષી હોઈ પર્યાવરણ વિષય પ્રવૃત્તિ દ્વારા અને પર્યાવરણના માધ્યમનો ઉપયોગ કરી શિખવવામાં આવે તો ગુણવત્તાપૂર્વક શિક્ષણમાં આપણને ચોક્કસ મદદ મળશે.

અહીં એક માઈલસ્ટોન વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી છે તેની ચર્ચા કરો.

પર્યાવરણના માઈલસ્ટોન 'ખોરાકની જરૂરિયાત'નો પરિચય આપો.



- આ ગીતનું શિક્ષકો પાસે ગાન કરાવવાનું છે.
- આ ગીત અને તેણે આધારે માઈલસ્ટોનના હેતુઓને સાંકળીને ચર્ચા કરવાનું રાખવું.
- આ માઈલસ્ટોનના હેતુની સિદ્ધિ માટે અન્ય ગીતો અને જોડકણાંની વિગતો પણ આપવી.
- ખોરાકનું મહત્ત્વ સમજાવી શકાય તેવાં ગીત કે જોડકણાંનું વર્ગમાં ગાન કરાવવાનું આયોજન કરવું.

- **જુઓ અને લખો :**

| | કયું ગીત છે ? | કયો હેતુ સિદ્ધ | અન્ય કયું ગીત હોઈ શકે ? |
|---|---|---|---|
|  | | | |
|  | | | |
|  | | | |

- અહીં ઢોલકના ચિહ્નોમાં આપેલ ગીતની નોંધ કરાવવાની છે.
- આ ગીત કયા હેતુ માટે છે તેની નોંધ કરવી ચર્ચાનું આયોજન કરવું.
- આ એકમના હેતુ માટે અન્ય ઉપલબ્ધ ગીતની પણ ચર્ચા કરાવવાનું રાખવું.
- ગીત અને તેના કારણે સિદ્ધ થતાં હેતુ અંગે શિક્ષકો સાથે ચર્ચા કરી સમજ આપવી.
- શિક્ષકો પાસે ઉપલબ્ધ હોય તેવાં અને અન્ય સ્થાનિક ગીતોનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન આપવું.

## આપનું ગીત લખો :

- અહીં શિક્ષકો પાસે ઉપલબ્ધ હોય તેવાં ગીતનું લેખન કરાવવાનું છે.
- ઢોલક-૨ અને ઢોલક-૩ના હેતુનું અન્ય ગીત નોંધવા માર્ગદર્શન આપવું.
- ગીતની નોંધ થઈ જાય એટલે શિક્ષકે નોંધેલ ગીતનું ગાન કરાવવાનું આયોજન કરવું.
- કોઈ એક કે બે શિક્ષકોના ગીતનું ગાન કરાવવાનું રાખવું.








- અહીં ચકા અને ચકીની વાર્તા આપેલ છે.
- આ વાર્તા જેવી અન્ય વાર્તા કઈ હોઈ શકે તેની ચર્ચા કરવી.
- કોઈ એક શિક્ષક પાસે સ્થાનિક કે અન્ય ઉપલબ્ધ વાર્તાનું વર્ગમાં કથન કરાવવું.

**વાર્તા કથન વખતે શું કરવું અને શું ન કરવું તે અંગેની વિગતો ચર્ચા કરવી.**

| વાર્તા કહેતા આટલું કરીએ : | વાર્તા કહેતા આવું ના જ કરીએ : |
|---|---|
| ● હાવભાવ સાથે વાર્તા કહેવી. | ● વાર્તા કહેતી વખતે પૂરક પ્રશ્નો ન કરીએ |
| ● બાળકો સમજી શકે તેવી શૈલીમાં વાર્તા કહેવી. | ● બાળકોને વાર્તા કહેતી વખતે રસભંગ થાય તેવું ન કરીએ. |
| ● સ્થાનિક બોલીમાં વાપરતા શબ્દોનો ઉપયોગ કરીએ. | ● બાળકને વાર્તા દરમિયાન સવાલ કરતાં ન રોકીએ. |
| ● વાર્તામાં આવતા પાત્રોનું સંપૂર્ણ વર્ણન કરીએ. | ● પોતાના અનુભવોને વધુ મહત્ત્વ ન આપીએ. |
| ● બાળકોને પૂર્વાનુભાવને આધારે જ વાર્તાને આગળ ધપાવીએ. | ● વાર્તાને અંતે ઉપદેશ ન આપીએ. |

- **જુઓ અને લખો :**

| | કઈ વાર્તા છે ? | કયો હેતુ સિદ્ધ થાય | અન્ય કોઈ વાર્તા હોઈ શકે ? |
|---|---|---|---|
|  | | | |
|  | | | |
|  | | | |

- અહીં દાદીના વિશે ચિહ્નોમાં આપેલ વાર્તાના શીર્ષકની નોંધ કરાવવાની છે.
- આ વાર્તા કયા હેતુ માટે છે તેની નોંધ કરવી. ચર્ચાનું આયોજન કરવું.
- આ એકમના હેતુ માટે અન્ય ઉપલબ્ધ વાર્તાની પણ ચર્ચા કરાવવાનું રાખવું.
- વાર્તા અને તેના કારણે સિદ્ધ થતાં હેતુ અંગે શિક્ષકો સાથે ચર્ચા કરી સમજ આપવી.
- શિક્ષક પાસે ઉપલબ્ધ હોય તેવી અન્ય સ્થાનિક વાર્તાનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન આપવું.

**વિચારો અને લખો :**

**મારી વાર્તા :**

**ઉપર પૈકી કોઈ પણ એક કાર્ડ માટેની વાર્તાના મુદ્દા લખો :**

- વિવિધ ત્રણ એકમો માટેના હેતુઓની શિક્ષકો સાથે ચર્ચા કરવી.
- દાદીમા-૨ અને ૪ની વાર્તા કયા-કયા હેતુ માટે છે તેની ચર્ચા કરવી.
- શિક્ષકોને ચોક્કસ હેતુ માટેની અન્ય વાર્તાતી પસંદગી માટે જૂથમાં ચર્ચા કરાવવી.
- શિક્ષકોએ પોતાની રીતે નક્કી કરેલ ચોક્કસ વાર્તા અહીં લખવા માટે માર્ગદર્શન આપવું.



- **જુઓ અને લખો :**

| | કઈ રમત છે ? | કયો હેતુ સિદ્ધ થાય ? | અન્ય કઈ વાર્તા હોઈ શકે ? |
|---|---|---|---|
|  | | | |
|  | | | |
|  | | | |

- અહીં કેરમના ચિહ્નોમાં આપેલ રમત અંગેની નોંધ કરાવવાની છે.
- આ રમત કયા હેતુ માટે છે તેની નોંધ કરવી ચર્ચાનું આયોજન કરવું.
- આ એકમના હેતુ માટે અન્ય ઉપલબ્ધ રમતની પણ ચર્ચા કરાવવાનું રાખવું.
- રમત અને તેના કારણે સિદ્ધ થતાં હેતુ અંગે શિક્ષકો સાથે ચર્ચા કરી સમજ આપવી.
- શિક્ષકો પાસે ઉપલબ્ધ હોય તેવી અન્ય સ્થાનિક રમતનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન આપવું.

## ● આપની રમત લખો :










- અહીં આપેલ કાર્ડનું નિરીક્ષણ કરાવવાનું છે.
- આ નિરીક્ષણને આધારે શિક્ષકો સાથે ચર્ચા કરવી.
- આ કાર્ડની વિગતોને આધારે શું-શું જાણી શકાય તેની ચર્ચા કરવી.
- અહીં આપેલ વિગતોથી કયા મુદ્દા શીખવી શકાય તેની ચર્ચા કરવી.

- **જુઓ અને લખો :**

| | શું શીખવવા માટેની પ્રક્રિયા છે ? | આપ આ માટે નવું શું કરાવી શકો ? |
|---|---|---|
|  | | |
|  | | |

- ઉપરોક્ત ચિહ્ન ધરાવતા કાર્ડની ચર્ચા કરવી.
- આ કાર્ડ દ્વારા શું શીખવવાનું છે તેની નોંધ કરાવવી.
- આ વિગતો શીખવવા શું નવતર કરી શકાય તે અંગેની ચર્ચા કરવી.

- **વિચારો અને લખો :**



- આ પ્રવૃત્તિ કઈ રીતે ઉપયોગી છે ?
- આધારે કઈ-કાઈ બાબતો જાણી શકાય ?
- આપ આ વિગતોને આધારે શું કરશો ?

ઉપરોક્ત ત્રણેય સવાલ માટે વિવિધ ત્રણ જૂથ પાડવા. આ જૂથને ચોક્કસ એક પ્રકારની વિગતો ચર્ચા કરી નોંધ કરવા કહેવું. પાંચથી દસ મિનિટની ચર્ચાને અંતે પ્રત્યેક જૂથ પોતાની વિગતોની રજૂઆત કરે તેવું આયોજન કરવું અન્ય બે પ્રશ્નો અન્ય જૂથ રજૂ કરે ત્યારે, તેની નોંધ કરાવવાનું માર્ગદર્શન આપવું.

શિક્ષકોની સંખ્યાને ધ્યાનમાં રાખી ત્રણથી ચાર શિક્ષકો એક જૂથમાં આવે તેવી વ્યવસ્થા કરવી. ત્રણ વર્ષ કરતાં વધારે જૂથ બને ત્યારે એક પ્રશ્ન, એક કરતાં વધારે જૂથને આપી, તેની ચર્ચા અને નોંધ કરાવવાનું આયોજન કરવું.



|  | શું શીખવવા માટેની પ્રક્રિયા છે ? | આપ આ માટે નવું શું કરવી શકો ? |
| --- | --- | --- |
| | | |
|  | | |

- ઉપરોક્ત ચિહ્નોને આધારે ચર્ચા કરવી.
- આ ચિહ્નો દ્વારા શું શીખવી શકાય તે માટે ચર્ચા કરવી.
- કોઈ નવતર પ્રક્રિયા કે ચર્ચાના મુદ્દાઓની પણ નોંધ કરાવવાનું રાખવું.
- સ્થાનિક પરિસ્થિતિને આધારે ચર્ચામાં શું-શું મુશ્કેલી પડે છે તેની પણ ચર્ચા કરાવવી.

**વિચારો અને લખો :**

| ચર્ચા : અને ચર્ચા : ૪માં શું તફાવત છે. | |
| --- | --- |
| ચર્ચા : ૩ના મુદ્દા | ચર્ચા : ૩ના મુદ્દા |
| | |
| | |
| | |
| | |



- ઘરના ચિત્રને આધારે ચર્ચા કરાવવાની છે.
- ચોક્સાઈ અને તેના ફાયદાની ચર્ચા કરવાની છે.
- આ જ રીતે શાળાના ચિત્રોને આધારે ચર્ચા કરાવવાની છે.
- ઘરના ચિત્રો દ્વારા ગંદુ ઘર અને ચોખ્ખા ઘરની ચર્ચા કરાવવાની છે.
- ઘર કે શાળાને ચોખ્ખી રાખવા શું-શું કરવું જોઈએ તેની ચર્ચા કરવાની છે.



- કઈ સામગ્રી શેમાંથી બને તેની ચર્ચા કરવાની છે.
- વાનગીઓના કરેલ નિરીક્ષણને આધારે ચર્ચા કરવાની છે.
- જમવાનું શું ભાવે અને તે કઈ રીતે બને તેની ચર્ચા કરવાની છે.
- શાકભાજી અને ફળ અંગે વિદ્યાર્થીઓ સાથે શિક્ષકે ચર્ચા કરવાની છે.
- ભૂખ લાગે તો શું થાય અને વિદ્યાર્થીઓ શું ખાય તેની ચર્ચા કરવાની છે.



- આ કાર્ડમાં તમે શું કરશો ?
- સ્થાનિક પર્યાવરણને આધારે આ કાર્ડમાં તમે શું કરશો ?
- ખોરાકની જરૂરિયાત અંગે આ કાર્ડમાં શું-શું કરી શકાય ?

સ્ટાર કાર્ડ માત્ર પર્યાવરણ વિષયમાં જ છે. અહીં શિક્ષક સ્થાનિક પર્યાવરણ, પરિસ્થિતિ અને વિદ્યાર્થીને વધુ અને વિગતવાર સમજાવવા માટે આ કાર્ડ આપવામાં આવેલ છે. આ કાર્ડ દરેક શિક્ષક પોતાની રીતે વાપરે અને વિદ્યાર્થીઓને અનુભવ પૂરા પાડે તેવી અપેક્ષા છે.

ઉપરોક્ત ત્રણેય સવાલ માટે વિવિધ ત્રણ જૂથ પાડવા. આ જૂથને ચોક્કસ એક પ્રશ્નની વિગતો ચર્ચા કરી નોંધ કરવા કહેવું. પાંચથી દસ મિનિટની ચર્ચાને અંતે પ્રત્યેક જૂથ પોતાની વિગતોની રજૂઆત કરે તેવું આયોજન કરવું. અન્ય બે પ્રશ્નો અન્ય જૂથ રજૂ કરે ત્યારે તેની નોંધ કરાવવાનું માર્ગદર્શન આપવું.

શિક્ષકોની સંખ્યાને ધ્યાનમાં રાખી ત્રણથી ચાર શિક્ષકો એક જૂથમાં આવે તેવી વ્યવસ્થા કરવી. ત્રણ કરતાં વધારે જૂથ બને ત્યારે એક પ્રશ્ન એક કરતાં વધારે જૂથમાં આપી તેની ચર્ચા અને નોંધ કરાવવાનું આયોજન કરવું.

**વિચારો અને લખો :**




- ઢોલક : ૪ અને ઢોલક : ૫ ના કાર્ડમાં કેમ એક જ ગીત છે ?
- ઢોલક : ૫ ના ગીતમાં કઈ પંક્તિઓ ઉમેરી છે ?
- ઢોલક : ૫ માં કેમ પંક્તિઓ ઉમેરી હશે ?

ઉપરોક્ત ત્રણેય સવાલ માટે વિવિધ જૂથ ત્રણ જૂથ પાડવા. આ જૂથને ચોક્કસ એક પ્રશ્નની વિગતો ચર્ચા કરી નોંધ કરવા કહેવું. પાંચથી દસ મિનિટની ચર્ચાને અંતે પ્રત્યેક જૂથ પોતાની વિગતોની રજૂઆત કરે તેવું આયોજન કરવું અન્ય બે પ્રશ્નો અન્ય જૂથ કરે ત્યારે તેની નોંધ કરવાવાનું માર્ગદર્શન આપવું.

શિક્ષકોની સંખ્યાને ધ્યાનમાં રાખી ત્રણથી ચાર શિક્ષકો એક જૂથમાં આવે તેવી વ્યવસ્થા કરવી. ત્રણ કરતાં વધારે જૂથ બને ત્યારે એક પ્રશ્ન એક કરતાં વધારે જૂથને આપી તેની ચર્ચા અને નોંધ કરાવવાનું આયોજન કરવું. અહીં ઢોલક ચારના કાર્ડમાં 'નિશાળ ભણી ભાગ્યો રે...' સુધીનું જે ગીત છે. જ્યારે ઢોલક : ૫ (પાંચ)માં આખું ગીત મૂકવામાં આવ્યું છે. અહીં શરૂઆતના કાર્ડમાં નિશાળ સુધી જવાની સાથે શરીરને એન્જિન સાથે સરખાવવામાં આવ્યું છે. ખોરાકની મહત્ત્વની વાત કરવામાં આવી છે. જ્યારે ઢોલક : ૫ (પાંચ)માં આપેલ ગીત શાળામાંથી પરત ફરવાની વિગત સાથે ઘરે જઈ ભૂખ લાગી હોય તેની વિગતો દર્શાવે છે. આ વિગતોની શિક્ષકોને સમજ આપવી. આ સમજ આપતા પહેલાં તેમણે જૂથમાં કાર્ય કરવા દેવું.

**વિચારો અને લખો :**




- વિદ્યાર્થીઓને શા માટે અભિનય કરાવવો જોઈએ.
- અભિનય કરાવતા શું ધ્યાનમાં રાખવું જોઈએ ?

ઉપરોક્ત બંને સવાલ માટે વિવિધ શિક્ષકોની સંખ્યાને આધારે બે-બેના જૂથ પાડવા. આ જૂથને ચોક્કસ એક પ્રશ્નની વિગતો ચર્ચા કરી નોંધ કરવા કહેવું. પાંચથી દસ મિનિટની ચર્ચાને અંતે કોઈ એક જૂથ પોતાની વિગતોની રજૂઆત કરે તેવું આયોજન કરવું.

## અભિનય માટે આટલું :

- અભિનય કરાવતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખવું.
- અભિનય વખતે વિદ્યાર્થીઓ માત્ર અભિનય ન કરે તે જોવું.
- અભિનયનો હેતુ વિગતો શીખવવા માટે છે તે માટે પ્રયત્ન કરવો.
- વિવિધ ખાદ્યસામગ્રી ખાવાનો અભિનય કરીને માર્ગદર્શન આપવું.
- અભિનય વખતે વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન જોઈ, ચકાસી શકાય તેની સમજ આપવી.
- વિદ્યાર્થીના અવલોકનને આધારે વધુ અસરકારક અભિનય થઈ શકે તેની સમજ આપવી.




## વિચારો અને લખો :

- સર્જનાત્મક કાર્ય એટલે શું ?
- રંગ પૂરવાના કાર્યને સર્જનાત્મક કાર્ય માની શકાય ? કેમ ?

ઉપરોક્ત બંને સવાલ માટે વિવિધ શિક્ષકોની સંખ્યાને આધારે બે-બેના જૂથ પાડવા. આ જૂથને ચોક્કસ એક પ્રશ્નની વિગતો ચર્ચા કરી નોંધ કરવા કહેવું. પાંચથી દસ મિનિટની ચર્ચાને અંતે કોઈ એક જૂથ પોતાની વિગતોની રજૂઆત કરે તેવું આયોજન કરવું.

સર્જનાત્મક એ સ્વતંત્ર સર્જનને માટે વપરાતો શબ્દ છે. જ્યારે અહીં માત્ર રંગ પૂરવાની વાત છે. હા, રંગ પૂરવાથી સર્જનાત્મકતા તરફ વિદ્યાર્થીને દોરી શકાય પરંતુ બધાં જ બાળકો એક જ સરખા ચિત્રમાં શિક્ષકની સૂચનાથી રંગ પૂરે ત્યારે તે સર્જનાત્મકતાને બદલે માત્ર એક પ્રવૃત્તિ કે આદેશનું પાલન કરી રહે છે. આ વિગતો અંગે શિક્ષકો સાથે ચર્ચા કરવી અને તેમણે આ બંને મુદ્દાઓનું માર્ગદર્શન આપવું.

- **જુઓ વિચારો લખો :**
  - **શું તફાવત છે ?**

| વિગત | મૂલ્યાંકન : ૩ | મૂલ્યાંકન : ૪ | મૂલ્યાંકન : ૫ |
|---|---|---|---|
| એકમના હેતુઓ | | | |
| એકમનું પૂર્વજ્ઞાન | | | |
| મૂલ્યાંકનની રીત | | | |
| મૂલ્યાંકનના મુદ્દા | | | |
| અન્ય કઈ રીતે ચકાસી શકાય ? | | | |
| મૂલ્યાંકન માટે આપ શું કરશો ? | | | |

ઉપરોક્ત ત્રણેય ચિહ્નો માટે વિવિધ ત્રણ જૂથ પાડવા. આ જૂથને દરેક પ્રકારની વિગતો ચર્ચા કરી નોંધ કરવા કહેવું. પાંચથી દસ મિનિટની ચર્ચાને અંતે પ્રત્યેક જૂથ પોતાની વિગતોની રજૂઆત કરે તેવું આયોજન કરવું. કોઈ પણ જૂથ પોતાની વિગતો રજૂ કરે ત્યારે અન્ય જૂથના શિક્ષકો પણ પોતાના વિચારો રજૂ કરે તેવું આયોજન કરવું.

આસપાસની સ્વચ્છતા... ખોરાકની જરૂરિયાત અને શાકભાજી અંગેના માઈલસ્ટોનના મૂલ્યાંકન માટે એકમના હેતુઓ, એકમનું પૂર્વજ્ઞાન, મૂલ્યાંકનની રીત, મૂલ્યાંકનના મુદ્દા, અન્ય કઈ રીતે ચકાસી શકાય ? અને મૂલ્યાંકન માટે આપ શું કરશો તે અંગે શિક્ષક આવૃત્તિને આધારે ચર્ચા માટે જરૂરી નોંધ કરવા માટે માર્ગદર્શન આપવું.

શિક્ષકોની સંખ્યાને ધ્યાનમાં રાખી ત્રણથી ચાર શિક્ષકો એક જૂથમાં આવે તેવી વ્યવસ્થા કરવી. ત્રણ કરતાં વધારે જૂથ બને ત્યારે એક પ્રશ્ન એક કરતાં વધારે જૂથને આપી તેની ચર્ચા અને નોંધ કરાવવાનું આયોજન કરવું.

**નોંધ :**

- તાલીમ વખતે એક કાર્ડ પેપરનો સૂચન નોંધવા ઉપયોગ કરવો.
- વર્ગખંડમાં કાર્ડ પેપર ઉપર પ્રત્યેક મુદ્દાની ચર્ચા અને તેની વિગતો નોંધાવાનું રાખવું.
- ચર્ચાના મુદ્દાની નોંધ શિક્ષકો પણ પોતાના મોડ્યુલમાં કરે તેવું આયોજન કરવું.
- પર્યાવરણના ૨-૨ માઈલસ્ટોનનું જૂથકાર્ય યોજી તેનું નિદર્શન કરાવો.

# જાણીએ અંગ્રેજી શિક્ષણ

**૧. અંગ્રેજી ભાષા શિક્ષણ :**

વિદ્યાર્થીએ ધો.૧ થી ૪ દરમિયાન માતૃભાષા ગુજરાતી અને રાષ્ટ્રભાષા હિન્દીનો પરિચય કેળવ્યો છે. અહીં અંગ્રેજી ભાષાના પ્રારંભિક પરિચય અને તેના વ્યાવહારિક જ્ઞાન માટેનો પ્રયાસ થયો છે. અહીં પ્રજ્ઞા અભિગમ અંતર્ગત વિકસીત કરવામાં આવેલ અભ્યાસ બિંદુઓ વિદ્યાર્થીઓની રુચિ, વય અને સાંપ્રત સમયને ધ્યાનમાં રાખીને નિર્માણ થયા છે. વર્ષ દરમિયાન આઠ જેટલા માઈલસ્ટોન દ્વારા વિદ્યાર્થી અંગ્રેજી ભાષાનો પ્રારંભિક પરિચય મેળવી પોતાની દક્ષતા કેળવે તેવો આશય શિક્ષકો પાસે રખાયો છે.

**૨. ધો.૫ના અભ્યાસ બિંદુ :**

- સામાન્ય સૂચનો
- ચીજવસ્તુ અને સાધનિક સામગ્રીઓનો પરિચય
- વ્યક્તિ પરિચય
- માલિકી અને સંબંધ
- થયેલી અને ચાલતી ક્રિયાઓનું વર્ણન
- પ્રારંભિક અભિવાદનો
- સ્થાન/સ્થળદર્શક શબ્દો
- વસ્તુ પરિચય/ઉપયોગિતા
- વ્યવસાયકારોના કાર્ય સ્થળ અને સાધનિક સામગ્રીનો પરિચય

**૩. આધાર સ્તંભરૂપ પ્રવૃત્તિઓ :**

ભાષાના પાયારૂપ ચાર કૌશલ્યો-શ્રવણ, કથન, લેખન, વાચનને કેળવવા માટે વર્ષ દરમિયાન કરવાની અધ્યાપન પ્રવિધિઓ મૂકવામાં આવી છે.

૧. **શ્રવણ** : પ્રાર્થના, અભિનય ગીત, વાર્તા, જોડકણાં, સૂચનો, વર્ણન, પ્રવૃત્તિ માહિતી.

૨. **કથન** : પ્રાર્થના, જોડકણા, મુખ વાંચન, પ્રશ્નોત્તરી, ગીત, વાર્તા, પ્રવૃત્તિ, રમત, નિદર્શન, રજૂઆત.

૩. **લેખન** : માહિતી, અનુલેખન, સ્વતંત્ર લેખન, શ્રુતલેખન, અર્થપૂર્ણ અનુલેખન, એકત્રિત માહિતી લેખન, પ્રકલ્પ લેખન.

૪. **વાચન** : વાર્તા, ગીત, પ્રાર્થના, જોકડણાં, પ્રવૃત્તિ સૂચન, પ્રકલ્પ સૂચન, વિશેષ વાચન, શાળા સામયિક, વર્તમાનપત્રો, પુસ્તકાલય, શાળા શબ્દકોશ.

**પ્રવૃત્તિ : વર્ગના ચાર સમાન જૂથ નિર્માણ કરી દરેક જૂથને ઉપરોક્ત ચર્ચામાં લીધેલ ચાર કૌશલ્યોને તેઓ કેવી રીતે વધુ સમૃદ્ધ કરશે તે માટે જૂથમાં ચર્ચા કરી લખવા કહો.**

**૪. શબ્દભંડોળ :**

અહીં વિદ્યાર્થીઓને શબ્દભંડોળના પરિચય, ઉપયોગ અને મહાવરા માટે વિવિધ પ્રયુક્તિઓ આપવામાં આવી છે. ગુજરાતી શબ્દોના અંગ્રેજી અર્થ શોધવા, પ્રવૃત્તિ દ્વારા શબ્દ શોધ, સાધનિક સામગ્રી દ્વારા શબ્દ નિર્માણ, ફ્લેશકાર્ડ દ્વારા શબ્દ પરિચય, ચિત્રાત્મક શબ્દ પરિચય, શબ્દકોશ દ્વારા પરિચય અને શ્રવણ-કથનના વ્યવહારુ ઉપયોગ દરમિયાન પરિચયમાં આવતા લોન વર્ડસ શીખવવાનો પ્રયાસ થયો છે.

**પ્રવૃત્તિ : આપેલી ચાર સાચી જોડણી માટે દરેકના ચાર ઉદાહરણો લખો.**

**Classroò : 1. Klasruò 2. clasruò 3. klassrooò 4. classrooò**

**૫. સમૂહ પ્રવૃત્તિ : વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન સમૂહમાં અંગ્રેજી ભાષાના વિવિધ ક્ષેત્રોનો પરિચય થાય તે માટે નીચે જેવા પૂરક અભ્યાસ બિંદુઓને મૂકવામાં આવ્યા છે :**

| | | | |
|---|---|---|---|
| (a) પ્રાર્થના | (f) અભિવાદનો | (k) સપ્તાહના નામ | (p) શરીરના અંગો |
| (b) અભિનય ગીત | (g) આકારો | (l) રંગો | (q) પ્રાણીઓ |
| (c) વાર્તા | (h) શાળાના સાધનો | (m) ફળ | (r) પશુઓ |

| | | | |
|---|---|---|---|
| (d) સંખ્યા ઓળખ | (i) ગૃહોપયોગી સાધનો | (n) ફૂલ | (s) પક્ષીઓ |
| (e) સૂચનો | (j) મહિનાના નામ | (o) શાકભાજી | (t) જીવ-જંતુઓ |

- અંગ્રેજી ધોરણ-૫ના બે માઈલસ્ટોનનું જૂથકાર્ય કરાવી તેનું નિદર્શન કરાવો.

**શૈક્ષણિક પદ્ધતિ/પ્રયુક્તિ પ્રજ્ઞા/અંગ્રેજી**

'પ્રજ્ઞા' અભિગમનું શીખવા-શીખવવાનું કાર્ય હાર્દ તે 'શૈક્ષણિક પદ્ધતિઓ છે. ધો.૧ થી ૪માં 'પ્રજ્ઞા' અધ્યયન પ્રક્રિયા દરમિયાન આપણે અગત્યના શૈક્ષણિક પ્રયોગો કર્યા અને તેમાં સફળ પણ થયા. અનુગામી વર્ષ ધો.૫માં પ્રજ્ઞા વિષયવસ્તુ, વિદ્યાર્થીની શારીરિક તથા માનસિક ઉંમર, વિદ્યાર્થીના ધો.૧ થી ૪ના 'પ્રજ્ઞા' અનુભવો, વિષયોનું વૈવિધ્ય, શીખવાની સામગ્રીના નૂતન સ્વરૂપો, શિક્ષકની સજ્જતા તથા શાળાના હકારાત્મક પર્યાવરણને ધ્યાને લઈને 'પ્રજ્ઞા' પ્રશિક્ષણમાં નવાચારી પદ્ધતિઓનું અમલીકરણ અપેક્ષિત રહેશે.

આપણે જ્યારે પદ્ધતિની દિશામાં વિચારીએ ત્યારે પ્રવૃત્તિઓની સૂચનાઓ, પ્રવૃત્તિની પસંદગી, પ્રવૃત્તિની સાધાનિક સામગ્રી, પ્રવૃત્તિનો સમયગાળો અને પ્રવૃત્તિનું સંચાલન આ દરેક બાબતોનો સમાવેશ આપોઆપ થઈ જાય છે. શીખવાના સંદર્ભે શિક્ષક દ્વારા અપાતી સૂચના, વિદ્યાર્થીઓનું શીખવા સંદર્ભે વર્તન, શીખવાના વિવિધ તબક્કાઓ, શીખવાની માન્યતાઓનું બંધારણ, જાતે શીખવાનો વ્યૂહ અને સ્વયંસૂઝની પ્રાપ્ત થતી શૈક્ષણિક સમજ સાહજિક રીતે જ ઉપસી આવે તે પદ્ધતિના ઉપયોગની ફળશ્રુતિ છે. 'પ્રજ્ઞા' પ્રશિક્ષણ દરમિયાન મુખ્ય પદ્ધતિની સળંગસૂત્રતા જોઈએ તો-

પરિચય + માહિતી પ્રાપ્તિ + પ્રશ્નોત્તરી + માહિતીનું આદાન-પ્રદાન + અનુભવ + નિરીક્ષણ + પરીક્ષણ + ક્રિયા + શોધખોળ + તારણ + વધુ શીખવાની જીજ્ઞાસા.

ધો.૫ 'પ્રજ્ઞા' અભિગમમાં નીચે જેવી બાબતોને પદ્ધતિરૂપ સમજી સમગ્ર વર્ષ દરમિયાન સમયાંતરે અનુભવમાં લેવા આપણે અગ્રતા આપવાનો પ્રયાસ કરી શકાય -

| | | |
|---|---|---|
| ૧. શિક્ષક દ્વારા સવિસ્તૃત માહિતી પ્રદાન | ૨૨. રમત | ૪૩. સ્કેપબુક |
| ૨. જૂથચર્ચા | ૨૩. અભિનય | ૪૪. કમ્પ્યુટર |
| ૩. સમૂહચર્ચા | ૨૪. અભિનય | ૪૫. વાચન |
| ૪. ચર્ચાસમૂહ નિર્માણ | ૨૫. નમૂના નિર્માણ | ૪૬. શ્રુતલેખન |
| ૫. મહેમાન વક્તા | ૨૬. નાટક | ૪૭. ઓડિયો શ્રવણ |
| ૬. વ્યક્તિગત ટૂંકો અહેવાલ | ૨૭. નોંધપોથી | ૪૮. વીડિયો નિદર્શન |
| ૭. મંડળ નિર્માણ | ૨૮. પ્રકલ્પ | ૪૯. સ્થળ પરિચય |
| ૮. બુલેટીનબોર્ડ | ૨૯. ફોટોગ્રાફ્સ | ૫૦. બજાર |
| ૯. પ્રદર્શન | ૩૦. પ્રયોગશાળા | ૫૧. જાહેરાત |
| ૧૦. નિદર્શન | ૩૧. સંભાષણ | ૫૨. પત્રલેખન |
| ૧૧. સંગ્રહ | ૩૨. પપેટશો | ૫૩. ચાર્ટલેખન |
| ૧૨. સ્વ અભ્યાસકાર્ડ નિર્માણ | ૩૩. કમ્પ્યુટર | ૫૪. કાર્ય સમયપત્રક નિર્માણ |
| ૧૩. શબ્દ ચોરસ | ૩૪. રેડિયો | ૫૫. કાર્ય કેલેન્ડર નિર્માણ |
| ૧૪. ડાયરી લેખન | ૩૫. ટી.વી. શો | ૫૬. પ્રકલ્પ પત્રક |
| ૧૫. પુસ્તકાલય ઉપયોગ | ૩૬. પ્રોફાઈલ | ૫૭. પૂછપરછ |
| ૧૬. વર્તમાનપત્ર | ૩૭. પોર્ટફોલિયો | ૫૮. અભિનય |
| ૧૭. માનચિત્ર | ૩૮. વાર્તાકથન | ૫૯. ટી.એલ.એમ. |
| ૧૮. ચિત્ર | ૩૯. કેસ સ્ટડી | ૬૦. ટી.એલ.ઈ. |
| ૧૯. સંગીત | ૪૦. સર્વે | ૬૧. સ્કેચ |
| ૨૦. ફ્લેશકાર્ડ | ૪૧. મૌખિક રજૂઆત | ૬૨. પ્રવાસ |
| ૨૧. મુલાકાત | ૪૨. વર્કબુક | ૬૩. ઉજાણી |

# હિન્દી

હિન્દી આપણી રાષ્ટ્ર ભાષા છે. ગુજરાતી માધ્યમમાં હિન્દીને દ્વિતીય ભાષા તરીકે સ્વીકારવામાં આવી છે. હિન્દી ભાષા આપણા વ્યક્તિગત અને સામાજિક જીવન વિકાસ માટે ઉપયોગી છે, તેથી તે શીખવી આવશ્યક છે.

ભાષા શિક્ષણના મુખ્ય ઉદ્દેશ : શ્રવણ, કથન, વાચન અને લેખન છે. સાથે જ બાળકમાં સર્જનાત્મકતા, તાર્કિક ચિંતનનો વિકાસ અને ભાષાનો વ્યાવહારિક ઉપયોગ એ ત્રણ મહત્ત્વના ઉદ્દેશ્ય છે. ભાષા શીખવાનો મુખ્ય સ્ત્રોત અર્થગ્રહણ અને અભિવ્યક્તિ છે. શ્રવણ અને વાચનથી અર્થગ્રહણ તથા કથન અને લેખનથી અભિવ્યક્ત થાય છે, તેનાથી આપણે સૌ વાકેફ છીએ. ધો.૫ એ હિન્દી શિક્ષણનું પ્રારંભિક સ્તર હોઈ શ્રવણ અને કથનનો મહત્તમ અભ્યાસ અતિ આવશ્યક છે. જ્યારે ધો.૫મા શાળામાં ભાષાકીય કૌશલ્યનો વિકાસ થાય તે માટે ભાષાનું વ્યાવહારિક ઉપયોજન થાય સાથે જ બાળક સર્જનાત્મકતાની સાથે તાર્કિક ચિંતન કરતો થાય તે જરૂરી છે.

(તજ્જ્ઞશ્રીઓએ કથન દ્વારા વિશેષતાઓની માહિતી આપી તાલીમાર્થીઓને પોતાની નોંધપોથીમાં લખવા જણાવવું.)

### પ્રવૃત્તિ : ૧

હિન્દી ધો.૪ અને ૫માં પ્રજ્ઞા અંતર્ગત મૂકાયેલી સામગ્રીની વિશેષતા :

તાલીમાર્થીના ચાર જૂથ બનાવો, બે જૂથને ધો.૪ અને બે જૂથને ધો.૫ની શિક્ષક આવૃત્તિ આપો તથા તમામ સાહિત્યનું અવલોકન કરવા આપવું.

| ધોરણ-૪ હિન્દી | ધોરણ-૫ હિન્દી |
|---|---|
| • બીજા સત્રથી હિન્દી શિક્ષણની શરૂઆત.<br>• કાર્ડ આધારિત વર્કબુક.<br>• ભાષા શિક્ષણના સળંગ ૧થી ૪૯ કાર્ડ.<br>• શિક્ષક અને બાળક માટે એમ બે પ્રકારના કાર્ડ.<br>• હિન્દીના સમગ્ર અભ્યાસક્રમનો અધ્યયનચક્ર આધારિત સમાવેશ.<br>• અઠવાડિયામાં બે દિવસ હિન્દીનું શિક્ષણકાર્ય.<br>• શિક્ષકો માટે શિક્ષક આવૃત્તિ.<br>• ધોરણ-૪ના અભ્યાસકાર્ડ સાથે અર્લીરીડરનો ઉપયોગ | • પ્રથમ સત્રથી જ હિન્દી શિક્ષણની શરૂઆત.<br>• કાર્ડ આધારિત વર્કબુક.<br>• ભાષા શિક્ષણનું ૧૩ જેટલા માઈલસ્ટોનમાં વિભાજન.<br>• તમામ છાબડીમાં રોટેશન થતાં કાર્ડ.<br>• ૧૧ સિમ્બોલ દ્વારા તમામ હેતુઓનો સમાવેશ.<br>• સમગ્ર અભ્યાસક્રમનો અધ્યયનચક્ર આધારિત સમાવેશ.<br>• અઠવાડિયામાં ત્રણ તાસથી હિન્દીનું શિક્ષણકાર્ય.<br>• લેડર દ્વારા બાળકની ગતિ માપનની તક.<br>• હિન્દીની વાંચન માળા.<br>• શિક્ષકો માટે શિક્ષક આવૃત્તિ. |

- હિન્દી શીખવવા માટેની માર્ગદર્શક સૂચનાઓ નીચેની પ્રવૃત્તિઓ દ્વારા સમજાવો.

## પ્રવૃત્તિ : ૨

તજ્જ્ઞઓ ઉપરોક્ત ગુણની ચર્ચા કરવા માટે નીચે આપેલ ચર્ચાપત્ર/વિધાનનો ઉપયોગ કરી જૂથ પાડી ચર્ચા કરાવવી. પાંચ મિનિટના સમય બાદ જે-તે જૂથનું મંતવ્ય સાંભળવું. જરૂર જણાયે યોગ્ય પૂર્તતા કરવી.

- હિન્દી શિક્ષણ દરમિયાન વર્ગમાં હિન્દી ભાષામાં જ આદાન-પ્રદાન કરવું આવશ્યક છે.

☑ **સહમત**

  - હિન્દી ધો.૪થી નવી ભાષા તરીકે શરૂ થાય છે.
  - કોઈ પણ ભાષા શીખવા માટે તેનું વાતાવરણ નિર્માણ કરવું જરૂરી છે.
  - ધો.૫ના બાળકો ધો.૪માં હિન્દી શીખીને આવ્યા છે.

- હિન્દી માનક વર્ણ/અંક લેખનનો મહાવરો કરાવવો જરૂરી છે.

☑ **સહમત**

  - હિન્દીની લિપી દેવનાગરી છે, જે .... પાઈમાં લખાય છે. તેમાં ગુજરાતી મરોડ આવે નહીં.
  - બાળકો ધો. ૧ થી ૩માં ગુજરાતી બાળકો શીખેલ હોઈ હિન્દી વર્ણ/અંક લેખનનો મહાવરો કરાવવો જરૂરી છે.
  - હિન્દીમાં વર્ણના માથે શિરોરેખા કરવામાં આવે છે.
  - સામાન્ય મરોડ બદલાવવાથી પણ અર્થ બદલાઈ શકે છે.

**દા.ત.** ભાર - भार

भार - मार - भार

અંક-૧૭ને હિન્દીમાં સતરહ બોલાય છે. જો ગુજરાતીની જેમ સત્તર બોલીએ તો હિન્દીમાં તેનો અર્થ ૭૦ થઈ જાય છે.

- ધો.૪માં બાળકને વધુમાં વધુ જૂથકાર્ય/સહપાઠી શિક્ષણ દ્વારા શીખવાની તક આપવી જોઈએ.

☑ **સહમત**

  - ધો.૪માં બે પ્રકારના જ કાર્ડ છે. (૧) શિક્ષક (૨) વિદ્યાર્થી
  - સામાન્ય વર્તનની જેમ શિક્ષક બાળકોને ભાષા શીખવશે.
  - બાળક શિક્ષક પાસેથી જે શીખે તેના કરતા સહાધ્યાયી પાસેથી ઝડપથી, સહજતાથી શીખે છે.
  - T + L Teacher + Learner) કરતાં L + L (Learner + Learner) એ શીખવવાનો મહત્ત્વનો તબક્કો છે.

- **પ્રવૃત્તિ-૩ પ્રવૃત્તિ જૂથમાં કરાવી ઉત્તરોના આધારે ચર્ચા કરવી.**

| શિક્ષક આવૃત્તિનો ઉપયોગ કરી ધો.૪ અને ધો.૫ના અભ્યાસક્રમની ચર્ચા કરો. | |
|---|---|
| ધોરણ-૪ | ધોરણ-૫ |
| ● ______ | ● ______ |
| ● ______ | ● ______ |
| ● ______ | ● ______ |
| ● ______ | ● ______ |
| ● ______ | ● ______ |
| ● ______ | ● ______ |
| ● ______ | ● ______ |
| ● ______ | ● ______ |

- **પ્રવૃત્તિ-૪ તજજ્ઞશ્રી ધો.૪માં કઈ રીતે વર્ગખંડમાં કાર્ય કરવું તેની ચર્ચા એક કાર્ડના ઉદાહરણથી આપશે.**
    - આ અભ્યાસ માટે તજ્જ્ઞશ્રી પ્રથમ કોઈ પણ વસ્તુ/ચિત્ર બતાવી यह... है। (નજીકની વસ્તુ માટે) वह... है। (દૂરની વસ્તુ માટે) સમજાવશે.
    - તજજ્ઞ એવા અન્ય ઉદા. બોલશે. તાલીમાર્થી દોહરાવશે.
    - તજજ્ઞ ચિત્ર/વસ્તુ બતાવશે. તાલીમાર્થી જવાબ આપશે. (यह... है। वह... है। આધારિત)
    - તજજ્ઞ જૂથકાર્ય કરાવશે. જેમાં તાલીમાર્થી જાતે જ આવા વાક્યો બનાવશે.
    - તજજ્ઞએ ઉદાહરણ આધારિત અન્ય કાર્ડ દ્વારા જૂથકાર્ય કરાવી નિદર્શન કરાવવું.

આમ, ઉપર મુજબની પ્રવૃત્તિ અનુસાર જ શિક્ષકે વર્ગખંડમાં બાળકો માટે કામ કરાવવું. વધુમાં વધુ જૂથકાર્ય/સહપાઠી શિક્ષણ અને સ્વ અધ્યયન થાય તેવા અવસર ઊભા કરવા. શિક્ષકે શિક્ષક કેન્દ્રી કે એક તરફી શૈક્ષણિકકાર્યથી બચવું.

**હિન્દી ધોરણ-૪ એ રેઈનબો અંતર્ગત શીખવવાનો રહેશે.**

- **માઈલસ્ટોન પરિચય :**

હિન્દી ધો-૫ના પ્રથમ માઈલસ્ટોનનો પરિચય મેળવીશું.

વર્ગખંડમાં હિન્દી/ભાષાના શૈક્ષણિક કાર્ય દરમિયાન શિક્ષક-વિદ્યાર્થી, વિદ્યાર્થી-વિદ્યાર્થી અને વિદ્યાર્થી દ્વારા સ્વ-અધ્યાપન થકી વિવિધ પદ્ધતિ, પ્રવૃત્તિના ઉપયોગ દ્વારા ભાષા સજ્જતા/સંકલ્પના સ્પષ્ટીકરણનું કામ થતું હોય છે. આ પ્રક્રિયા દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થી બંનેની ભૂમિકા દરેક તબક્કે અલગ હોય છે, કોઈ પણ હેતુની સિદ્ધિ માટેની સંપૂર્ણ પ્રક્રિયા જે-તે માઈલસ્ટોનમાં જોવા મળે છે. તો આપણે નીચેના પ્રશ્નોની ચર્ચા કરતાં કરતાં માઈલસ્ટોનનો પરિચય મેળવીએ.



**પ્રશ્ન-૧ : કાર્ડનું મુખ્ય વિષયવસ્તુ શું છે ?**

જવાબ : સ્થાનિય પરિવેશની સામગ્રીનો પરિચય (હિન્દીમાં)

**પ્રશ્ન-૨ : આ અભ્યાસકાર્ડનો મુખ્ય હેતુ શું છે ?**

જવાબ : અર્થગ્રહણ.



**પ્રશ્ન-૩ : દર્શાવેલ અભ્યાસકાર્ડનો હેતુ ક્યું કૌશલ્ય શીખવવાનો છે ?**

જવાબ : અર્થગ્રહણ, અભિવ્યક્તિ.



**પ્રશ્ન-૪ : દર્શાવેલ અભ્યાસકાર્ડ કયા જૂથમાં કરાવવું જોઈએ ? શા માટે ?**

જવાબ :
- જૂથ-૩ સહપાઠી જૂથમાં કરાવી શકાય.
- બાળકની મૌખિક અભિવ્યક્તિના વિકાસની સાથે પ્રશ્નોની સમજ કેળવે તે મુખ્ય હેતુ છે.
- બાળક બીજા બાળકની મદદથી જવાબ આપતો થાય.



**પ્રશ્ન-૫ : આપેલ અભ્યાસકાર્ડ દ્વારા બાળકમાં કયા કૌશલ્યનો વિકાસ અપેક્ષિત છે ?**

જવાબ :
૧. સર્જનાત્મકતા - બાળક ચિત્રના ભેદ શોધી પોતાની જાતે જવાબ આપશે.
૨. મૂલ્યાંકન - પોતાના અનુભવ અર્થગ્રહણના આધારે સાધનોનું જ વર્ગીકરણ કરશે.



**પ્રશ્ન-૬ : આ કાર્ડ શિક્ષક સમર્થિત જૂથમાં શા માટે મૂકવામાં આવેલ છે ?**

જવાબ : આ કાર્ડ એ ચિત્ર વાર્તાનું છે.

- શિક્ષક ચિત્ર બતાવી પ્રશ્નો પૂછતાં પૂછતાં ચિત્ર વર્ણન કરાવશે.
- શિક્ષક સંપૂર્ણ ચિત્ર વર્ણન બાદ સંપૂર્ણ કહાની જ કથન કરશે. તેથી શિક્ષક સમર્થિત કાર્ડ છે.



**પ્રશ્ન-૭ : આ કાર્ડ વિદ્યાર્થીએ લેખન કરવાનું છે. તેનાથી કયુ કૌશલ્ય વિકસિત થશે ? શા માટે ?**

જવાબ :

- આ કાર્ડમાં લેખન દ્વારા બાળકના અર્થગ્રહણ અને અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ થશે.
- બાળક જે સાધનો/ફૂલોના નામ ગુજરાતીમાં જાણે છે તે નામ હવે હિન્દીમાં શીખ્યા પછી લખશે એટલે કે તેની લેખિત અભિવ્યક્તિનો વિકાસ થશે.



**પ્રશ્ન-૮ : આ કાર્ડ અધ્યયનચક્રના કયા તબક્કાનું છે ? કયા કૌશલ્યનો વિકાસ થશે ?**

જવાબ :

- આ કાર્ડ અધ્યાપન ચક્રના પાંચમાં તબક્કાનું છે.
- બાળક જે શીખ્યો છે તેનું દૃઢીકરણ કરવા માટે આ કાર્ડ છે. બાળકને સ્વ-અધ્યયનનો મહાવરો મળશે.
- આ કાર્ડ દ્વારા પણ બાળકના અર્થગ્રહણ તેમજ અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ થશે.
- આ કાર્ડ દ્વારા બાળક જાતે જ ગૃહકાર્ય કરશે.




**પ્રશ્ન-૯ : આ કાર્ડમાં અધ્યાપનચક્રનો કયો તબક્કો સમાયેલ છે ? શા માટે ?**

જવાબ :

- આ કાર્ડ અધ્યાપનચક્રના છઠ્ઠા તબક્કાનું છે. જે મૂલ્યાંકન છે.
- અત્યાર સુધીના તમામ કાર્ડમાં બાળક શું શીખ્યો ? કેટલું શીખ્યો ? તેનું મૂલ્યાંકન આ કાર્ડ દ્વારા થશે.

- ધોરણ-૫ હિન્દીના બે માઈલનું જૂથકાર્ય કરાવી નિદર્શન કરાવો.

# સપ્તરંગી પ્રવૃત્તિઓ : સર્વાંગીણ વિકાસની પ્રવૃત્તિઓ

પ્રજ્ઞા અભિગમ અંતર્ગત ધોરણ-૧થી ૪માં ગુજરાતી, ગણિત, પર્યાવરણ અને ચોથા વિષય તરીકે સપ્તરંગી પ્રવૃત્તિઓ (Rainbow) વિષય શીખવવામાં આવે છે.

વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસમાં જેમ સાક્ષરી વિષયોનું મહત્ત્વ છે, તેવી જ રીતે સપ્તરંગી પ્રવૃત્તિ વિષયનું પણ મહત્ત્વ છે. આ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ કૌશલ્યનો સીધો ઉપયોગ કે ફાયદો ગણિત, ગુજરાતી કે પર્યાવરણ વિષયમાં પણ મળે છે.

ધોરણ-૧થી કરાવવામાં આવી રહેલ પ્રવૃત્તિઓને આધારે વિદ્યાર્થીને કોઈ ચોક્કસ કૌશલ્ય કે ક્ષેત્રની પસંદગીમાં આગળ વધારવા તરફનો પ્રયાસ છે. સપ્તરંગી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીની બર્હિમુખી પ્રતિભા વિકસે છે અને તેના રસના ક્ષેત્રને પસંદ કરી શકે છે.

અહીં તાલીમાર્થીઓને આ અંગેની જાણકારી આપવાની છે.




### (૧) સપ્તરંગી મોડ્યુલ પરિચય :

- સપ્તરંગી મોડ્યુલમાં મૂકાયેલ મુખ્ય વિભાગો તે અંતર્ગતના ૧૦ પેટા વિભાગો અને તે દરેક વિભાગની ૫-૫ પ્રવૃત્તિ મળી ૩૫૦ પ્રવૃત્તિઓનો એક સમૂહ મોડ્યુલમાં મૂકાયેલ છે. તેની ચર્ચા કરવી.

### (૨) સપ્તરંગી પ્રવૃત્તિનું વર્ગકાર્ય :

તાલીમાર્થી મોડ્યુલમાં સપ્તરંગી પ્રવૃત્તિ પૈકી જુદા-જુદા વિભાગની ૩ પ્રવૃત્તિઓ દર્શાવી છે. તે અંગેના પ્રશ્નોની ચર્ચા યોજી નોંધ કરાવવી.

(૧) આકૃતિમાં અનાજના દાણા ચોંટાડવા (પ્રવૃત્તિ ક્રમ ૦૨-૦૧-૦૪)

**પ્રશ્ન : આ પ્રવૃત્તિ માટેનું પૂર્વ આયોજન શું કરશો ? કઈ-કઈ સામગ્રી એકત્ર કરશો ?**

- તાલીમાર્થીઓના જવાબ સ્વીકારો, ચર્ચા કરો, પૂર્વ આયોજન અને સામગ્રી માટેના યોગ્ય જવાબને નોંધાવો.

(૨) આ પ્રવૃત્તિ ગુજરાતી-પર્યાવરણ કે ગણિત વિષય પૈકીના કયા-કયા સંભવિત એકમોની આસપાસ યોજવી જોઈએ /? કેમ ?

ગુજરાતી - મૂળાક્ષર લેખન (લેખનની પૂર્વપ્રવૃત્તિ, દાણાં પકડવા ચોંટાડવા)
- આપણી આસપાસના પક્ષીઓ
- શામજીભાઈનું ખેતર માઈલસ્ટોન-૮
- ૦ માઈસ્ટોન, ૦ બળદગાડુ વર્ગીકરણ પ્રવૃત્તિ
- કબૂતરને ઓળખો, માઈસ્ટોન-૨૮

પર્યાવરણ - મા.સ્ટોન-૪ ખોરાક

- મા.સ્ટોન-૫ શાકભાજી
- મા.સ્ટોન-૬ વિવિધ ફળ
- મા.સ્ટોન-૧૭ આપણા પાક

ગણિત - સંખ્યાજ્ઞાન

- અંકલેખન (વળાંક)
- સરવાળા - બાદબાકી
- આકારો

આ પ્રવૃત્તિ/પ્રશ્ન પાછળનો ઉદ્દેશ રેઈન-બો પ્રવૃત્તિઓને વિષય શિક્ષણ સાથે જોડી શકાય છે, તે તરફ દિશાનિર્દેશ કરવાનો છે.

- આ પ્રવૃત્તિ વિષયના એકમનાં આસપાસ યોજવાથી તે અંતર્ગત તૈયાર થયેલ નમૂના કૃતિનો શિક્ષણમાં ઉપયોગ થઈ શકે છે. ક્યારેક પ્રવૃત્તિના માધ્યમથી દઢીકરણ કે સ્વાધ્યાય પણ થઈ શકે છે.

**પ્રશ્ન : સમયમર્યાદા અને નિયત હેતુ સિદ્ધ થાય તે માટે આ પ્રવૃત્તિ વખતે વિદ્યાર્થીઓને કેવી રીતે કામ સોંપવું જોઈએ ?**

- દરેક વિદ્યાર્થીને પ્રવૃત્તિ કરવાની તક મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ.
- પ્રવૃત્તિ દરમિયાન યોગ્ય જૂથ બનાવવાથી પણ સમયમર્યાદામાં કાર્ય થઈ શકે.

**પ્રશ્ન : આ પ્રવૃત્તિ દ્વારા તમે શું Out put ઈચ્છો છો ?**

- આ પ્રવૃત્તિને અંતે વિદ્યાર્થીઓ શિક્ષકની સૂચના અનુસાર કાર્ય કરી શકે તે.
- જૂથમાં અરસ-પરસની મદદ લે તથા મદદ કરે તે.
- દોરેલ આકૃતિમાં જ દાણાં ચોંટાડવા ધીરજ અને ચીવટની જરૂરિયાત છે તે.
- દાણાં ચોંટાડવામાં પોતાની પ્રતિભા દર્શાવે તે બાબતોનું Out put ઈચ્છીએ છીએ.

(૨) પ્રાર્થનામાં શિષ્ટાચાર અને (૩) વૃક્ષોની અભિનય ગીત માટે પણ ઉપર મુજબ ચર્ચા યોજી નોંધ કરાવો.

**ચર્ચા :** પ્રશ્ન ત્રણેય પ્રવૃત્તિઓમાં પૂર્વ આયોજનનું શા માટે મહત્ત્વ છે ?

- પૂર્વ અયોજનથી સામગ્રી પૂરતી માત્રામાં એકઠી કરી શકાય છે.
- સમય અવધિમાં કાર્ય કરવા કેવી જૂથ રચના કરવી તે નક્કી થઈ શકે છે.

**પ્રશ્ન : પ્રવૃત્તિનું સંભવિત આયોજન જે-તે વિષય/એકમને ધ્યાનમાં રાખીને કરાવવાથી શું ફાયદો થાય ?**

- આ પ્રવૃત્તિ વિષયના એકમની આસપાસ યોજવાથી તે અંતર્ગત તૈયાર થયેલ નમૂના-કૃતિનો શિક્ષણમાં ઉપયોગ થઈ શકે છે. ક્યારેક પ્રવૃત્તિના માધ્યમથી દઢીકરણ કે સ્વાધ્યાય પણ થઈ શકે છે.

**પ્રશ્ન : તમામ પ્રવૃત્તિમાં સાધન-સામગ્રીની જરૂરિયાત છે ?**

ના.

**પ્રશ્ન : પ્રવૃત્તિને અંતે Out putને શા માટે ધ્યાને લેવું જોઈએ ?**

- નક્કી કરેલી હેતુ અથવા લક્ષ્યાંકને ધ્યાને રાખીને પ્રવૃત્તિઓ મૂકવામાં આવેલ છે. તેથી પ્રત્યેક પ્રવૃત્તિ લર્નિંગ આઉટકમ્સને સિદ્ધ કરવામાં મદદગાર બને તે ધ્યાને લેવું જોઈએ. જે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનમાં ઉપયોગી બની શકે.

## (૩) સપ્તરંગી પ્રવૃત્તિ માપન રજિસ્ટર :

- સપ્તરંગી પ્રવૃત્તિ માપન રજિસ્ટારની સમજ 'પ્રજ્ઞા સાહિત્ય પરિચય ગોઠવણ'ના પ્રકરણમાં ક્રમ નં-૧૧ રેઈન-બો રજિસ્ટરમાં આપેલ છે. જેની સમજૂતી ટૂંકમાં ફરી આપો.

## (૪) સપ્તરંગી પ્રવૃત્તિ સમયપત્રક :

- સપ્તરંગી પ્રવૃત્તિઓ ગણિતના વર્ગમાં રિશેષ પછીના સમયમાં કરાવવાની રહે છે.
- દરેક ટુકડીને નીચે મુજબ સપ્તરંગી પ્રવૃત્તિ કરવાની થશે.

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|
| ટુકડી-૨ | ટુકડી-૧ | ટુકડી-૨ | ટુકડી-૧ | ટુકડી-૨ | ટુકડી-૧ |

## (૫) સપ્તરંગી પ્રવૃત્તિ અને CCE

સપ્તરંગી પ્રવૃત્તિઓ વિષય શિક્ષણના ભાગરૂપે કરાવવામાં આવતી હોવાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનમાં તેની નોંધ થવી જરૂરી છે. તે અંગેના કેટલાંક પ્રશ્નોની ચર્ચા કરીએ :

**પ્રશ્ન : સપ્તરંગી પ્રવૃત્તિને આધારે પ્રોફાઈલમાં કઈ-કઈ બાબતની નોંધ કરવી જોઈએ ?**

- વિદ્યાર્થીએ કઈ-કઈ પ્રવૃત્તિઓ કરી છે ?
- તે પ્રવૃત્તિમાં તેનું પ્રદાન કેવું હતું ?
- તે પ્રવૃત્તિ દ્વારા તેનામાં કોઈ કૌશલ્ય વિકાસ થયો ? અથવા કૌશલ્ય વિકાસ જોઈ શકાયો ?
- પ્રવૃત્તિમાં વિદ્યાર્થીની રસ-રુચિ જોવા મળી કે નહીં ?

**પ્રશ્ન : પોર્ટફોલિયોમાં સંગ્રહાયેલી વસ્તુઓના મૂલ્યાંકનથી આપણે શું જાણી શકીએ ?**

- વિદ્યાર્થીએ કઈ-કઈ પ્રવૃત્તિઓ કરી ?
- વિદ્યાર્થીની કુશળતા-નબળાઈ ક્યાં જોવા મળી ?
- પ્રવૃત્તિને સંલગ્ન અન્ય ચીજવસ્તુઓ તેના દ્વારા એકત્ર થઈ છે ?

**પ્રશ્ન : સપ્તરંગી પ્રવૃત્તિને આધારે સંગ્રહાયેલી વસ્તુઓને વિષયશિક્ષણમાં કેવી રીતે ઉપયોગમાં લઈ શકીએ ? શા માટે ?**

- સપ્તરંગી પ્રવૃત્તિને આધારે સંગ્રહાયેલી વસ્તુઓ શીખવા-શીખવવાની સામગ્રી તરીકે ઉપયોગમાં લઈ શકાય.

- **ધોરણ-પમાં રેઈનબો વિષય શિક્ષણ આવૃત્તિમાં મૂકાયેલ છે. જેમાં મુખ્ય ક્ષેત્રો અને પ્રવૃત્તિ નિર્દેશન કરવામાં આવેલ છે.**
- **ધોરણ-પમાં કુલ ૭૦ પ્રવૃત્તિઓ મૂકવામાં આવેલ છે.**

# પ્રોફાઈલ-પોર્ટફોલિયો

વર્ગખંડમાં વિદ્યાર્થીની પ્રગતિ-વિકાસ અને તેના કાર્યની નોંધને આધારે તેની પરિચય આભા વર્ગશિક્ષક સમક્ષ હોવી જરૂરી છે. જેને પ્રોફાઈલ કહીશું. વર્ગખંડમાં કરેલ પ્રવૃત્તિના સંગ્રહ અથવા અન્ય રેકર્ડને સાચવવા જે ફાઈલ અથવા સંગ્રહિકા રાખવામાં અઓવે છે, તેને પોર્ટફોલિયો કહીશું.

## (૧) પ્રસંગ વર્ણન :

અમદાવાદમાં ભદ્રકાળી મંદિર પાસે લોકો જેને અર્ધપાગલ અથળા પાગલ માનતા હતા, તેઓ એક વ્યક્તિ ફરતો હતો.રોજ એ છાપા એકત્ર કરતો. મંદિરના એક ખૂણામાં રોજ જ્યાં સૂતો ત્યાં એ છાપાને વાળીને મૂકી દેતો. દરરોજ અનેક ફિલ્મી હિરોઈનોના નામ એ સતત બોલ્યા કરતો. પિક્ચરના સંવાદ જાણે એ હિરોઈનો સાથે ભજવતો હોય તેમ ફરતો.

લોકોનું તેના તરફ ધ્યાન ન હતું. તેના ગાંડપણ ઉપર હસીને સહુ આગળ જતા રહેતાં.

એક રાત્રે તે મૃત્યુ પામ્યો. પોલીસે તેની અંતિમ વિધિ કરી. તેના પરિવારને જાણ કરવામાં આવી, તેની પેલી સૂવાની જગ્યાને પરિવારની હાજરીમાં તપાસવામાં આવી.

પથારીની નીચેથી જૂના જમાનાની ખ્યાતનામ હિરોઈનોના છાપામાંથી કાપેલ અધ.. ધ... ધ... ફોટા મળ્યા. પોલીસ ચકિત થઈ.

તેના પરિવારે કહ્યું - ''ધણા વર્ષો પહેલાં આ ભાઈ મુંબઈ હિરો બનવા ગયેલો. ત્યાં તેને કામ ન મળ્યું. પણ ખ્યાતનામ હિરોઈનો સાથે ફિલ્મોમાં કામ કરવાની તેની ઈચ્છા અધૂરી રહી અને તે પાગલ બન્યો... બસ ત્યારથી ફોટા એકત્ર કરવાનો શોખ જાગ્યો.''

### પ્રસંગ વર્ણનને આધારે ચર્ચા :

**પ્રશ્ન : મૃત્યુ પામનાર વ્યક્તિ ફિલ્મોમાં કામ કરવાની ઈચ્છા ધરાવતો હતો, તે શેના આધારે જાણી શકાયું ?**

- પ્રોફાઈલને આધારે.

**પ્રશ્ન : જો તેના શોખને કોઈ ફિલ્મ નિર્માતાએ તક આપી હોત તો ?**

- તો પોતાના શોખમાં આગળ વધી શક્યો હોત.

**પ્રશ્ન : જ્યારે એ ફિલ્મી હિરોઈનો સાથે સંવાદ કરતો હોય તેવું વર્તન કરતો હતો ત્યારે લોકો તેને પાગલ માની કેમ હસી પડતા હતા ?**

- કારણ તેની પ્રોફાઈલ જાણતા નહોતા.

**પ્રશ્ન : મૃત્યુ પામેલ વ્યક્તિની પ્રોફાઈલ શું હતી ?**

- તે ફિલ્મોમાં કામ કરવા ઈચ્છતો હતો, કોઈએ તેને તક ન આપી. તે પાગલ બન્યો. શોખને ટકાવવા છાપા એકત્ર કરી તેમાંથી હિરોઈનોના ફોટા એકત્ર કરવાનું ચાલુ કર્યું. પોતાની વેદના વ્યક્ત કરવા તે ક્યારેક ફિલ્મી સંવાદો પણ બોલતો.

**પ્રશ્ન : તેની પ્રોફાઈલ કેવી રીતે જાણી શકાઈ ?**

- પોર્ટફોલિયોને આધારે.

**પ્રશ્ન : તેનો પોર્ટફોલિયો ક્યાં હતો ? કેવો હતો ?**

- તેની સૂવાની પથારી નીચે તેનો પોર્ટફોલિયો હતો, તેમાં માત્ર હિરોઈનોના ફોટોગ્રાફ્સ હતા.

**(૨) નીચે આપેલ ફોટોગ્રાફ્સ પૈકી જેટલા વ્યક્તિને જાણતા હોય તેની પ્રોફાઈલ ટૂંકમાં લખો.**



મહાત્મા ગાંધીનો જન્મ ૨ ઓક્ટોબર ૧૮૬૯ના રોજ પોરબંદરમાં થયો હતો. તેઓના પિતાનું નામ કરમચંદ અને માતાનું નામ પૂતળીબાઈ હતું.

ગાંધીજીએ દાંડીકૂચ, હિન્દ છોડી જેવી લડતોમાં નેતૃત્વ કર્યું. તેઓએ ભારતને આઝાદી અપાવી. તેઓ આપણા દેશનાં 'રાષ્ટ્રપિતા' છે.



લિયોનાર્ડ-ધ-વિન્ચીનો જન્મ ૧૫ એપ્રિલ, ૧૯૫૨માં થયો. તેઓ ઈટાલીના હતા. તેમણે ચિત્ર, શિલ્પ, વાસ્તુ, વિજ્ઞાન, ગણિત, ઈજનેર, નવસર્જન, ભૂ-સ્તર જેવી બાબતોમાં નિપૂર્ણતા મેળવી હતી. તેમનું મૃત્યુ ૨ જી મે, ૧૫૧૯માં થયું હતું.



સચિન તેંડુલકર ભારતના મહાન ક્રિકેટર છે. તેમણે વિશ્વ ક્રિકેટમાં સૌથી વધારે સદી કરી. સૌથી વધુ રન કર્યા છે. તેઓ મુંબઈના વતની છે. તેઓને આ વર્ષે 'ભારતરત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

**પ્રવૃત્તિ-૨ આધારિત ચર્ચા :**

**પ્રશ્ન : તમે ૩ પૈકી કોના-કોના વિશેનો પરિચય લખી શક્યા ?**

- (જવાબ જે મળે તે સ્વીકારવો.)

**પ્રશ્ન : તમે જેમના વિશેનો પરિચય લખી શક્યા તેમના વિશેની જાણકારી ક્યાંથી મળી ?**

- વાંચનમાંથી, ભણવામાંથી, T.V. પરથી વગેરે...

**પ્રશ્ન : તમે જેના વિશેનું લખાણ લખ્યું છે તેમાં મુખ્ય મુદ્દા કયા હતા ?**

- તેમનું નામ, જન્મ-મૃત્યુની વિગત, તેમનું ક્ષેત્ર અને કાર્ય.

● તમે જેના વિશે જાણતા હતા અને જેટલો પણ પરિચય લખ્યો તે તેમની પ્રોફાઈલ હતી.

## (૩) વિદ્યાર્થી પ્રોફાઈલ

**પ્રશ્ન : વિદ્યાર્થીની પ્રોફાઈલ શા માટે બનાવવી જોઈએ ?**

વિદ્યાર્થીની પ્રગતિને જાણવા, તેના વ્યક્તિત્વ, ટેવો તથા વલણને જાણવા. તે કઈ બાબતમાં શ્રેષ્ઠતા ધરાવે છે તથા તેની પસંદના ક્ષેત્રો કયા છે તે જાણવા માટે પ્રોફાઈલ બનાવવી જોઈએ.

**પ્રશ્ન : વિદ્યાર્થીની પ્રોફાઈલ તૈયાર કરતી વખતે, નિભાવતી વખતે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?**

- વર્ગમાં ઉપયોગી હોય તેવી બાબતોનો જ પ્રોફાઈલમાં સમાવેશ કરવો.
- વિદ્યાર્થીની જાતિ, જ્ઞાતિ, પિતાનો વ્યવસાય, આવક વગેરેનો ઉલ્લેખ ન કરવો.
- વિદ્યાર્થીની રચનાત્મક બાબતોની નોંધ કરવી. તેની નકારાત્મક બાબતનો ઉલ્લેખ ન કરવો.
- પ્રોફાઈલમાં વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચેની તુલના ટાળવી.
- ચર્ચાને આધારે તાલીમાર્થીઓ પાસે વિદ્યાર્થીની આદર્શ પ્રોફાઈલ તૈયાર કરાવો.
- તાલીમાર્થી મોડ્યુલમાં મૂકવામાં આવેલ પ્રજ્ઞા વિદ્યાર્થી પ્રોફાઈલની ચર્ચા કરી તેના મહત્ત્વના મુદ્દા પ્રત્યે ધ્યાન દોરો.



'પ્રજ્ઞા' વિદ્યાર્થી પ્રોફાઈલ (જૂન-૨૦૧૧થી શરૂ)

૧. વિદ્યાર્થીનું નામ : ..........

૨. જન્મ તારીખ : ..........

૩. જનરલ રજી. નં. : ..........

૪. ઊંચાઈ અને વજન:

| ધોરણ | ઊંચાઈ | વજન |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |

૫. ગમતા ક્ષેત્રો : ..........

૬. ઘરનું સરનામું : ..........

ફોન નં. .......... પીન કોડ ..........

૭. પિતાનું નામ : ..........

વ્યવસાય : ..........

૮. માતાનું નામ : ..........

વ્યવસાય : ..........

નોંધ : પાછળના કોષ્ટકમાં દરેક માસમાં વિદ્યાર્થીના કુલ દિવસમાંથી હાજર દિવસ લખવાના છે અને માસના અંતે વિષયવાર કયો માઈલસ્ટોન સિધ્ધ કર્યો તેનો ક્રમ લખવાનો છે.

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે



વિદ્યાર્થીની અભ્યાસ પ્રોફાઈલ

ધોરણ : ૧ — વર્ષ :

| માસ | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુ. | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હાજર દિવસ | | | | | | | | | | |
| ગુજરાતી | | | | | | | | | | |
| પર્યાવરણ | | | | | | | | | | |
| ગણિત | | | | | | | | | | |

વાલીની સહી — વર્ગ શિક્ષકની સહી

ધોરણ : ૨ — વર્ષ :

| માસ | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુ. | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હાજર દિવસ | | | | | | | | | | |
| ગુજરાતી | | | | | | | | | | |
| પર્યાવરણ | | | | | | | | | | |
| ગણિત | | | | | | | | | | |

વાલીની સહી — વર્ગ શિક્ષકની સહી

ધોરણ : ૩ — વર્ષ :

| માસ | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુ. | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હાજર દિવસ | | | | | | | | | | |
| ગુજરાતી | | | | | | | | | | |
| પર્યાવરણ | | | | | | | | | | |
| ગણિત | | | | | | | | | | |

વાલીની સહી — વર્ગ શિક્ષકની સહી

ધોરણ : ૪ — વર્ષ :

| માસ | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુ. | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હાજર દિવસ | | | | | | | | | | |
| ગુજરાતી | | | | | | | | | | |
| પર્યાવરણ | | | | | | | | | | |
| ગણિત | | | | | | | | | | |

વાલીની સહી — વર્ગ શિક્ષકની સહી

'પ્રજ્ઞા' વિદ્યાર્થી પ્રોફાઈલ

## (૪) વિદ્યાર્થી પોર્ટફોલિયો :

**પ્રશ્ન : વિદ્યાર્થી પોર્ટફોલિયો શા માટે બનાવવો જોઈએ ?**

- વિદ્યાર્થીએ કરેલ કાર્યને મૂકવા, સાચવવા અને સંગ્રહ કરવા માટે પોર્ટફોલિયો બનાવવો જોઈએ.
- પોર્ટફોલિયો એ એવી વસ્તુ છે જ્યાં વિદ્યાર્થી વ્યક્ત થઈ શકે છે. જેની શિક્ષક દ્વારા સમયાંતરે નોંધ લેવાય છે.

**પ્રશ્ન : વિદ્યાર્થી પોર્ટફોલિયો તૈયાર કરતી વખતે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?**

- વિદ્યાર્થી પોર્ટફોલિયો વિદ્યાર્થીએ તૈયાર કરેલી વસ્તુઓ, સંગ્રહોને મૂકવા માટેની સંચયિકા હોવાથી ટકાઉ હોય તેવો તૈયાર કરવો.
- ઈકોફ્રેન્ડ્લી અને ચાઈલ્ડ ફ્રેન્ડલી બને તે જરૂરી છે.

*ભાગ-૧ : ૪૦*

- વિદ્યાર્થીને ઉપયોગ કરવામાં સરળતા રહે તેવો બનાવવો.

- વિદ્યાર્થીની પ્રોફાઈલમાં મૂકેલ ઊંચાઈ-વજનની નોંધ અને સતત સર્વગ્રાહી મૂલ્યાંકનનો શો અનુભવ છે ?
  - ઊંચાઈ અને વજનની નોંધ શારીરિક શિક્ષણના ભાગરૂપે નોંધવાની બાબત છે. અહીં વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસમાં શારીરિક વિકાસ પણ યોગ્ય રીતે થાય છે કે નહીં તે શિક્ષકે જાણવું જરૂરી છે. તેથી તે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો જ ભાગ છે.

**પ્રશ્ન : એક વિદ્યાર્થી માઈલસ્ટોનની પ્રગતિમાં સરેરાશ બાળકો કરતાં પાછળ છે. પ્રોફાઈલની કઈ-કઈ બાબતોથી તમે તેનું મૂલ્યાંન કરી શકશો ?**

- પ્રોફાઈલમાં વિદ્યાર્થીએ પૂર્ણ કરેલ માઈલસ્ટોનની નોંધને આધારે નક્કી કરી શકાય.

*ભાગ-૧ : ૨૧*

**પ્રશ્ન : એક વિદ્યાર્થીના પોર્ટફોલિયોમાંથી જુદા-જુદા રંગના, આકારના બટન એકત્ર કરેલ જોવા મળે છે. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના ભાગરૂપે તમે તેની પ્રોફાઈલના ગમતા ક્ષેત્રોમાં શું નોંધશો ?**

- વિદ્યાર્થીને સંગ્રહ કરવાનો શોખ છે.
- સંગ્રહમાં ખાસ કરીને તે બટન એકત્ર કરે છે.
- તેને જુદા-જુદા રંગો, આકાર અને કદ વિશેનો ખ્યાલ સ્પષ્ટ થવો સંભવ છે.

**પ્રશ્ન : એક બાળક નામના ચોકમાં યોજાતા નવરાત્રિ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે છે. મદદ કરે છે, ગરબા રમે છે. વર્ગશિક્ષક તરીકે તમે તેની આ વિશિષ્ટ બાબત ધ્યાને લીધી. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના ભાગરૂપે તેની પ્રોફાઈલમાં શું નોંધ કરશો ?**

- વિદ્યાર્થી  સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લે છે.
- ગરબા રમવાનું કૌશલ્ય તેનામાં તેનામાં છે.
- શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો દરમિયાન આ પ્રકારની પ્રવૃત્તિમાં તેનો ઉપયોગ કરવો જોઈએ.

**પ્રશ્ન : પોર્ટફોલિયો-પ્રોફોઈલ એપડેટ કરવી એટલે શું ?**

- વિદ્યાર્થીનું સતત મૂલ્યાંકન કરતાં રહેવું.
- પ્રોફાઈલમાં સમાવિષ્ટ બોબતોમાં સમયાંતરે વિકાસાત્મક નોંધ કરવી.
- અગાઉ થયેલ નોંધ અને તત્કાલિન નોંધ વચ્ચે તુલનાત્મક અભ્યાસ કરવો.

# વિદ્યાર્થી કાર્યનું પ્રદર્શન (ડિસ્પ્લે)

વિદ્યાર્થી વર્ગમાં જે કાંઈ કાર્ય કરે છે, તેને પૂરતું પ્રોત્સાહન મળે તે અત્યંત જરૂરી છે. વિદ્યાર્થીકાર્યને વર્ગખંડમાં ડિસ્પ્લે બોર્ડની મદદથી અથવા યોગ્ય જગ્યાએ મૂકી, પ્રદર્શિત કરીને પ્રોત્સાહન આપી શકાય.

'ડિસ્પ્લે' એ વર્ગકાર્યનો એક અત્યંત મહત્ત્વનો હિસ્સો હોવાથી તે અંગેની યોગ્ય સમજ વિકસાવવી જરૂર બનશે.

**પ્રશ્ન : વર્ગખંડમાં વિદ્યાર્થી અને શિક્ષક, વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓ વચ્ચે કઈ-કઈ બાબતો ઉપર કાર્ય થાય છે ?**

- પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ
- પાઠ્યપુસ્તક આધારિત પ્રવૃત્તિઓ

**પ્રશ્ન : વિદ્યાર્થી દ્વારા વર્ગમાં કઈ-કઈ પ્રવૃત્તિઓ થાય છે ?**

- રમતો
- ગીત-અભિનય
- વિવિધ વસ્તુ/મોડેલ/નમૂનાઓનું નિર્માણ
- ચિત્રકામ

(આ ઉપરાંત જે-જે જવાબ મળે તેની નોંધ તાલીમાર્થી મોડ્યુલમાં કરવી.)

**પ્રશ્ન : આ પ્રવૃત્તિઓ પૈકી કઈ-કઈ પ્રવૃત્તિઓ અન્ય વિદ્યાર્થીઓ, વાલીઓને બતાવવાથી વિદ્યાર્થીને પ્રોત્સાહન આપી શકાય ?**

- ચિત્રકામ
- વિવિધ નમૂના
- સારું લખાણ
- સંગ્રહની પ્રવૃત્તિઓ

**પ્રશ્ન : તમારા વર્ગના ૩ વિદ્યાર્થીઓએ નીચે મુજબની પ્રવૃત્તિઓ કરેલ છે. તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે તમે તેને ક્યાં-ક્યાં મૂકશો ?**







- ફોટા-૧ની પ્રવૃત્તિને વર્ગમાં કોઈ ટેબલ, ખૂણા કે બારીમાં મૂકવી જોઈએ.
- ફોટા-૨ની પ્રવૃત્તિને વર્ગમાં સોફ્ટ બોર્ડ હોય ત્યાં ત્યાં લગાડી શકાય.
- ફોટા-૩ની પ્રવૃત્તિને વર્ગમાં અથવા વર્ગની બહાર પ્રવેશ દ્વારે રંગોળીની જેમ ગોઠવવી જોઈએ.

**પ્રશ્ન : ૩ દર્શાવેલ ત્રણેય ફોટામાં મુખ્ય ભેદ શો છે ?**

- ફોટા-૧ અને ફોટા-૩ની પ્રવૃત્તિઓ થ્રીડી (ત્રિપરીમાણીય) છે. જે બોર્ડ ઉપર ચિપકાવી શકાય તેવી નથી.
- ફોટા-૨ની પ્રવૃત્તિ ટુડી (દ્વિપરીમાણીય) છે. જેમાં કરેલ ચીટકકામને ડિસ્પ્લેબોર્ડ પર ચિપકાવી શકાય તેવી છે.

**વિવિધ પ્રકારના ડિસ્પ્લે ફોટા :**



ટુડી/થ્રીડી નમૂના ડિસ્પ્લે



ચિટકકામ - રંગકામ ડિસ્પ્લે



રંગકામ-છાપકામ ડિસ્પ્લે



થ્રીડી નમૂનાનું ડિસ્પ્લે



થ્રીડી નમૂનાનું ડિસ્પ્લે



ભીંત ઉપર અને સ્ટેન્ડ ઉપર ડિસ્પ્લે



કબીહોલ ડિસ્પ્લે




અનાજ-કઠોળનું ડિસ્પ્લે



ભૌતિક આકારોનું ડિસ્પ્લે

**પ્રશ્ન : ૪ વિદ્યાર્થીએ કરેલ કાર્યનું ડિસ્પ્લે કરવાથી શું ફાયદો થાય ?**

- પ્રત્યેક વિદ્યાર્થીને પ્રોત્સાહન મળે.
- વિદ્યાર્થીએ કરેલા કામને અન્ય વિદ્યાર્થીઓ જોઈ શકે.
- વિદ્યાર્થીનું સાતત્યપૂર્ણ મૂલ્યાંકન કરી શકાય.

## પ્રશ્ન : ૫ વિદ્યાર્થીકાર્યના પ્રદર્શન (ડિસ્પ્લે) દરમિયાન કઈ-કઈ બાબતોને ધ્યાને રાખવી જોઈએ ?

- ડિસ્પ્લે પર ઉત્તમ બાબત જ પ્રદર્શિત થાય એના કરતાં તમામને પ્રતિનિધિત્વ મળે તે ધ્યાને રાખવું.
- ડિસ્પ્લે કાર્ય સમયાંતરે બદલતા રહેવું જોઈએ.
- થીમબેઝ ડિસ્પ્લે (કોઈ વિષય, પ્રસંગ, ઉત્સવ આધારિત બાબતો નવરાત્રિ દરમિયાન નવરાત્રિના ફોટા, ઉતરાયણ, પ્રવાસ, ચિત્રો... સુંદર લેખન દરમિયાન ઉતરાયણની બાબતો) કરાવી શકાય.
- ડિસ્પ્લેમાં મૂકાયેલ બાબતો ઉપર સારા-નરસાની તુલના ટાળવી.

ભાગ-૧ : ૪૦

**નીચે જણાવ્યા પ્રમાણે બાળકના કાર્યો પ્રદર્શિત કરી શકાય.**

- વર્ગમાં ભાષા, પર્યાવરણ અને ગણિત વિષયમાં વિદ્યાર્થી કેટલીક સામગ્રી બનાવે છે. આ સામગ્રી (પ્રવૃત્તિ) પૈકી દ્વિપરિમાણીય સામગ્રી અથવા કૃતિઓને ડિસ્પ્લે બોર્ડ પર મૂકી શકાય.
- 'રેઈનબો' અંતર્ગત ચિત્રકામ, ચીટકકામ, રંગપૂરણી જેવા ક્ષેત્રોમાં કરેલા કામને ડિસ્પ્લે કરવું જોઈએ.
- 'રેઈનબો' અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા બનતી ત્રિપરિમાણીય કૃતિઓ જેવી કે માટીકામ, મોડેલ વગેરે સામગ્રીને વર્ગમાં કોઈ જગ્યાએ ગોઠવી પ્રદર્શિત કરી શકાય.
- અઠવાડિયામાં એકાદ વખત પાંચ-છ વિદ્યાર્થીઓની વર્કબુકનું પ્રદર્શન યોજી શકાય. દરેક વિદ્યાર્થી તેને જૂથે અને વર્કબુકની ઉત્તમ સ્થિતિ વિશે જાણી શકે.
- માસને અંતે વાલી મિટિંગ યોજી વિદ્યાર્થીઓ દ્વારા થયેલ પ્રવૃત્તિ/કાર્યોનું નિદર્શન કરાવી શકાય.

વિદ્યાર્થી દ્વારા થયેલ ડિસ્પ્લેકાર્યની કૃતિઓ/પ્રવૃત્તિઓને પોર્ટફોલિયોનો ભાગ બનાવી તેમાં સંગ્રહ કરાવવો.

# પ્રજ્ઞા અભિગમ અને આપણી ભૂમિકા

પ્રજ્ઞા અભિગમ એક નૂતન અભિગમ છે. આ અભિમની સ્થિરતા અને સ્વીકાર માટે વર્ગખંડમાં કાર્યરત, શિક્ષક, શાળાના મુખ્ય શિક્ષક, હેન્ડહોલ્ડિંગ કાર્ય કરતા બી.આર.પી. પ્રજ્ઞા, બી.આર.પી. અને સી.આર.પી. કો-ઓર્ડિનેટર તમામે પોતાની ભૂમિકા જાણવી જરૂરી છે.

અહીં 'પેનલ ડિસ્કશન' દ્વારા તમામની ભૂમિકા કેવી રીતે દર્શાવી શકાય તે હેતુ સંવાદ મૂકેલ છે. તાલીમ દરમિયાન જ્યારે પણ આ વિષય લેવાનો થાય ત્યારે કુલ-૬ વ્યક્તિઓને અગાઉથી સંવાદ આપવા અને ત્યાર બાદ આ વિષયનું નિદર્શન યોજવું.

(મંચ ઉપર કુલ-૬ વ્યક્તિ બેઠા છે. શાળાની ઑફિસનું દશ્ય છે, ત્યાં તેઓ પ્રજ્ઞા અભિગમ વિશે તેઓ ચર્ચા કરશે. દરેક વ્યક્તિને ઓળખી શકાય તે માટે ગળામાં ઓળખકાર્ડની ટેગ પહેરાવવી.)

વ્યક્તિ - ૧ : પ્રજ્ઞાવર્ગના શિક્ષક

૨ : શાળાના આચાર્ય

૩ : બી.આર.પી. પ્રજ્ઞા

૪ : સી.આર.સી કો.ઑડિનેટર

૫ : બી.આર.સી. કો.ઑડિનેટર

૬ : એક વાલી

(દશ્ય-૧ શાળાના આચાર્યશ્રી પોતાનું કાર્ય કરે છે. બી.આર.સી. કો-ઑડિનેટર અને સી.આર.સી. કો-ઑડિનેટર પ્રવેશે છે.)

આચાર્ય : અરે આવો... આવો બી.આર.સી. કો-ઑડિનેટર સાહેબ. આવો સી.આર.સી. કો-ઑડિનેટર સાહેબ.

બંને : નમસ્તે. કેમ છો, રમેશભાઈ ?

આચાર્ય : મઝામાં. મને હતું જ કે તમે આવશો. આજે શાળામાં સવારથી જ બી.આર.પી. અને અમારા પ્રજ્ઞા વર્ગ લેનારા શિક્ષકો કામે લાગી ગયા છે. સાહેબ તમે તો ભાઈ જબરી તાલીમ આપી છે. બંને જણા વર્ગ સજાવા, બધું તૈયાર કરવા લાગી ગયા છે.

બી.આર.સી. કો-ઑ : હા, તેમને પ્રજ્ઞા અભિગમની તાલીમ આપેલ છે. અરે હા, તેમને અને બી.આર.પી. પ્રજ્ઞાને તો અહીં બોલવો. અમારે કેટલીક વાતો તેમની સાથે કરવી છે.

આચાર્ય : (ઘંટડી વગાડી) અરે, મુકેશભાઈ અને પેલા બી.આર.પી. મિત્રને અહીં મોકલો. (બંને આવે છે.)

શિક્ષક અને બી.આર.સી. : અરે, નમસ્તે સાહેબ, કેમ છો ? તમે આવ્યા આનંદ થયો.

CRC Co : હા. ભાઈ, એ તો અમારી ફરજ છે. તમે પ્રજ્ઞા અભિગમમાં કાર્ય શરૂ જ કરવાના છો ત્યારે અમારે તમને મદદ કરવી જ જોઈએ.

BRP : (બી.આર.સી.ને ઉદ્દેશીને) જૂઓ સાહેબ, તમારી સૂચના અનુસાર આ આચાર્યશ્રીને વર્ગમાં જરૂરી રંગરોગાન કરાવી દીધું છે. બાળકોને બેસવા માટેની વ્યવસ્થા, વર્ગમાં જરૂરી હવા ઉજાસ માટે પંખા લાઇટની વ્યવસ્થા કરી દીધી છે.

BRC-Co : (આચાર્યને...) રમેશભાઈ, પ્રજ્ઞાવર્ગની ગ્રાન્ટ તમારા ખાતામાં નાંખી છે. તેમાંથી રેક તૈયાર કરવાનો હતો.

વાલી : (BRCને ઉદ્દેશીને) અરે... અરે સાહેબ, આવા બધા કામ માટે અમારા આચાર્યશ્રીને શું કામ તકલીફ લેવાની ? અમારી SMCની સક્ષમ છે સાહેબ. અમે જ ઠરાવ કરી ગ્રાન્ટને આધારે મસ્ત રેક તૈયાર કરાવી દીધા સાહેબ.

BRC-Co : વાહ... બહુ જ સરસ. પ્રજ્ઞા અભિગમમાં વાલી અને SMCની જાગૃતિ પણ જરૂરી છે. તમે તો પહેલા દિવસથી જ રસ લેવો શરૂ કર્યો.

આચાર્ય : જૂઓ સાહેબ, (BRCને ઉદ્દેશી) અમારી શાળાનો રિવાજ છે. પહેલાં અને બીજા ધોરણમાં પાયાનું શિક્ષણ હોય. તેમાં અમારા મુકેશભાઈ એકદમ ફીટ શિક્ષક છે. મેં તેમની જ પસંદગી કરી.

BRP : સાહેબ... મેં અને સી.આર.સી. કો. બંનેને મુકેશભાઈના વર્ગમાં પ્રજ્ઞા સાહિત્ય કેમ ગોઠવવું ? હાજરીપત્રક કેમ બનાવવા તે શીખવી દીધું છે.

CRC Co : અને મેં ટુકડી વિભાજન અને પ્રારંભિક શિક્ષણ પાસે બેસાડી ને કરાવ્યું.

આચાર્ય : સાહેબ, અમારી શાળામાં પાછું એ'ય ખરુ કે આ પ્રોગ્રામ એકલા મુકેશભાઈનો નહીં...! આખી શાળાનો છે. એટલે રિશેષમાં મુકેશભાઈએ બધા જ શિક્ષકોને પ્રજ્ઞા અભિગમની જાણકારી જ આપી.

વાલી : બહુ સાચી વાત સાહેબ અને અમને SMC અને વાલીઓને પણ-દફતર કેમ નહીં લાવવાનું ? ગૃહકાર્ય કેમ નહીં અપાય ? વિષયોનું શિક્ષણ કેવી રીતે થશે ? બાળકનું પ્રગતિમાપન કેવી રીતે જોવાનું ? બાળકની પ્રોફાઈલ અને પોર્ટફોલિયો કેવી રીતે જોવો-તે બધી જ બાબત અમારા CRC સાહેબે આપી. સાચું કહું સાહેબ, આ CRC સાહેબ તો ..... અમારા બાળકોના જ સાહેબ હોય એમ કામ કરે છે. જાણે ગામના વાલી બની શાળાની ચિંતા કરે છે.

BRC : હા, એ જ તો એમનું કામ છે. હવે પ્રજ્ઞા અભિગમ અંતર્ગત તે તમને અવારનવાર નવું-નવું જણાવશે. શિક્ષકોને વર્ગમાં જઈને મદદ કરશે.

CRC : પણ સાહેબ... આ ગામના વાલીઓ પણ પોતાની ફરજ જરાય ચૂકતા નથી. હું તો નિમિત્તમાત્ર છું. બાકી આ સુંદર પોર્ટફોલિયો પ્રોફાઈલ, પેન્સિલ, સંચા, રબર, કલરની ખાલી વાત કાને નાંખી ને આખું વરસ ચાલે એટલું આપી દીધું.

શિક્ષક : જૂઓ કાકા, પ્રજ્ઞા અભિગમમાં તમારા બાળકોને અમારે વ્યક્તિગત ભણાવવાનું છે. તેમાં મારો સ્ટાફ અને મારા આચાર્યશ્રીતો સતત મદદમાં આવીને ઊભા જ હોય છે અને તમેય સાથે હોવ એટલે સોનામાં સુગંધ ભળે.

BRC-Co : ભાઈ આજકાલ શિક્ષણ એ કાંઈ એકલાથી ચાલે એમ નથી. બધા ભેગા મળી કામ કરીએ તો જ મઝા આવે.

વાલી : પણ સાહેબ એ તો કહો, આ નવા ભાઈ BRP છે કોણ ? તે શું કરશે ?

BRC-Co : જૂઓ કાકા, પ્રજ્ઞા અભિગમ એ નવા જ પ્રકારની શિક્ષણ પદ્ધતિ છે. અહીં વર્ગમાં કામ કરતાં શિક્ષકને મદદ કરવા BRP પ્રજ્ઞાની નિમણૂક કરાઈ છે.

વાલી : સાહેબ તો... તો એ રોજ પ્રજ્ઞામાં શિક્ષકને મદદ કરવા આવશે એમ જ ને...?

BRC-Co : ના... ના.... કાકા. આપણા તાલુકામાં ૫૦ જેટલી શાળાઓમાં આ અભિગમથી શિક્ષણકાર્ય શરૂ થયું છે. તેથી તે રોજ તો નહીં આવે. પરંતુ શિક્ષકોને જ્યારે-જ્યારે જરૂર જણાશે ત્યારે આવશે. પણ હા, આ તમામ CRC Co નિયમિત આવશે.

CRC Co : જૂઓ કાકા, હું અઠવાડિયામાં બેથી ત્રણ દિવસ આ શાળામાં આવું છું. હું કોઈ પણ વર્ગમાં ઈન્સ્પેક્શન કરવા નહીં પણ મદદ કરવા જ જાઉં છું. જરૂર જણાય ત્યાં બાળક, શિક્ષક કે આચાર્યને મદદ કરું છું. હવે પ્રજ્ઞા વર્ગમાં બાળકોની સિદ્ધિ તપાસવી, તેમના પોર્ટફોલિયો-પ્રોફાઈલ તપાસવા તથા તમારા બધા જોડે પ્રજ્ઞા અભિગમની વાતો કરવી.

આચાર્ય : (BRC-Coને ઉદ્દેશીને) સાહેબ, મારે સવિશેષ કઈ વધુ કામ કરવાનું થશે ?

BRC-Co : ના... ના... પણ અભિગમ નવો છે. સતત શિક્ષકો અને બાળકોનો ઉત્સાહ ટકાવી રાખજો. શિક્ષકોને TLM માટે વધુ નાણાંની જરૂરિયાત હોય તો શાળા ગ્રાન્ટમાંથી આપજો. તમે પણ પ્રજ્ઞાવર્ગમાં શિક્ષકો સાથે બેસજો.

શિક્ષક : સાહેબ, આ બધું જ કામ આચાર્યશ્રીએ સમયસર કરી દીધું છે. બસ હવે તો પ્રજ્ઞાવર્ગમાં બાળકો સાથે બેસી ધીરજપૂર્વક એક-એક બાળકને શિક્ષણ આપવું શરૂ કર્યું છે. સાથે જ પ્રગતિમાપન નોંધ, પોર્ટફોલિયો-પ્રોફાઈલ અપડેટ કરવા, વર્કબુક તપાસવી એ બધું જ રૂટિનમાં ચાલે છે. સાથો-સાથ થોડા-થોડા વાલીઓને પણ પ્રજ્ઞા અભિગમનું અમારું કામ જોવા બોલાવીએ છીએ.

વાલી : ભાઈ વાહ... બી.આર.સી. સાહેબ જબરું છે તમારું તંત્ર, બધાને બધી ભૂમિકા બરાબર ખબર છે.

BRP : હા... કાકા... અને પાછી અમારી બી.આર.સી. પર મિટિંગ થાય તેમાં અમે પણ બધા ભેગા મળી તાલીમ કરીએ છીએ. ચર્ચાઓ કરીએ અને નક્કર આયોજન વિચારીએ.

BRC Co : ચાલો ત્યારે, તમને આ અભિગમની શુભેચ્છાઓ છે. આપણા બાળકોને શ્રેષ્ઠતમ્ શિક્ષણ મળે તેવો આ પ્રયાસ છે. આપણે સહુ સારી રીતે કામ કરીએ.

આચાર્ય : આવજો બધા...

# કોમ્યુનિટી મોબિલાઈઝેશન

પ્રજ્ઞા અભિગમ આધારિત શિક્ષણકાર્ય સમુદાય માટે નવી બાબત છે. વિદ્યાર્થીની શીખવાની અને શિક્ષકની શીખવવાની પદ્ધતિમાં ફેરફાર થવાથી વાલી-સમુદાયમાં પ્રજ્ઞા અભિગમ માટેની જાણકારી/સમજ બનવી જરૂરી છે.

આ વિષય અંતર્ગત કોમ્યુનિટીને કઈ-કઈ બાબતો પરત્વે જાણકારી આપી શકાય તે બાબતો તાલીમાર્થીઓને જણાવવી.

- **પ્રજ્ઞાવર્ગમાં અભ્યાસ કરતાં બાળકના વાલી સાથે ક્યારે-ક્યારે બેઠક યોજવી જોઈએ ?**

**(૧) વર્ષના પ્રારંભમાં વાલીઓ સાથેની બેઠકના ચર્ચાના મુદ્દા - પ્રજ્ઞાવર્ગની વિશેષતાો :**

- બાળકનું વ્યક્તિગત શિક્ષણકાર્ય થાય છે.
- બાળકની ગતિ અનુસારનું શિક્ષણકાર્ય.
- બાળકને શીખવા માટે આકર્ષક અધ્યયન સામગ્રી આપવામાં આવેલ છે.
- શિક્ષકો દ્વારા વિષય શિક્ષણ.
- બાળકોને બેસવા માટે તથા પ્રવૃત્તિ કરવા માટે જરૂરી સાધન-સામગ્રી આપવામાં આવે છે.
- ધોરણ-૧ અને ૨માં દફ્તર લાવવાનું નથી.
- ધોરણ૩ થી ૫માં જરૂરિયાત અનુસારનું હોમવર્ક.



- સંપૂર્ણ અભ્યાસક્રમ આધારિત શિક્ષણ.
- બાળકોની પ્રગતિની જાણકારી નિયમિત રીતે અપડેટ થાય છે તથા બાળક અને વાલી ગમે ત્યારે જોઈ શકે છે.
- બાળક માટેના TLMનું પ્રદર્શન.

**(૨) સમયાંતરે યોજાતી વાલી બેઠકના ચર્ચાના મુદ્દા :**

*ભાગ-૧ : ૨૨*





- બાળકે કરેલ શૈક્ષણિક પ્રગતિની પ્રગતિમાપનને આધારે જાણકારી.
- બાળકે કરેલ પ્રવૃત્તિઓ અંતર્ગત પોર્ટફોલિયો નિદર્શન અને જાણકારી.
- બાળકની પ્રોફાઈલની નોંધ અંગેની જાણકારી.
- મુલાકાતીઓએ પ્રજ્ઞાવર્ગ અંગે કરેલી નોંધ, ટિપ્પણીઓ અને માર્ગદર્શનની જાણકારી.
- બાળકોનું વાસ્તવિક વર્ગખંડનું કાર્ય.
- શિક્ષકે નોંધેલી સક્સેસ સ્ટોરીની જાણકારી.
- વિદ્યાર્થીએ કરેલ સ્વઅધ્યયનપોથી, જાતે શીખીએ, જાતે કરીએ અંતર્ગત કરેલ પ્રવૃત્તિઓનું નિદર્શન.

# FAQs

પ્રજ્ઞાવર્ગમાં કાર્ય કરતી વખતે કેટલીક વાર વિવિધ પ્રશ્નો ઉદ્ભવવા સંભવ છે. તાલીમના વિવિધ વિષયોમાં મોટા ભાગની પ્રક્રિયા દ્વારા પ્રશ્નોના ઉકેલ માટે માર્ગદર્શન આપવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય પ્રશ્નો અને તેના ઉત્તરો વર્ગખંડામાં કાર્ય વધુ કરતી વખતે મદદ કરશે.

**(૧) એક કાર્ડ પર એકથી વધુ વિદ્યાર્થી આવે તો શું કરશો ?**

- એક કાર્ડ પર એકથી વધુ વિદ્યાર્થી આવે તો તેમની રસ, રુચિ અને જરૂરિયાતના સંદર્ભમાં મહાવરો કરાવવો. ચેલેન્જિંગ ટાસ્ક આપી વિદ્યાર્થીને કાર્ડ પર એક સાથે આગળ વધવાની ગતિને નિયંત્રિત કરવી. આમ છતાં બંને સાથે આગળ વધે તો તે કાર્ડને શીખવા માટેની જરૂરી સામગ્રી એક કરતાં વધુ રાખવી.

**(૨) નોનપ્રજ્ઞા શાળામાંથી આવેલા વિદ્યાર્થીને કયા માઈલસ્ટોન પર મૂકશો ?**

- નોનપ્રજ્ઞા શાળામાંથી આવેલા વિદ્યાર્થીનું નામ LCમાં દર્શાવેલ ધોરણને આધારે જે-તે ધોરણના રજિસ્ટરમાં નોંધવું. તેના પૂર્વજ્ઞાનને તપાસી જે-તે વિષયમાં માઈલસ્ટોન પર મૂકી તેના અભ્યાસની શરૂઆત કરવી. દા.ત. ધોરણ-૨માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને ગણિતમાં કયા માઈલસ્ટોનથી અભ્યાસ શરૂ કરાવવો ? આવા વિદ્યાર્થીને શ્રેણી-૧થી ૫ માઈલસ્ટોનના શાહમૃગના કાર્ડ તેમ જ બિલોરીકાચના સિમ્બોલવાળી વિભાગીય પુનરાવર્તન કસોટી લઈ તેને ઉપચારાત્મક કાર્ય કરી આગળ વધારવા.

**(૩) પ્રજ્ઞાવર્ગનો વિદ્યાર્થી શાળા છોડી બીજી શાળામાં જાય ત્યારે તેના LCમાં ધોરણની નોંધમાં શું લખશો ?**

- પ્રજ્ઞાવર્ગનો વિદ્યાર્થી શાળા છોડી બીજી શાળામાં જાય ત્યારે તેના LCમાં જે-તે ધોરણના રજિસ્ટરમાં તેનું નામ બોલાવું હોય તે ધોરણનો ઉલ્લેખ કરવો. સામાન્ય વર્ગના વિદ્યાર્થીની જેમ જ તેના ધોરણની નોંધ LCમાં કરવી.

**(૪) ૧ થી ૫ ધોરણની શાળામાં ફક્ત બે જ શિક્ષક હોય ત્યાં પ્રજ્ઞા વર્ગની વ્યવસ્થા કઈ રીતે કરશો ?**

- ૧ થી ૫ ધોરણની પ્રજ્ઞાશાળામાં એક શિક્ષકે ધોરણ-૧ અને ૨નું યુનિટ ચલાવવું. જેમાં પહેલાં દિવસે ગુજરાતી-પર્યાવરણ અને બીજા દિવસે ગણિત-રેઈનબો વિષય લેવા.
- બીજા શિક્ષકે ધોરણ ૩-૪નું યુનિટ લેવું. જેમાં ધોરણ-૫ના વિદ્યાર્થીઓને બેસાડવા. શીખવવાના સમાન અધ્યયન વિષયો અને ક્ષેત્રો વખતે ધો.૩-૪-૫ને સાથે જોડવું.
- જો આવી શાળામાં ધો. ૧ થી ૪માં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તો એક શિક્ષકે ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓને છાબડી વાઈઝ બેસાડી પ્રજ્ઞાવર્ગનું સંયુક્ત યુનિટ ચલાવવું. બીજા શિક્ષકે ધોરણ-૫ લઈને શાળાનું વહીવટીકાર્ય પણ ચલાવી શકે.

**(૫) ધોરણ-૫માં પ્રજ્ઞાવર્ગમાં યુનિટ કેવી રીતે ગણવું.**

- જે શાળામાં ધોરણ-૫નો એક જ વર્ગ હોય ત્યાં એક જ શિક્ષક આધારિત એક યુનિટ ચલાવવું. જેમાં એક જ શિક્ષક તમામ વિષયો શીખવશે.

- જે શાળામાં ધોરણ-૫ના બે વર્ગ હોય ત્યાં ઉપર મુજબ બે અલગ-અલગ યુનિટ ચલાવવા.
- આ ઉપરાંત જો એક શાળાના બે શિક્ષકો અને યુનિટના વિદ્યાર્થીનો વિષય શિક્ષણ આધારે (ધોરણ-૧ થી ૪ પ્રજ્ઞા અભિગમ) શીખવી શકે.

**(૬) ધોરણ-૧ અને ૨ તથા ધોરણ-૩ અને ૪માં ઓછી સંખ્યા (એક જ ટૂકડી જેટલી) હોય તો કેટલા શિક્ષકોથી એક યુનિટ ચલાવી શકાય ?**

- ધોરણ-૧ અને ૨ તથા ધોરણ ૩-૪માં ઓછી સંખ્યા હોય તો એક જ શિક્ષકે એક જ રૂમમાં ત્રણ રેક ગોઠવી, ત્રણેય વિષયની છાબડીઓ તેમ જ સાહિત્ય ત્યાં લગાવી પ્રજ્ઞાવર્ગનું વ્યવસ્થાપન કરવું.

**(૭) પ્રજ્ઞાવર્ગનો શ્રેણી-૩માં અભ્યાસ કરતો વિદ્યાર્થી બીજી શાળામાં અભ્યાસ કરવા માટે શાળા છોડી જાય તો વર્ગ શિક્ષક/વિષયશિક્ષક તરીકે તમે કઈ બાબતો આપશો અને તેમાં શાની નોંધ કરશો ?**

- પ્રજ્ઞાવર્ગમાં શ્રેણી-૩માં અભ્યાસ કરતો વિદ્યાર્થી બીજી શાળામાં અભ્યાસ કરવા જાય તો વર્ગશિક્ષક/વિષયશિક્ષકે પ્રગતિમાપન રજિસ્ટરને આધારે તેની પ્રોફાઈલમાં માસવાર પ્રગતિની કરેલ નોંધ તથા તેમાં તેણે કેટલો અભ્સાયપૂર્ણ કરેલ છે તેની નોંધ આપવી.

**(૮) એક વિદ્યાર્થી ધોરણ-૧માં અભ્યાસ કરે છે. વર્ષાન્તે તેણે ગણિતમાં સાત જ માઈલસ્ટોન પૂર્ણ કર્યાં. નવા સત્રથી આ વિદ્યાર્થીનું નામ કયા ધોરણના રજિસ્ટરમાં લખશો ? ગણિત વિષયમાં તેના શિક્ષણની શરૂઆત કયા માઈલસ્ટોનથી કરવી ?**

- નવા સત્રથી આ વિદ્યાર્થીનું નામ ધોરણ-૨ના હાજરીપત્રકમાં નોંધવું. આ વિદ્યાર્થીએ ગણિતમાં સાત માઈલસ્ટોન પૂર્ણ કરેલ હોવાથી સત્રની શરૂઆતમાં તેનો અભ્યાસ ૮માં માઈલસ્ટોનથી શરૂ કરવાનો રહેશે.

**(૯) પ્રજ્ઞા અંતર્ગત મળતી શિક્ષક ગ્રાન્ટનો ઉપયોગ કેવી રીતે કરવો ?**

- પ્રજ્ઞા અંતર્ગત મળતી શિક્ષક ગ્રાન્ટનો ઉપયોગ સપ્તરંગી પ્રવૃત્તિ માટે રો-મટિરિયલ્સ ખરીદવા, પેન્સિલ, રબર, શાર્પનર જેવી પાયાની જરૂરી શૈક્ષણિક સામગ્રી, પોર્ટફોલિયો-પ્રોફાઈલ તૈયાર કરવા તેમજ TLM સામગ્રી નિર્માણ માટે કરવો. ખરીદીના બિલ/વાઉચર યોગ્ય નિયમાનુસાર નિભાવવાના રહેશે.

**(૧૦) પ્રજ્ઞાવર્ગ લેતા શિક્ષકોએ 'ADEPTS' અંતર્ગત નોંધપોથી નિભાવની કે નહીં ?**

- પ્રજ્ઞાવર્ગો લેતા શિક્ષકોએ 'ADEPTS' અંતર્ગત આપવામાં આવેલી નોંધપોથી નિભાવવાની રહેશે. સામાન્ય વર્ગ લેતા શિક્ષકોની જેમ જ 'ADEPTS'ની માહિતી નોંધવાની રહેશે.

# નોંધ